૮. અવસ્તાનાં ધર્મ પુસ્તકોના આએ ત્રણ ભાગો—**ગાથા, દાત** અને **માંથ્રની** વહેંચણી વિષે દીનકર્દનાં ત્રીજા પુસ્તકની શરૂઆતમાં લખાણ મળે છે (જુઓ દસ્તુર સાહેબ પેશોતનજી બે. સંજાણાએ તરજુમો કરી પ્રગટ કીધેલી **દીન્કર્દ**, વોલ્યુમ, ૧ લું પાનું ૧.) ત્યાં એમ કહેવામાં આવે છે કે ગાથા સઘળા અહુરમજદે જરથુસ્ત્રને કહ્યા હતા, માંથ્રો **યથા-અહુ-વઇર્યોનાં** ભણતર પરથી ઉપજાવેલી છે, અને તેઓમાં ખોદાની પોતાની સર્વે જોવાની શક્તિ વિષે અને તેની પેદાયશ વિષે એશારો કરવામાં આવ્યો છે, જેથી એમ ઠરે છે કે તેઓમાંનો કોઇબી ભાગ માણસનાં ડહાપણથી અથવા તે વખતની કથાઓ ઉપરથી રચાયલો હોવો નહી જોઇએ.

(૫) અને દીનનાં[૧] શિક્ષણનાં વર્ણનના[૧] ત્રણ ભાગોનું કારણ તે જે દીનનું સંપૂર્ણ જ્ઞાન, ફરમાનોને અમલમાં મુકવા, અને એ દીનની દાનાઇ

હધ-માંથ્ર વિષે ડા૦ વેસ્ટ નીચે મુજબ લખે છેઃ—"**હાદફ્-માંન્સરીક્** કોણને કહે છે તે બરાબર સમજ પડતું નથી, તે બોલ અવસ્તા **હધ-માંથ્ર** "માંથ્ર સાથના," ઉપરથી નીકળેલો છે. એ નામ **વિસ્પરદ** ૧૩.૧માં **જરતૂશ્તને**, અને ચોકસ ભણતરમાં માંથ્ર-સ્પેન્તને લાગુ પાડવામાં આવે છે (જુઓ Westergaard Z. A. પાનું ૪૮૫). જ્યારેબી **વિશ્તા-સ્પ યશ્ત** (જે **હધ-માંથ્ર** નસ્કનો એક બાકી રહેલો ભાગ છે તે) ભણવામાં આવે છે ત્યારે એ નામ સાથનું એક વાકય પણ તે ભણતર સાથ બોલવામાં આવે છે, તેવીજ રીતે એક બીજું વાકય, કાયદાને લગતું, તેજ જગોએ **વંદીદાદનાં** ભણતરમાં વાપરવામાં આવે છે. **હધ-માંથ્રનાં** નસ્કો કેવી રીતે "માથ્ર ધરાવતાં" કહેવાય તે પ્રકરણ ૫-૯માં આવેલી હકીકત પરથી ખુલ્લું જણાતું નથી, પણ એ શબ્દનો અર્થ કાંઇ "અર્ધું ધર્મી" જેવો થતો હોવો જોઈએ, કારણ કે તે નામની ફીલસુફી અને શાસ્ત્ર કાંઈ પુરેપુરાં ધર્મને લગતાં નથી, તેમજ વળી તદન દુન્યવી પણ નથી." (જુઓ S. B. E. Vol. XXXVII, પાનું ૪, નોટ ૨.)—ડા૦ વેસ્ટે આપેલા ખોલાસા ઉપરાંત એક બીજો ખુલાસો સુચવી શકાય એમ છે. આપણી પાસની હાલની હૈયાત અવસ્તા કેતાબોનાં આપણાં જ્ઞાન પરથી એટલું જણાય છે કે, જેમ ગાથાનાં અને દાતનાં નસ્કો, હાઓ અને ફ્રગર્દોમાં વહેંચાયલાં છે તેમ, કોઈબી અવસ્તાનું પ્રકરણ પુરેપુરૂં મ્રાંથને લગતુંજ છે એમ જણાવવું અશકય છે, જોકે ગાથામાંથી અને વંદીદાદમાંથી એવાં પ્રકરણો આપી શકાય છે. કેટલાંક અવસ્તાનાં પ્રકરણો થોડાક માંથ્રના ફકરાઓ ધરાવે છે તેથી તે પ્રકરણોને ફકત **હધ-માંથ્રનાં,** "માંથ્રો સાથનાં" અથવા "માંથ્રો ધરાવતાં," અને નહીં કે ફકત માંથ્રનાં કહેવાં જોઇએ.

દીનકર્દનું ૬ ઠું પુસ્તક જે તેનાં વોલ્યુમો ૧૦-૧૩ માં તરજુમો કરીને મેં પ્રગટ કર્યું છે તેમાં અવસ્તાની ત્રણ ભાગમાં કરેલી વહેંચણી વિષે લાબું લખાણ આવેલું છે. તે પુસ્તકની લગભગ વચ્ચે (જુઓ મારૂં વોલ્યુમ ૧૧, ફકરો ૨૦૬, પાનું ૬૯, લાઇન ૩) નિચલો ફકરો મળે છેઃ—

અફ્શાન્ દેના-ઇચ્ઃ—આંન્ચૂન્ દાશ્ત્ અઇધ્ અન્શ્તા દેના ૩ અઇનીનગ્ઃ અએવગ્ ગાસાનીગ્, વ અએવગ્ હાદ-માંન્સ્રીગ્, વ અએવગ્ દાતીગ્. ઓલા ઇ ગાસાનીગ્ હમીહ્ લેવતા યજ્દાન્, વ વીચગ્-હઇતગીહ્ મિન્ શએદાન્ વ દ્રૂજાન્, વ ખ્વાસ્તગ્-પત્માન્ મિન્ દાહ્મ્ વ ગીવર્, વ પવન્ વિનાસ્ ઇ વબી-દૂનચેન્ શર્મ વ અવીનિશ્ન્ પાત્ક્રાસ્. વ જક્ ઇ હાદગ્-માંન્સ્રીગ્ હમીહ્ લેવતા યશ્રૂબાન્, અફ્શ્ વીચગ્-હ્ઇતગીહ્ મિન્ દ્રવન્દાન્, અફ્શ્ ખ્વાસ્તગ્-પત્માન્ જક્ ઇ ફ્રારૂન્ વબીદૂનીહ્યેન્, વ પવન્ વિનાસ્ ઇ વબીદૂનાં અસ્ત્ર ઈ સ્રઓશો-ચરનામ્ ખરૂસ્ત્ર અવજ્દન્, વદ્-ખાનાન્ તૂખ્તન્ પાત્ક્રાસ્ વ જક્ ઈ દાતીગ હમીહ્ લેવતા અઇરાન્, અફ્શ્ વીચગ્-હઇતગીહ્ મિન્ અન્-અઇરાન્, અફ્શ્ ખ્વાસ્તગ્-પત્માન્ મિન્ બબા અએધ્ દાતીહા શાયદ્ કર્દન્, વ પવન્ વિનાસ્ ઇ વબીદૂનાં ગંગ્ જનિશ્ન દએના ચોમ્ પાત્ક્રાસ્. "તેઓ (એટલે અસલના વિદ્વાનો

અને ફરજોનાં નિયમો છે;[2] આએ જે ત્રણ ભાગો (છે) તે અહીં લખવામાં આવ્યાં છે. (૯) તેજ મુજબ અહુનવર[3] જે દીનનાં શિક્ષણનું મુળ

પએઈર્યોતકએશો) આએ પણ એમ માનતા હતા કે માણસો આએ ત્રણ જાતના છેઃ-એક **ગાસાનીગ્**, એક **હાદ-માંનસ્રીગ્**, અને એક **દાતીગ**. જે ગાસાનીગ છે તે ભલી શક્તિઓ સાથે જોડાણ ધરાવે છે, અને દેવો અને દરૂજોથી વેગળા છે; તેઓની મીનોઇ દોલતનું માપ તેઓની અશોઈ અને પુખ્ત બુદ્ધિથી થાય છે; અને તે જે ગુનાહો કરે છે તે માટે શરમની લાગણી ધરાવે છે, અને ભવિષ્યની શિક્ષાની છુપી ફીકરમાં રહે છે. અને તે કે જે **હાતમાન્સ્રીગ** છે તે અશો લોકોની દોસ્તી ધરાવે છે, બુરાઓથી દૂર રહે છે, અને તેની દોલતનું માપ જે કામ પ્રમાણીકપણાંથી તે કરે છે તે છે; અને તે જે ગુનાહો કરે તેને માટે **સ્રઓશો-ચરન**નાં હથ્યાર વડે હાનિકારક જીવડાંઓનો નાશ કરવાની તેની ફરજ છે, અને દોજખની શિક્ષાથી પોતાને બચાવવાની એ તોજેશ છે. અને તે કે જે **દાતીગ્** છે તે ગરીબો સાથે સંબંધ ધરાવે છે, તે મગરૂર લોકોથી દૂર રહે છે, તેની દોલતનું માપ કાયદાની કોર્ટથી છે, એટલે તેને માટે કાયદા મુજબ ચાલવું જરૂરતું છે; અને તે જે ગુનાહો કરે તે માટે શિક્ષા તરીકે **દીન્** રોજે એક મૂર્તિનું દેહરૂં ભાંગી નાખવાની તેની ફરજ છે."

છઠ્ઠાં પુસ્તકમાંના ૭૦ માં ફકરામાં, (વોલ્યુમ ૧૦, પા. ૨૪ લાઇન ૧૧ માં) એમ જણાવેલું છે કેઃ **અફ્શાન્ દેનાઇચ આંન્ગૂન્ દાશત્ અએવ્ હન્દીશિશન્ઇ મઇનૂગીગ્ મિન્ દ્રવન્દીહ્ ઇ ગાસાનીગાન્, વ જફ્ ગએતાઇગ્ મિન્ દૂશ્સ્રૂબીહ્ ઇ હાદગ્-માંન્સ્રીગાન્ વ તર્સ મિન્ પૂહલ્ વ પજ્દ્ ઇ પાતખ્શાએ ઇ દાતીગાન્ (વ) મિન્ વિનાસ્ બરા નત્રૂન્દ્.** "આએ પણ તેઓ એમ માનતા હતા કેઃ મીનોઇ અંદેશો **ગાથા** જાણનારાઓ (**ગાસાનીગાન્**)નાં આડે માર્ગે જવાથી થાય છે; અને દુન્યવી અંદેશો **હધ**-માંથ્ર જાણનારાઓ (**હદગ્-માંન્સ્રીગાન્**)ની ઇજતની ખરાબીથી થાય છે; અને **ચીન્વત્** પુલ પરની શિક્ષાનો ડર અને ઘણું દુઃખ **દાત** જાણનારાઓ (**દાતીગાન્**) જેઓ એવા ગુનાહોથી પોતાનો બચાવ કરતા નથી, તેઓના ગુનાહોથી થાય છે."

૧-૧. **દએન મનીતુનિશન નિકીજ્**; વેસ્ટઃ "દીન જાહેર કરવાનાં શુમારનું બ્યાન ... ..."

૨. એટલે તેમાં સમાયલું છે.

૩. **દીનકર્દ**, પુસ્તક ૮ માં, મુજબ જરતોસ્તી અવસ્તાનું સાહીત્ય અસલ એકવીસ **નસ્ક** (અથવા પુસ્તકો) માં સમાયલું હતું. એકવીસનો આંકડો **અહુનવર**ના એકવીસ શબ્દો સાથ મળતો આવે છે, અને દરેક નસ્ક ખાસ કરીને તેના એક એક શબ્દ સાથ જોડાયલો છે. અસલ અવસ્તા સાહીત્યના **ગાથા**, **દાત** અને **હધ**-માંથ્રમાં કરવામાં આવેલા મુખ્ય ભાગો **અહુનવર**ના ભણતરના ત્રણ કવીતારૂપ લીંટીઓના ભાગો, જે નીચે મુજબ છે, તેની સાથ મળતા આવે છેઃ—

છે, તેમાં કવીતા રૂપી ત્રણ લીંટીઓ છે; તેમાં તે કે જે પહેલી છે તે મુખ્યત્વે[1] ગાથાનું જ્ઞાન બતાવે છે,[1] અને તે કે જે બીજી લીંટી છે તે હધ-માંથ્રનું જ્ઞાન બતાવે છે; અને તે કે જે ત્રીજી છે તે દાતનું જ્ઞાન બતાવે છે.

(૭-૮) તેના ત્રણ મુખ્ય ભાગોના ૨૧ વિભાગો[2] છે, જેને **નસ્ક** કહેવામાં આવે છેઃ—સાત નસ્કો યાને પુસ્તકો **ગાથાના** (છે), કેમકે તેઓને કવિતા રૂપમાં રચવામાં આવ્યા છે; તેઓનાં નામો, એટલે ગાથા સાથની યજશ્નેની ક્રીયામાં જે આવે છે તે, આએ છેઃ **સ્તઓત-યશ્ત**, અને **સૂદ્ગર**, અને **વર્શ્ત-માન્સ્ર**, અને **બગ**, અને **વશ્તગ**, અને **હાદોખ્ત**, અને, જે ગાથાની જબાનમાં લખાયલો **નસ્ક** છે તે, **સ્પેન્દ** છે. (૯) અને સાત નસ્કો હધ-માંથ્રના (છે), (જેનાં) નામો **દામ-દાત**, અને **નાદર**, અને **પાજગ**, અને **રતૂ-દાત-હઇતગ**, અને **બરીશ**, અને **કશ્કીસ્રૂબ**, અને **વિશ્તાસ્પ-સાસ્ત** છે. (૧૦) સાત નસ્કો **દાતનાં** (છે), કેમકે તે કાયદાને લગતી ભાષામાં લખાયલાં છે; તેઓનાં નામો, (એટલે) દાતનાં નસ્કનાં નાંમો આએ (છે): **નીકાદૂમ**, અને **દૂબાસ્રૂજીદ**, અને **હુસ્પારમ્**, અને **સકાદૂમ**, અને **વીદ્-શએદા-દાત**; અને જે કાયદાના **નસ્કો** કે જે જુદી **ખ્શનૂમન્**[3] સાથ રચાયલા છે, તે **ચિત્ર-દાત**, અને **બગાન-યશ્ત**[4] છે. (૧૧) અને,

---

યથા અહુ વઇર્યો, અથા રતુશ્, અશાત્ ચિત્ હચા
વંઘ્હેઉશ્ દઝ્દા મનંઘ્હો, શ્યઓથ્નનાંમ્ અંઘ્હેઉશ્ મઝ્દાઇ
ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ, યિમ્ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ્.

૧-૧. **અવર્ત્ નિમાયેદ્.** ૨. ઉપર આપેલી **અહુનવર**ની બંદગીના એકવીસ શબ્દો અનુક્રમે ૨૧ નસ્કનાં નામને તે જે રીતે ઉપર લખવામાં આવ્યાં છે તેમ લાગુ પાડવામાં આવ્યા છે. એકવીસ નસ્કોના નામો પવિત્ર **અહુનવર**ની બંદેગીના શબ્દો મુજબ આએ છેઃ—**યથા**, સૂદ્ગર્; **અહૂ**, વર્શ્ત-માન્સ્ર; **વઇર્યો**, બગ; **અથ**, દામ-દાત; **રતુશ્**, નાદર્; **અશાત્**, પાજગ્; **ચિત્**, રતૂ-દાત-હઇતગ્; **હચા**, **બરીશ**; **વંઘ્હેઉશ્**, કશ્કીસ્રૂબ્; **દઝ્દા**, વિશ્તાસ્પ—સાસ્ત; **મનંઘ્હો**, વશ્તગ્; **શ્યઓથ્નનાંમ**, ચિત્ર-દાત; **અંઘ્હેઉશ્**, સ્પેન્દ; **મઝ્દાઈ**, બગાન્-યશ્ત; **ક્ષથ્રેમ્ચા**, નીકાદૂમ; **અહુરાઇ**, દૂબાસ્રૂજીદ; **આ**, હૂસ્પારમ; **યિમ્**, સકાદૂમ; **દ્રેગૂબ્યો**, **જવીદ્-શએદા-દાત**; **દદત્**, હાદઓખ્ત; **વાસ્તારેમ્**, સ્તઓત-યશ્ત.

૩. એટલે, આરાધના કરવાનાં જુદાં ભણતર સાથે.

૪. બરાબર રીતે, **બગાન્-યશ્ત**.

પુરેપુરા ક્રમ[1] મુજબ, **સૂદગર, વર્શ્ત-માન્સ્ર, બગ, દામ-દાત, નાદર, પાજગ, રતૂ-દાત-હાઈતિગ, બરીશ, કશ્કીસ્રૂબ, વિશ્તાસ્પ-સાસ્ત, વશ્તગ, ચિત્ર-દાત, સ્પેન્દ, બગાન્-યશ્ત, નીકાદૂમ, દુબાસ્રુજીદ્દ,**[2] **હૂસ્પારમ, સકાદૂમ, જવીદ-શએદા-દાત, હાદ-ઑખ્ત,** અને **સ્તઑત-યશ્ત.**

(૧૨) બધા ત્રણે (ભાગો)માં બધાં ત્રણે[3] જાતનાં નસ્કો સમાયલાં છે; એટલે **ગાથા**નામાં **હધ-માંથ્ર**ના અને **દાત**ના; **હધ-માંથ્ર**નામાં **ગાથા**નાં અને **દાત**ના; અને **દાત**નામાં **ગાથા**નાં અને **હધ-માંથ્ર**ના નસ્કો આવેલાં છે. (૧૩) દરેક ભાગમાં જુદાં જુદાં જે[4] ખાસ અને મુખ્યત્વે કરીને તેનેજ લગતા[4] નસ્કો હોય તે સમાવવામાં આવ્યાં[5] છે; અને જે બીજા ભાગને લગતો નસ્ક હોય, અને તે દાખલ[6] કરવામાં આવ્યો હોય,[6] તેબી (તેમાં) સમાએ છે, તેનું કારણ બધાંને માટે મીનોઇ અને હાડમંદ દુન્યાની બન્ને જીંદગી, અને હાડમંદ અને મીનોઇ દુન્યાની જીંદગી, અને (આએ) એની વચ્ચેની જે જીંદગી છે, તે છે.

(૧૪) **ગાથા**ના[7] **વશ્તગ્** નસ્કનાં ભાગની[7] જગા[8] **હધ-માંથ્ર**ના છેલ્લા **નસ્ક**ની પછીજ છે,[9] કારણ કે તે હધ-માંથ્રનાં છેલ્લાં **નસ્ક વિશ્તાસ્પ-સાસ્ત**નાં સંબંધમાં લખાયલું છે. (૧૫) **હાદોખ્ત-યશ્ત**ને **દાત**ના છેલ્લા નસ્ક **જવીદ-શએદા-દાત**[10]ની પાસે[11] મૂકવાનું, અને **દહિશ્ન્-ઇ-સ્તીહ-દાત**[12] **(દામ-દાત)** નસ્ક **હધ-માંથ્ર** (અને) મીનોઇ ગાથાઓની વચ્ચે હોવાનું, કારણ એ છે કે મીનોઇ દુન્યા આ જીંદગી **(અહુ)**નું મૂળ છે, અને તે આએ દુન્યા માટે અગત્યની[13](છે), અને તેનો સબબ[13] છે; અને

---

૧. **પતિસારગ્**, અવસ્તા. **પઇતિ** અને **સર;** શબ્દાર્થ., "છેડા સુધીનું," અથવા "અનુક્રમે", અથવા "કાંઈ પહેલું;" વેસ્ટ, "ક્રમ." ૨. વેસ્ટનું વાંચણ: **ગનબાસર્-નિગદ્**. ૩. યાને ગાથા, દાત, અને **હધ-માંથ્ર**ના નસ્કો.

૪—૪. **જ્ફૂ ઇ બેનફ્શા માદીગાનીહા વ માદગ્વરીહા.** સરખાવો સેમીટીક **માદદી,** "નક્કર," "બંધારણને લગતું;" અથવા **માદદીયત,** "નક્કરપણું."

૫. **માહ્માનીગ્** સરખાવો ફાર્સી **મેહ્માન,** "પરોણો;" **મેહ્માની,** "પરોણાગત".

૬–૬. **બએન્ યાતૂન્ત.** ૭–૭. **વશ્તગ્ બહાર્ મિન્ ગાસાન્.**

૮. **હસ્તન,** "હયાતી," "પદવી," અથવા "હાલત".

૯. **પત્વસ્તન્ ઇ ફ્રાજ્ ઓલ્**......."સાથે મુખ્ય જોડાણ," અથવા "તદન પાસે લખાવું." ૧૦. એ નસ્ક સાધારણ રીતે **વંદીદાદ** કહેવાય છે.

૧૧. **પવન્ પત્વન્દ્ ઇ ઓલ્.** ૧૨. અવસ્તા **દામ-દાત** નો પહલવી તરજુમો.

૧૩–૧૩. **સ્તિહ્ ચિમીગ્ વહાનીગ્.**

અમર[1] રૂહાંની ભાગ, જે કારણોનું કારણ,[2] અને સબબોનો સબબ[2] છે, તે તેની ઉત્પત્તિનો[3] અમર ભાગ[3] છે. (૧૬) અને દાતના છેલ્લા નસ્કની જગા,[4] જે ગાથાનાં નસ્કો–તેનાં સંબંધનાં જે મૂળ સમાન છે તે–પછી છે, તે જે ગાથાના નસ્કોની પહેલી મીનોઇ હાલતપરની ખાલેસ અસર[5] હોવાની નિશાની છે, અને જે[6] આએ દુન્યાની છેવટની હાલત થશે[6] તેને લગતી નિશાની છે; અને જેવી રીતે મીનોઇ[7] રહેઠાણ પરથી આ દુન્યા ઉપર તનોમન્દ હસ્તીઓનું નિચે આવવું[7] થયું હતું, તેજ રીતે દુન્યવી હસ્તીઓનું મીનોઇ[8] સાથ પાછું જોડાણ[8] થશે.

(૧૭) અને દીનની હકીકતોનાં[9] ત્રણ ભાગોના એકવીસ વિભાગોનું કારણ એ તેઓને લગતી જુદી જુદી બાબતો[10] છે, જે બાતેનનાં તફાવતો તેઓની રચનાપરથી ખુલ્લા જણાય છે; તેમજ વળી **અહુનવર**ની ત્રણ કવિતારૂપી લીંટી જેમાં એકવીસ શબ્દો છે, તે દરેકમાંથી દીનની હકીકતો ઉત્પન્ન થઇ છે. (૧૮) જેવી રીતે **અહુનવર**ની ત્રણ કવિતારૂપી લીંટીઓ, જે દીનની હકીકતોનો પાયો છે તે, દીનની હકીકતોના ત્રણ ભાગોની નિશાની છે, તેજ પ્રમાણે તે ત્રણ લીંટીનાં એકવીસ શબ્દો આએ (સઘળા) ત્રણ ભાગોના એકવીસ વિભાગોની નિશાની[11] છે; કારણ કે એમ જાહેર થયેલું છે કેઃ–"તે કે જે સર્વજ્ઞાની દાતાર તેણે **અહુનવર**ના એક એક બોલમાંથી એક પવિત્ર નસ્ક બનાવ્યું છે."

(૧૯) ઇરાન દેશમાં માન પામેલાં–ફરોહરવાળા જરથુસ્ત્રના શિક્ષણની મદદથી, દીનની ગવાહી અને જ્ઞાનની મારફતે જણાયલું છે કે, નસ્કોનાં **હા** અને **ફ્રગર્દ** જેવા, અવસ્તાનાં વિભાગોના પેટા-ભાગો, જે એક નસ્કમાં હોય છે, તે સઘલા એક હઝાર જેટલા હતા. (૨૦) અને ગુનેહગાર, ખરાબ વિખ્યાતી પામેલા,

---

૧. **નોશીહેદ્દ**, શબ્દાર્થ, "જે અમર બનેલું તે."

૨–૨. **ચિમીગ્ ઓલ્ ચિમ્, વ વહાનીગ્ ઓલ્ વહાન.**

૩–૩. **બહાર્ ઓલ** બૂન.

૪. અહીં અવસ્તા બોલ **હીમ** ભૂલથી લખાયો છે. તેનો કાંઇબી અર્થ થતો નથી. વેસ્ટનો અર્થઃ "જે હોમને વિષે છે," એ તરજુમો આખી **બગાન–યસ્ત**ની બાબત જોતાં બંધ બેસતો નથી. ૫. **રાયીનિશ્નીહ્.**

૬–૬. **અફ્ઝૂમ્–ઇચ** (અને છેવટની) **જ઼ક્ વેહવૂનેદ્ સ્તિહ્.**

૭–૭. **મિન્ મઇનૂગ્ નિશસ્તન ફ્રુદ્દ યાતુન્તન્**, શબ્દાર્થ "મીનોઇ બેઠક પરથી નિચે આવવું."

૮–૮. **લખ્વાર્ ઓલ મઈનૂગ્ પત્વસ્તગીહ્.** ૯. **મનીતુનિશ્ન.**

૧૦. **વિચ્ચીદ્દગીહ્** ને બદલે **વિચીદગ્** બેહેતર અર્થઃ "પસંદ કીધેલા," અથવા "ચુંટી કાઢેલા." ૧૧. **નિમાયેદ્દ.**

અને ક્રોધાયમાન[1] સેકંદર રૂમીથી ઇરાનમાં પાયમાલી આવી પહોંચી તે પછી[2], જે પહેલાં હતું[2] તેમાંથી એટલુંબી[3] પાછું મળ્યું નહીં કે જે એક[4] દસ્તુર પોતાની યાદદાસ્તમાં જાળવી શકતે.[4] (૨૧) જે જાળવવાને માટે[5] માહર-સ્પન્દનો છોકરો ભલો[6] આતરો–પાત[7] (આદરબાદ) હજી સુધી પોતાનાં સાહસ કર્મથી, અને આતશની[8] કસોટીમાંથી પસાર થતાં પોતાનું રક્ષણ કરવા[8] માટે, ઇરાન દેશનાં પુસ્તકોમાં, અને (તેનાં) શિક્ષણ અને લખાણો[9] જે જાળવી રાખવામાં આવ્યાં છે તેથી, જાણીતો થયેલો છે.

(૨૨) દરેક નસ્કમાં[10] શું કહેલું છે તે ખુલાસાથી જુદું જુદું[10] વિગતે લખ્યા પછી, જુદાં જુદાં નસ્કનું એક વિગતવાર બ્યાન,[11] તેના જુદા જુદા હા અને ફ્રગર્દોમાં શું શું મળે છે તે વિષે, આપવામાં આવ્યું છે; જેથી કરીને આ શ્રેષ્ટ[12] અને સરસ લખાણોમાં[13] કાંઇ મુશ્કેલી[14] હોય તે સમજાવવામાં આવી છે.[15]

---

૧. **અએશ્મ-કર્દ**, "ઘણોજ ગુસ્સે થયેલો;" સરખાવો ફાર્સી, **ખશ્મ કર્દન**, "ગુસ્સે થવું."

૨–૨. અજશ **ચેહવુન્ત.** ૩ એટલે, એટલું ધર્મનું સાહીત્ય રહયું નહીં.

૪–૪. **ઈ પવન્ દસ્તોબર્ દાશતન્ શાયઇદ્ હવા–આએ.**

૫. અવસ્તાને પાછા મેળવવા.

૬. **હૂ-ફ્રવર્ત**, શબ્દાર્થ "ભલાં ફ્રવાહરનો."

૭. **આતરો–પાત**, **સાસાન્યન** પાદશાહ, **અહુરમઝદ**ના છોકરા, શાહપુર બીજાનો મશ્હુર વડો દસ્તુર. કેટલાક બોધરૂપી અને નીતિસંબંધિ પહલવી ગ્રંથોના અને વળી થોડીક હયાત પાજન્દ જરતોશ્તી બંદગીઓના કર્તા તરીકે એ જાણીતો છે. એનું નામ દીન્કર્દ પુસ્તક ત્રીજામાં અને છઠ્ઠાંમાં વારે ઘડીએ આવે છે. (જુઓ ખાસ વોલ્યુમ પાંચમું, પા. ૨૪૧ વિ.) એને વિષે **બૂન્દહિશ્ન**, પ્રકરણ ૩૩ મું; **શિકદ્–ગૂમાનીગ્ વિજાર્**, પ્રકરણ ૧૦ મું, ફ. ૭૦; અને **અર્તા–વીરાફ્** પ્રકરણ ૧ લું, ફ. ૧૬ માં આપણને લખાણો મળે છે. એની દશ શીખામણો જે પુસ્તક ત્રીજું, ફ. ૧૯૯ માં આપેલી છે તે વાંચવા લાયક છે.

૮. **પતશ્ પસાખ્ત કર્દન્ વ બૂખ્તન.**

૯. **વ પન્દાન્** "અને શીખામણો," એમબી વંચાય.

૧૦. **મદમ નસ્ક નસ્ક અઉશ્મૂરીહેદ્.** ૧૧. **પવન્ મા અવીર્તર્ મદમ ચેમલેલૂનેદ્.**

૧૨. સરખાવો ફાર્સી, **ખૂશ્ગૂન.** ૧૩. સરખાવો ફાર્સી ગેર્દ, "સંગ્રહ," અને ગેર્દ્કર્દન, "જાહેર કરવું."

૧૪. સરખાવો ફાર્સી **દુરૂશ્ત,** "મુશ્કેલ," "ભારી."

૧૫. સરખાવો, પહલવી **વિચારિશ્ન.**

(૨૩) પણ, સર્વથી પહેલાં, જુદાં જુદાં નસ્કો[1] વિષે, એટલે તે દરેક શું કહે છે તે, લખવાની રસમ છે તે મુજબ,–આપણાં[2] જ્ઞાનની હદ તે પુસ્તકોની ચમત્કારીક અજાએબીઓ માટે પુરતી નહિં હોવાથી,[2] — હયાં લખ્યું છે.

બાબ ૧ લો.

સુદગર નસ્ક.

ભલી મઝદયસ્નની દીનની ખોરેહને નેમાઝ!

(૧) **સુદગર**[3] નસ્ક એ વિચાર, વચન, અને કાર્યની મારફતે અહુરમજદના પહેલા કલામો[4]ની પવિત્ર સેતાયશ કરતાં ઉત્પન થતાં કુવવત વિષેનું, અને ઘણા દુષ્ટ અને ઘણા વિરૂધ્ધી[5] લોકોના કાયદાથી પહરેજ રહેવા વિષેનું, શિક્ષણ આપનારૂં પુસ્તક છે. (૨) તથા ભલી દીનની તેવીજ ભલી જાતની[6] ઉ-તમ ખુબીઓ[7]ના સવાબકાર કામોની સ્તુતિ કરવી, અને તે અમલમાં મુકવા વિષે;[8] અને ઘણાજ ખરાબ ધર્મનાં તેવાંજ[9] ખરાબ તત્વના,[9] અને તેને લગતાં લોકોની ખામીઓ અને પાપીપણાંને[10] ધીક્કારવા વિષે;[11] અને તે બુરા લોકોનાં ભલી શકિતઓની આરાધનાથી અલગ રહેવા વિષે; અને આએ ગેતીની દુન્યાના અમેશસ્પંદો માટેનાં મોટાં માનને,[12] અને મીનોઇ જહાંનની દોલત વિષેના પુરતાં જ્ઞાનને તે બુરી દીનવાલાઓએ તર્ક કરવા વિષે છે.

---

૧. **નસ્ક નસ્ક.** ૨–૨. **સામાન્ ઇ અયાવિશ્ન લા અફ્દીહ્ ખૂદશ પસિજગ્** (લાયક).

૩. એ નસ્કનું નામ **સ્તૂદ્ગર**નાં કરતાં **સૂદ્ગર્** વધારે બરાબર છે, તે અવસ્તા **સૂત** અને **કર** પરથી નીકળેલો છે, જેનો અર્થ એક પુસ્તક કે જેમાં આએ અને બીજી દુન્યાના ફાયદાકારક કામો જણાવવામાં આવ્યાં હોય તે થાય છે. રેવાયતો મુજબ તેમાં બાવીસ પ્રકરણો હતાં, જેમાં આવેલી બાબતોનો સાર **દીન્કર્દ**નાં પુસ્તક ૯ માંના પ્રકરણ ૨–૨૩ ની અંદર આપેલો છે. (જુઓ S. B. E., Dr. West's Vol. XXXVII, pp. 172—226).

૪. **અહુનવરની** બંદગી (જુઓ પુસ્તક ૯ મું, પ્રકરણ ૨ જું).

૫. **પઇતીયારગીનીદાર્તર્**, શબ્દાર્થ: "વધારે ખલલ કરતો," અવસ્તા, **પઇત્યાર** "સામો કામ કરનાર."

૬. **હુમ-ગઓહ્રર્**. ૭. સરખાવો અવસ્તા **હુનર**, જેનો અર્થ "સરસ ચીજો" થાય છે. ૮. **વબીદ્નિશ્નીગાહ્.**

૯-૯. **હુમ-તઓખ્મગ્.** ૧૦. **બજગ્.** ૧૧. **નિકૂહિશ્ન.**

૧૨. **પાહરીજ્.**

(૩) અને **સુદગર** એ એક કદીમ નસ્ક છે તેની સાબેતી એ છે કે, તેમાં આએ દુન્યાના રીસ્તાખેજ વિષે પવિત્ર લખાણો આવેલાં છે.[1]

(૪) "અશોઇ એ ઉ-તમ ન્યામત છે................"[2]

બાબ ૨ જો.

વશ્તં-માન્સ્ર નસ્ક.

---

(૧) **વશ્તં-માન્સ્ર**[3] નસ્ક એ જરથુશ્ત્રનો જન્મ અને તેનાં દીનમાં આવવા વિષેનું, અને તેને લગતી બાબતોપર જેબી જાણવું જોઇએ તે વિષેનું પુસ્તક છે. (૨) અને ધર્મગુરૂ વર્ગની, અને દીનના ચેલાઓની, તેમજ **અહુ** અને **રતુ** નામના સરદારોની જરૂરીયાતો[4] અને ચીવવત વફાદારીનું બ્યાન તેમાં, ગાથાનાં અસલ ઘણાજ સંક્ષેપ કલામોમાં, આપવામાં આવ્યું છે. (૩) દરેક ચીજને લગતી બાબતની સમજણ,[5] અને તેઓની સરસ હારમાળા[6] તેમાં આવેલી છે, જે વિષે એક ફકરામાં એમ કહેલું છે કે:—"વશ્તં-માન્સ્રમાં દરેક ચીજ વિષે પુરતો અહેવાલ આપવામાં આવ્યો છે." (૪) એટલે કે વશ્તં-માન્સ્રમાં, જેબી કાંઇ ગાથામાં[7] છે તે વિષેની બાબતો, આપેલી છે.[8]

(૫) "અશોઇ એ ઉ-તમ ન્યામત છે............"

---

૧. વિગતવાર સમજ માટે જુઓ **દીનકર્દ**, પુસ્તક ૯, પ્રકરણ ૫, ૯,૧૦ અને ૨૩ માં.

૨. **અષેમ્‌વોહુ**....નાં અવસ્તા ભણતરની શરૂઆતનો પહલવી તરજુમો. જુઓ ડૉ. વેસ્ટની ફુટનોટ ૫, વોલ્યુમ ૩૭ મું, પા. ૧૧.

૩. **વશ્તં-માન્સ્ર** (અવસ્તા **વશ્તં-માંથ્ર**, "**માંથ્ર**નું કામ અથવા ગુણ,") નસ્કોમાં બીજું છે, અને અસલ તેવીસ ફ્રગર્દોનું બનેલું હતું. રવાયતોમાં તેને **વહિશ્ત-માન્સ્ર** કહેવામાં આવ્યું છે. તેની તેવીસ ફ્રગર્દોનો સાર પુસ્તક ૯, પ્રકરણો ૨૪-૪૬, S. B. E., Vol. XXXVII., pp. 226-303 માં આપેલો છે. ડાર્મસ્ટેટેએ શોધી કાઢયું છે કે વેસ્ટરગાર્ડની Zend Avesta, પા ૩૩૨ માંનું ૪ થું ફ્રેગ્મેન્ટ આ નસ્કની તેવીસમી ફ્રગર્દનું લખાણ છે.

૪. વાંચણ: **વ માદ**; સરખાવો ફારસી **માદ**, **માદ્દહ્**; જે વેસ્ટ વાંચે છે: **નુમાદ**, "ખબર."

૫. જુઓ પુસ્તક ૯ મું, પ્રકરણ ૨૫ મું.

૬. સરખાવો ફારસી **રદહ્**, "લીટી," (વિચારની) "હારમાળા."

૭. જુઓ પુસ્તક ૯ મું, પ્રકરણ ૨૫ મું, અને તે પછીનાં.

૮. એટલે, તે વિષેનો એશારો કરવામાં આવ્યો છે.

બાબ ૩ જો.

બગ નસ્ક.

(૧) **બગ**[૧] નસ્ક એ પહેલાં ખોદાઇ કલામ[૨]ના ભાગો, દીનની વિગતવાર ગણત્રી, અને તે કલામમાં જણાવેલો ખોદાએ પેદા કરેલો પહેલો પ્રાણી (**અહુ**[૩]), અને તે (કલામ)નું પહેલું આવવું,[૪] અને પ્રાણીઓની તેને માટેની લાયકાત,[૫] અને તે કલામની મોટાઇ; અને તેને લાયકનાં શરીરવાલાં[૬] તેનાં પ્રાણીઓ, અને ખાસ વિચારો[૭] તે કલામમાં આમેજ થવાનાં બ્યાન વિષેનું પુસ્તક છે. (૨) દરેક બાબત[૮] વિષેનું જ્ઞાન તેમાં ઘણુંજ ટુંકમાં આપેલું છે, કે જે બાબત પોતાનામાંથી એક બચ્ચાં[૯] સમાન જુદી જુદી[૯] ઉત્પન થાય છે; અને કેટલાક સંબંધના ગાંઠો[૧૦] એવી રીતે તેની સાથ જોડાયલા છે, કે **બગ**

---

૧. **બગ** (એટલે,દાદાર અહુરમજદ અને ભલી શક્તિઓને લગતું) **નસ્ક** એ દીન્કર્દ, પુસ્તક ૮ માં મુજબ ત્રીજું છે. રવાયતો મુજબ અસલ તેમાં એકવીસ ફ્રગર્દ હતી. અને **દીન્કર્દ** પુસ્તક ૯ મું, પ્રકરણો ૪૭–૬૮ (પા. ૩૦૩–૩૮૪) મુજબ બાવીસ હતી, છેહલાં પુસ્તકનાં પહેલાં ત્રણ પ્રકરણોમાં **અહુનવઇર્ય**, **અષેમ્વોહુ**, અને **યેંઘ્હે હાતામ**નો ખુલાસાવાર તરજુમો સરેહ સાથ આપવામાં આવ્યો છે. (જુઓ અવસ્તા, યસ્ન, પ્રકરણો, ૧૯–૨૧). તે પછીનાં અઢાર પ્રકરણોમાં પાંચ ગાથાઓમાંના દરેક હા પર છુટી છુટી સરેહ એ બંદગીઓને અનુક્રમે વાંચવામાં આવે છે. છેહલી ફ્રગર્દ **અઇર્યમન્ માંથ્ર**ની બંદગી વિષે એક ટુંક ખુલાસો આપે છે, (જુવો **યસ્ન**, પ્રકરણ ૪૪ મું).

૨. અહુરમજદના પહેલા કલામો, એટલે **અહુનવઇર્ય**ની બંદગી.

૩. જુઓ પુસ્તક ૯ મું, પ્રકરણ ૪૭ મું.

૪. એનો અર્થ પહેલા પ્રાણી **અહુ**નું દુન્યામાં આવવું, કે દીનનું આવવું થાય. વેસ્ટ : "તેનો પહેલો બનાવ."

૫. **પસાજીશ્ન**, સરખાવો ફ્રાસીં **પસીજ**, "લાયક", "તૈયાર." વેસ્ટ, "યોગ્યતા."

૬. **હમ–તનૂ દામ.** વેસ્ટ : "અને તે કલામો જે પ્રાણીઓને તેથી જોડી નાંખે છે તેની મોટાઇ."

૭. વાંચણ : **નામ્ચિશ્ત મેદ્**, સરખાવો અવસ્તા **મઇતિ**, સંસ્કૃત मनस्, પાજન્દ **મિત્** "વિચાર"; અવસ્તા ધાતુ **મન્** "વિચારવું." જુઓ પુસ્તક ૯ મું, પ્રકરણ ૪૭ મું, ફ. ૫, વેસ્ટની Pahlavi Texts, Part IV.

૮. **મન્દવમ.** ૯–૯. **જવીદ્ જવીદ્ નફેશા જહક્.** ૧૦. વેસ્ટનું વાંચણ **પત્વન્દ–આએ**, "ઉમેરો."

માટે એમ કહેવામાં આવ્યું છે, કેઃ–"બગ (તે છે કે) જે **દાહ્યા**[1] લોકો ભણ્યા;" એટલે કે તે **દાહ્યા** લોકોને જાહેર થયલો છે; એટલે કે જે કોઇ એવું પુણ્યનું આ દુન્યામાં કામ કરશે, તેને માટે (મીનોઇ જેહાનમાં) એવું પુણ્યનું કામ કરવામાં આવશે.[2]

(૩) "અશોઇ એ ઉત્તમ ન્યામત છે........"

બાબ ૪ થો.

દામ–દાત નસ્ક.

---

(૧) **દામ–દાત**[3] નસ્ક એ સર્વથી સરસ પ્રાણીઓને પેદા કરવાના અને પાળવાના કામ વિષેનું પુસ્તક છે. (૨) પહેલાં, મીનોઇ જહાંનમાં, અને તેઓને કેટલાં અને કેવી રીતે મીનોઇ હયાતીમાં ઉધારવાં; તેઓનું તનવાલી જીંદગીમાં બદલાવું,[4] જીંદગીનો નાશ કરનાર[5] અહર્મનની સામે લડવાને (મીનોઇ જહાંનમાંથી) તેઓએ નીચે આવવા[6] માટે મજબુત[7]

---

૧. સરખાવો અવસ્તા **દહ્મ**, "અશો લોકો." વેસ્ટઃ "કોમ (નું **બગ**)."

૨. અહીં **બગ** શબ્દના બે અર્થ થાય છે. અહીં એવો વિચાર જણાવ્યો છે. કે જે કોઇ અશો માણસ **બગ નસ્ક** પઢે, તેને માટે (મીનોઇ જેહાનમાં) બદલો (**બગ**) જાહેર થયલો છે. છેલ્લા અર્થ માટે સરખાવો અવસ્તા **બજ્** "વહેંચવું," "ભાંગવું"; એટલે કે, અહુરમજદની તરફની વહેંચણી અથવા બદલો.

૩. દીન્કર્દ મુજબ ચોથું નસ્ક, અને રવાયતો મુજબ પાંચમું; જે રવાયતોમાં જણાવેલું છે કે એ નસ્કમાં બત્રીસ ફ્રગર્દ હતી, અને તેને **દ્વાજદહ્–હોમાસ્ત્** કહે છે. **દામ-દાત** અને એ પછીના નસ્કોમાં શું છે તે વિષે એ પુસ્તક ૮ મા માં આવેલું છે, તે સિવાય આપણે બીજું કાંઇ જાણતા નથી; પણ ઉપર આવેલાં ટુંક વર્ણન પરથી એટલું જણાય છે કે પહલવી **બુન્દહિશન** અને **જાદ્દસ્પરમનાં ચુટી કાઢેલાં લખાણોનો** પહેલો ભાગ, જેનાં નવમા પ્રકરણમાં **દામ–દાતમાં**નાં વાકયો ટાંકી બતાવેલાં છે, તે કેતાબોની એ નસ્ક મુખ્ય શાહદત હોવી જોઇએ. **શાયસ્ત્–લા–શાયસ્ત, પ્રકરણ** ૧૦–૧૧ માં પણ એ નસ્ક ટાંકવામાં આવ્યું છે. એ નામનો પહલવી તરજુમો **દામ–દહિશનીહ્** છે તે મુજબ એ નામનો શબ્દાર્થ "પ્રાણીઓની ઉત્પત્તિ અથવા પેદાયશ;" અવસ્તા મુજબ, "પ્રાણીઓનો પેદા કરનાર," અથવા "પ્રાણીઓને અર્પણ કરેલું." વેસ્ટ "પેદા થયલાં પ્રાણીઓ."

૪. **વશતન.** ૫. **ખયબીદ્**, પહલવી, **ખ્યા**, "જીંદગી," "રવાન," અને **બીદન્** "ડંખવું," "ઝેર દેવું" શબ્દાર્થ "જીંદગી અને રવાનનો નાશ કરનાર," સેમિટીક **બઇદ્** "કપાઇ જવું" **બઇદ્** વળી અરેબીક ભાષામાં ખરાબ શક્તિનું નામ છે. તે **અહ્રર્મનનું** એક વિશેષણ્ બી છે.

૬. **ઓલ્ પતૂદન્**, અવસ્તા **પત્** "નીચે આવવું." ૭–૭. **ચીહરીનીદગ્ સાખ્તગ્.**

બાંધો ધરાવવો, અને તેઓની ફરજ છે તેમ, જીંદગીનો નાશ કરનારી શકિતનો છેડો લાવવાને અથવા તેને તોડવાને,[૧] સાથે સાથે[૨] આગળ પગલાં ભરવાં[૩] તે વિષે.

(૩) અને પ્રાણીઓને પેદા કરવાનો તરીકો અને રીત, અને તેઓની શારીરીક જીંદગી, અને આદમી લોકોની જાતો અને વર્ગોનું જોર[૪] અને કામ; અને તેજ બાબત વિષે જેઓ જાણવા જોગ (હોય) તે. (૪) અને તેઓ[૫] શા માટે પેદા થયાં છે તેનું કારણ,[૫] અને છેલ્લે[૬] તેઓને શાની પાસે જવાનું છે તે.[૬] (૫) અને પ્રાણીઓનો વિરોધ અને નુકસાન, અને તેઓનાં આફત, અને તે સઘલાંને હરાવવાની[૭] અને નાશ કરવાની છુપી રીતો અને હથ્યારો, જેથી ભલાં પ્રાણીઓ તેઓના હાથમાંથી છુટે અને તે પ્રાણીઓને સુખના[૮] ઉપાયો જડે તે વિષે.[૮]

(૬) "અશોઇની ન્યામત સર્વથી સરસ ન્યામત છે..........."

બાબ ૫ મો.

નાદર નસ્ક.

(૧) **નાદર**[૯] નસ્કનો પહલવી તરજુમો આપણને નહીં મળવાથી,[૧૦] (તેના) અવસ્તા જેવી રીતે તે આપણને દસ્તુરોની[૧૧] સન્તા સાથ મલ્યા છે,

---

૧. ગરંગ્. સરખાવો ફારસી ગીરિંગ્ "ભાંગી ગયલું." ફારસીમાં ગરંગ્નો અર્થ "એક લશ્કરની મળવાની જગા," "રણક્ષેત્ર" થાય છે. બીજુ વાંચણઃ ઇ **ઓલ્ ફ્રજામ નિરૂગ્ ઇ ખયબીદીગીહ્**, "તેની નાશકારક શક્તિના બળનો છેડો લાવવા સારૂં."

૨. સરખાવો ફારસી **પએવસ્તહ્**, "સાથે," "એક સરખું."

૩. **રાયીનીદન.** ૪. **ચીહર્.** ૫-૫. **ચિમ્ ઓલ્ મા દહિશ્નિહ્.**

૬-૬. **અફ્દૂમ્ ઓલ્ મા રસીશ્નીહ્.** વેસ્ટ અસલ લખાણમાંનો શબ્દ **મા** ને **મદમ્** માં બેઉ જગોએ ફેરવી આ વાકયનો અર્થ એમ કરે છેઃ—"છેલ્લે (તેઓની) પેદાયશ, અને (તેઓની) સંપુર્ણતાનું કારણ." ૭. **વાનીદન.**

૮-૮. વાંચણઃ **નાજ્ગ્-ચારીનીદન્**, સરખાવો ફારસી, **નાજ્** અને **ચારહ્.** વેસ્ટનું વાંચણઃ—**અફીચારીનીદન્**, "પ્રાણીઓને અશક્તિ".

૯. વેસ્ટની એ નાંમનાં વાંચણની સુચના, **વખ્શર્** "વધારે નિર્માણ થયલું," અથવા **વખ્શવર્**, "નસીબ લાવતું". ૧૦. **પત્વસ્તન.** ૧૧. **દસ્તોબરિહ્.**

તેમ તે શીખવવાને, ભણવાને,[1] અને અહુરમઝદની પરસ્તેશ કરવાને જાળવી રાખવામાં આવ્યા છે.[2]

(૨) "અશોઇની ન્યામત સર્વથી સરસ ન્યામત છે……"

બાબ ૬ ઠો.
પાજગ નસ્ક.

---

(૧) પાજગ[3] નસ્ક એ મઝદયસ્નાનોને તેઓના[4] પવિત્ર આતશો, પાણીઓ, પવિત્ર જોર, (અને) ગાહંબારોની[5] ક્રિયાઓમાં ઉપયોગમાં લાવવાને

---

૧. અઉશ્મૂરિશન. ૨. દાશત્ યેગવીમૂનેદ્.

૩. એ દીન્કર્દ મુજબ છઠ્ઠું નસ્ક છે; અને રવાયતો મુજબ સાતમું, જેમાં તેને **પાજમ, પાચમ** અથવા **પાજન્** કહે છે, અને તેને વીસ ભાગોનું નસ્ક જણાવે છે, **પાજગ્** (અવસ્તા, **પચ્** "રાંધવું") નો અર્થઃ— પવીત્ર ક્રીયાઓ માટે, યોગ્ય ખાણાં પકાવવાં અથવા તૈયાર કરવાં એમ થાય છે. ડા. **હાઉગ** એમાં આવેલી વાંચવા લાયક બાબતોનો સાર નીચે મુજબ આપે છે. "તે ચોપગાં જાનવરો અને મેંઢાંઓને હલાલ કરવાની, અને તે કેમ કરવાં તે વિષેની સમજ આપે છે; કયાં ચોપગાં ખાવા લાયક છે, અને કયાં નથી. ગાહંબારપર જેટલો વધુ ખર્ચ થાય તેટલો વધુ બદલો મળે છે; દસ્તુરો, મોબેદો, એર્વદો, અને ભલી દીનમાં ભલાં કામો કરનારાં દૃઢ નિશ્ચયવાલાં લોકોને કેટલું આપવાની જરૂર છે; જે કોઇ એક ગાહંબાર કરે, અને ગુજર પામેલાં રવાન માટે એક સીઆવ ઇંજાવે, તેનું છેલ્લી વખતે અને બહેશ્તમાં શું થશે, અને તેને કેટલું પુણ્ય હાંસલ થશે; અશો સગાંઓને કપડાંની સખાવત, અશો લોકોએ કરવો જોઇતો ગંભીર વિચાર, પાંચ નાના અને મોટા ફ્રવર્દીગાનના દહાડાઓ; અને એ દસ દહાડાઓમાં ભલાં કામો કરવાનું એ નસ્કનું ફરમાન; બધાં લોકોએ એ ચોપડી સારી અને ડહાપણ ભરેલી અકકલથી વાંચવી જોઇએ કે જેથી તેઓ તેમાંની સમજથી વાકેફ થાય." (Essays, third edition, pp. 128-129).

૪. વેસ્ટ: "મજ્દયસ્નીઓને તેઓની આતશ, પાણી, (અને) ગાહંબાર માટેનાં પવીત્ર પાણીની ક્રીયા સારૂં."

૫. ગાહંબારો ૭ ઋતુનાં જશનની મેજબાનીઓ છે, જે પાંચ દિવસ ચાલે છે; અને તે અવસરના છેલ્લા દિવસો અનુક્રમે પાર્સી-જરથોસ્તી પંચાંગના ૪૫, ૧૦૫, ૧૮૦, ૨૧૦. અને ૩૬૫ મા દિવસો છે.

એક ગોસપંદને દીનના[1] કાયદા મુજબ[1] હલાલ કરવા વિષે કહે છે; અને હમ્કાર[2] મોબેદો તરીકે તે માણસોને પસંદ કરવા કે જેઓ ચઢતા પ્રકારની ચતુરાઇ અને બુધ્ધિ ધરાવતા[3] હોય તે વિષે, અને (તે) ક્રિયાઓ માટેનાં ભણતરો વિષે વાકેફ કરે છે. (૨) અને આ બાબત વિષે કે પવિત્ર આતશો અને પાણીઓની ક્રિયા માટે ગોસપંદની જાતના કયા અવયવોમાંથી એક ભાગ લેવો, તે ભાગ કેમ તૈયાર કરવો; કોણને, અને અવસ્તાનાં કયાં ભણતરો સાથે તે અર્પણ કરવો. (૩) અને ગાહંબાર માટે જે કાંઇ જરૂરનું હોય તે એ નસ્કમાં આવેલું છે; :- જેમકે તેને[4] માટેની લાયક જગા[4] કયાં હોવી જોઇએ, કયારે[5] કોઇ તે ક્રિયા કરે,[5] અને કયારે તેની તૈયારીઓ કરાવે; ગાહંબારની મજલસ કેમ કરવી, અને મ્યજદમાં અર્પણ કરેલી ચીજો કેમ વાપડવી; કયાં (અને) કયારે તે કરવું શકય અને વાજબી છે; કયાં પ્રમાણમાં ક્રિયાની ચીજો અર્પણ કરવી; તે કયારે તૈયાર કરવી (અને) વહેંચવી;[6] તેનો લાભ, જે ભલી પેદાયશોનું સુખ તે, કયાં મળે છે; અને તેનાથી મીનોઇ (લાભ) કેટલો, અને આ દુન્યવી કેટલો, એ સઘલાં વિષે તેમાં જણાવેલું છે.

(૪) અને આએબી લખેલું છે, એટલે કે, વડા[7] દસ્તુરની સરદારી[7] માટે, અને બીજા દસ્તુરોની સત્તા માટે, જુદા જુદા કયા હુનરોની[8] એમાંના દરેકને ઘણીજ જરૂર છે. (૫) વડા દસ્તુરની સરદારીની ખાસ ફરજો શું છે; જયાં મજદયસ્નાનો વડા દસ્તુરની પદવી[9] બરપા કરે,[9] તેને તે (પદવીએ) કોમમાં ચઢાવે,[10] તેજ વખતે એવું જાહેર કરવું કે તે કોમનો સર્વેથી વડો છે; અને તેની ફરજો એ છે કે બુરી[11] ટેવો સુધારવા[11] માટે, અને પાપોનો પસ્તાવો[12] અને તોજેશ[12] કરાવવા માટે તેણે ગોઠવણ કરવી,[13] અને ગરીબોને જરૂરીયાતની ચીજો પુરી

૧-૧. દાતીહા, "કાયદા મુજબ," "વાજબી."

૨. હમ્કાર શબ્દ ધર્મ-ગુરૂઓ જે યજશ્ને, વંદીદાદ, વિગેરેની ક્રિયામાં સાથે ભાગ લે તેઓ માટે વપરાય છે. ૩. શબ્દાર્થ, જેઓ સાથે છે (અથવા ધરાવતા).

૪-૪. અએધ્ જક્ દાતીગ્ ગાસ્, એટલે, દીનનાં શિક્ષણ મુજબની જગા.

૫-૫. અએમત્ વબીદૂનેદ. ૬. બખ્શિશન, અવસ્તા બખ્શ્, "ભાગવું" "વહેંચવું."

૭-૭. રતુ-પીશગ્ સર્દારીહ્. ૮. મા હુનર, અવસ્તા હુનર.

૯-૯. વબીદૂન્તન્ ઇ ગાસ્, શબ્દાર્થ, "જગો બનાવવી".

૧૦. ફ્રાજ્ સજીતૂન્તન્ ૧૧-૧૧. મદમ્ વઇરાસ્તન્ ઇ આહૂગ્, શબ્દાર્થ "કોઇની ખામીઓ બરાબર કરવા વીષે." ૧૨-૧૨. પતીત્ વ તૂજિશ્ન.

૧૩. અહીં મદમ્ વઇરાસ્તન્ શબ્દો સમજી લેવાના છે.

પાડવી;[1] ક્રિયા કરવાના આગલે દિવસે[2] **ઝઓતી** અને **રાસ્પી**નું કામ જશનોમાં કરવા સારૂં મોબેદોની ચુંટણી કરવી, કે જેથી **ઝઓતી** અને **રાસ્પી** અને બીજાઓ જશનની તૈયારીનું[3] અને હિસ્સાની બક્ષીસનું[3] કામ હાથમાં ધરે,[4] અને સીઆવ[5] ઇજવા સારૂં તે ધોઇને પવિત્ર કરે. (૬–૭) વડો દસ્તુર જે મેજબાનીમાં[6] પ્રમુખ થાય[6] તેની ચુંટણી કરવી તે એ કે, તેવાં પ્રમુખપણા માટે અને હિસ્સાઓ વહેંચવા[7] માટે કેટલી[8] લાયકાત તે ધરાવે છે તે જોવું;[8] અને તેનાં લાભો તેઓને પહેલાં આપવા જોઇએ કે જેઓને તેની પહેલાં[9] જરૂર[9] હોય. (૮) જો[10] દસ્તુરો, જેઓ મોટા, ભલા, અને આગળ વધેલા હોય, તેઓ (બીજા) દસ્તુરોને તેઓને ઘટતું નહીં આપે તો તેઓપર તે માટે ફરજ[11] પાડવીં;[11] (અને જો તેઓ નહિજ આપે તો) એમજ ધારી[12] લેવું કે તેઓએ કીધેલા **ગાહંબારો** રવા નથી.[12] (૯) આએ પણ તેમાં આવેલું છે કે **ઝઓતીઓ** અને **રાસ્પીઓ** ખરેખર[13] **ઝઓતી** અને **રાસ્પી**ના ખાસ કામો કરવા સારૂં છે,[13] (અને) બીજાઓ[14] લોકોનાં પાપોને કાબુમાં[15] રાખવા અને મોબેદોના હિસ્સાઓની ગણત્રી કરવા[16] માટે છે; (અને) એજ બાબત વિષે બીજી ઘણીએક હકીકતો જેબી હોય તે.

(૧૦) **ગાહો**, દિવસો, મહીનાઓ અને વર્ષની ઋતુઓના ફરવા વિષે; ક્યારે ઉનાળો અથવા શિયાળો બેસે છે; અને નક્ષત્રોની હીલચાલથી

---

૧. **વ નીયાજ્ગીગ્ બરા યેહબુન્તન્ ઇ મન્દવમ્.** વેસ્ટ "જ્યાફ્ત માટેની જરૂરની ચીજો પુરી પાડવી." ૨. એટલે ગાહંબારને આગલે દીવસે.

૩–૩. **પવન્ સાચિશન** (મેજબાનીની તૈયારી) **વ** (મોબેદોને) **દહિશન ઈ બહાર્.**

૪–૪. **કાર્ વર્જાનેન્દ.**

૫. **વ તનૂ વિસ્તર્ગ** (સફેદ સુતરાઉ કપડાંની જોડી, સીઆવ) **દશ્યા કર્દન્** વેસ્ટ: "શરીરનાં–કપડાંને સાફ કરવાં." ૬–૬. **પેશ્–ગાસ્ ઇ મ્યાજ્દ.**

૭. **બાખ્તન્**, સરખાવો અવસ્તા **બજ્** "વહેંચવું," ફાર્સી **બાખ્તન્**, "આપવું," "દેવું"; એટલે કે હિસ્સાઓ.

૮–૮. **મા હુનર આવાયિશનીગ્.** ૯–૯. **પેશ્ નીયાજ્ગ્.** ૧૦. પહલવી **અમત્.**

૧૧–૧૧. સરખાવો ફાર્સી, **અફ્સાર્દન્** "દાબવું," "પીલવું."

૧૨–૧૨. **ગાસાન્બાર્ લા પવન્ કર્દ યઝ્સેનુનિશ્નીગ્.**

૧૩–૧૩. **જ્ઓતીહ્ રાસ્પીગીહ્ ઘલ્ યેહવૂનેન્દ.** બેહતર, **ઘલ્ યેહવૂન્દ.**

૧૪. એટલે કે, બીજા દસ્તુરો.

૧૫. વાંચણ: **રદીહ્**, DP મુજબ. એ બોલ **વદીહ્** એટલે "(ગુનાહોને) દુર કરવું" બી થઇ શકે.

૧૬. વાંચણ: **આવાર્**, "હિસાબ;" સરખાવો ફાર્સી **આવાર્.**

શું ફેરફારો થાય છે તે વિષે. (૧૧) જાણવું કે[1] અશો ફરોહરોનું આ દુન્યામાં આવવું, વર્ષને છેડેના દસ દિવસો જે શિયાળો પુરો થતાં (આવે છે) તેમાં છે, કારણ કે પેલા પાંચ ગાથાના દિવસોબી ફરોહરોના દીવસોમાંજ[2] આવે છે; આ દસ દિવસોમાં શિયાળાનું જવું થાય છે, અને ઉનાળાનું આવવું[3] થાય છે.[4] (૧૨) આ દસ દિવસોમાં અશો ફરોહરોની મોટી જરૂરની માંગણી તો એ છે કે તેઓની આરાધના અને તેઓ તરફની બંદગીથી તેઓને અતિ ખુશી[5] કરવાં; સબબ કે તેઓની તરફ ધર્મી આવકાર અને માનની ગેરહાજરીથી[6] તેઓ દુઃખી[7] થાય છે, અને તેઓનું તેથી આ દુન્યામાંથી મીનોઈ જેહાનમાં (નાખુશી સાથે) પાછું ઉંચે જવું[8] થાય છે. (૧૩) અને તે વખતમાં[9] સખાવત અને ઉદાર રીતે બક્ષેશ આપવાની[10] દરેક જરથોસ્તીની મોટી ફરજ[11] છે, અને દરેક જગાના વડા દસ્તુરનું કામ છે કે તેણે તેમાં મદદ કરવી,[12] અને ગરીબો તરફથી વચ્ચે પડવું, અને ફરોહરો[13] માટે ફ્રવર્દીગાનના દહાડાઓમાં શું શું ક્રિયા કરવી[13] તે તેઓને શીખવવું તે વિષે.

---

૧. અહીં **અએધ્** બોલ **હુવાત્** **અએધ્** સારૂં વાપર્યો છે.

૨. **ચાગૂન્–અશ્…બએન્.**

૩. આ ખુલ્લું બતાવે છે કે ઉનાળાની અથવા વર્ષની શરૂઆતના પાંચ દિવસો (એટલે, **ફ્રવર્દીન** મહિનાના પહેલા પાંચ દહાડા) ફ્રવર્દીગાનના દસ દહાડાનો એક ભાગ હતો. આ દસ અને પાંચ ગાથાના દહાડાઓ મુજબ પાંચ પાંચ દહાડાના ત્રણ પંચવાડીઆં બનતાં હતાં, જે ફ્રવાહરોની આરાધના અને ક્રિયાઓ માટે અલાહેદાં રાખેલાં હતા. અહીં **જિમ્–જીક્** પહેલા પાંચ ફ્રવર્દીગાનના તેહવારો માટે વપરાયલો છે, ખરૂં જોતાં એ શિયાળાના છેલ્લા પાંચ દહાડા છે, એટલે ગુજસ્તે સાલના ૩૬૦ દિવસમાંના છેલ્લા પાંચ દહાડા, ને બીજા પાંચ દહાડા તે (ગાથાના દહાડા બાજુ રાખતાં) ઉનાળાના પહેલા પાંચ દહાડા હતા, એટલે, એસ્તાં નવાં વર્ષના પહેલા પાંચ દહાડા હતા. હવે પાંચ દહાડાનાં પહેલાં પંચડીઆંમાં "ભયંકાર શિયાળાને" મૂકેલો છે; અને બીજા પાંચ દહાડા ઉનાળામાં આવેલા છે, એટલે વર્ષની શરૂઆતના છે. સરખાવો ફાર્સી **જીક્–જીક્**, "બુમાબુમ," "ધડાકો." જુઓ અવસ્તા **વંદીદાદનો** પહલવી તરજુમો ફ્રગર્દ ૧ લી, ફ. ૩.

૪. **પવન્ જક્ ચેહવૂનેદ.**

૫. **વેશ્–શ્નાયિશ્નીહ્**, અવસ્તા ખ્શ્નું, "ખુશ થવું."

૬. **અ–પદીરિશ્નીહ્ વ અનીયાયિશ્નીહ્.**

૭. સરખાવો અવસ્તા **ત્બએશંધ્.**

૮. સરખાવો ફાર્સી **ખીજ્**, "ચઢતું," "ચઢનાર," **આખેજિશ્નીહ્**, "રવાનગી."

૯. ફ્રવર્દીગાનના દહાડામાં. ૧૦. **બરા દહિશ્નીહ્** "બરાબર આપવું."

૧૧. **વેશ્–ફ્રીજ્વાનીગીહ્**, સરખાવો. ફાર્સી **ફર્જ્**, "ફરજ."

૧૨. શબ્દાર્થ, "મદદ કરવા માટે."

૧૩–૧૩. મૂન્ (મા ને બદલે) **ફ્રવર્દીગાન્ રાએ બએન્ ફ્રવર્દીગાન્ કૂનિશ્ન.**

(૧૪) અને દવાને લગતા રોપાઓ (બહારનાં ગામોમાંથી) કયારે લાવવાનો[1] વખત છે તે વિષે; અને તેજ બાબત વિષે જે કાંઇ બીજું જરૂરનું હોય તે.

(૧૫) અને તે દેશો કે જયાંનાં લાયક માણસોની ઇચ્છા[2] રવાનને[3] લગતા ગુનાહો[3] માટે–જો[4] તે ગુનાહો સારૂં પ્રાયશ્ચિત હોય તો[4]–ઘરનાં, અને ગામના, અને દેશનાં, અને પ્રગણાનાં લોકોને, દરેકને છુટી છુટી સજા કરવાની હોય છે તે વિષે. (૧૬) ગુનાહોને સુધારવાને[5] સજા ફરમાવવાથી થતા ફાયદાઓ વિષે; અને ગુનાહોને નહીં સુધારવાથી, અને એવી સજા[6] ફરમાવવાનું છોડી દીધાથી[6] થતાં નુકસાન વિષે.

(૧૭) તેત્રીસ સરદારો (**રતુઓ**) વિષે, જેઓ **હાવન**ની આસપાસ[7] ઘણા નજદીક[7] હોય છે; તેઓ કયાં, કયા, અને કેટલા મીનોઇ (છે), (અને) કેટલા દુન્યવી છે; અને મીનોઇ અને દુન્યવીમાંથી કયો બીજો, અને કયો ત્રીજો, વિગેરે છે. (૧૮) અને દીનને લગતી જાહેર ક્રિયા અને જાહેર[8] સેવા[8]ના મોજેજા, અને તેનો મોતેબર સવાબ; અને દીનને હાની પોહોંચાડનારા આષમોગોનાં પરાજય અને ભારે પાપ વિષે. (૧૯) અને આ વિષેબી કે, જયારે કોઇ આષમોઘ થવાથી શકમંદ થાય કે ખોદાનો કયો કાયદો તેનાં મનને રોશની[9] આપવા[9] સારૂ છે, અને ખોદાના કયા (કાયદા)માં મદદ માટેની અરજ[10] ગુજારવા કહેલું છે.

(૨૦) આ વિષે કે, કઇ પરણેતર બાનુ (પોતાના) ખાવંદની મીલકતમાંથી ખાવંદની કાંઇ[11] ચીજ ભેટ કરવાની[11] સત્તા[12] ધરાવે

---

૧. **યન્સેગૂનાં.**

૨–૨. **ખ્વહિશ્નીહ્ ઇ શાયગાન્**, "લાયક માણસોની ઇચ્છા" બીજુ વાંચણ: **ખ્વાહિશ્નીહ્ ઇ ઓલ્** (માટે) **શહીગાન્**, "પાદશાહ માટેની ઇચ્છા." વેસ્ટ: "પાદશાહી શિક્ષા માટે અરજ કરવી."

૩–૩. **તૂજિશ્ન** (સજા કરવી) ઇ **રૂબાનીગ્ વિનાસ્.**

૪–૪. **ઓલ્ મૂન્ વિજારિશ્ન**, સરખાવો અવસ્તા **વીચિર્**; ફારસી **ગુજારિશ્ન ગૂનાહ્**; પહલવી **વિજારિશ્ન**, "ગુનાહને સારૂં પ્રાયશ્ચિત."

૫. **વઇરાસ્તન્**, "સુધારો," "સણગાર;" અવસ્તા ધાતુ **રાદ્**, "સીધું કરવું."

૬–૬. **તૂજિશ્ન** ઇ **વબીદૂન્ત્ ફ્રાજ શેદ્દૂનાં.**

૭–૭. **નજ્દિસ્ત પઇરામૂન્.** ૮–૮. **આશ્કારગ્ વજ઼ર્દારીહ્.**

૯–૯. **રૌશન–ગરીહ્**, શબ્દાર્થ: "રોશ્ની બનાવવા (સારૂં)," "સમજણ."

૧૦. **ખ્વાહિશ્ન**, "આતુરતાભરી ઇચ્છા," સરખાવો ફારસી **ખ્વાસ્તન્.**

૧૧–૧૧. **મન્દવમ્ યેહબૂન્તન્.**

૧૨. **દસ્તોબર**; પહલવી **દસ્તોબરીહ્**, "સત્તા."

છે; (અને) કેવાં પ્રમાણમાં, અને કેમ, અને કોણને તેમ ભેટ કરવાની સત્તા તે ધરાવે (છે); અને જેને તેણી ભેટ આપે છે તે ભેટ તેણીનો ખાવંદ તે લેનારની પાસેથી પાછી લાવવાની સત્તા ધરાવે છે, તે બાબત વિષે.

(૨૧) આ વિષે કે, જયારે ઉનાળો આવે છે ત્યારે શિયાળો કયા (દેશમાં) જાય છે; અને જયારે શિયાળો બેસે છે, ત્યારે ઉનાળો કયાં જાય છે. (૨૨) અને એક સદીમાં પસાર થયલી આફતોના[1] વિસ્તાર[1] વિષે, અને તે પસાર થવાના લાંબા વખત (વિષે); (અને) જે કાંઇ (તે) આફતો સાથે જોડાયલું હોય તે; અને જેબી આ બાબતપર બીજું હોય તે વિષે. (૨૩) ઉનાળો કઇ કઇ જગ્યાએ હોય છે, (અને) તેના કેટલા મહિના હોય છે; વળી ભયંકાર શિયાળાના કેટલા મહીના; બારે મહિનાનાં દીનમાં આવેલાં નામો, અને દરેકનાં નામનું કારણ, એટલે ક્રિયામાં કઈ ભલી શક્તિ સાથે આ બાર મહીનામાંનો દરેક મુખ્યત્વે[2] સંબંધ ધરાવે છે;[3] અને તેવીજ રીતે દરેક મહિનાના ત્રીસ દહાડાનાં નામો, અને તેજ મુજબ દરેક સાલના પાંચ ગાથાનાં–એટલે સાલને છેડેના પાંચ ગાથાના દિવસો, જે બધા ભલાં યજ્દો સાથ જોડાયલા છે; અને ભલાં ફ્રરોહરોને તેઓનાં નામથી કયારે યાદ કરવાં તે વિષે.

(૨૪) "અશોઇ સર્વથી સરસ ન્યામત છે........."

બાબ ૭ મો.

રતૂ–દાત–હુઇતગ નસ્ક.

(૧) **રતૂ–દાત–હુઇતગ**[4] નામનાં નસ્કમાં રેવાજો અને કાયદાઓ, જે દીનને લગતા અને ફરજયાત છે, તથા જે[5] અમલમાં મૂકવાજ જોઇએ,[5] તે

૧–૧. **ચન્દીહ્ ઇ વોઇદ્ન્.**

૨. **વાસ્પૂહ્રગાનીહા**; સરખાવો અવસ્તા **વીસો–પુથ્ર.**

૩. **નર્ઈશા**, "કોઈનું પોતાનું," એટલે એક યજતનો પોતાનો મહિનો.

૪. રતૂ–દાત–હુઇતગ્ નો અર્થ "દસ્તુરોને લગતા હયાત કાયદાઓ" થાય છે. રવાયતમાં કહેવામાં આવે છે કે આ નસ્કમાં અસલ પચાસ પ્રકરણો હતાં, જેમાંનાં **સેકંદરથી** ઈરાનની પાયમાલી થવા પછી ફકત તેરજ મળી શકયાં. ફાર્સીમાં ભૂલથી એને **રતુશ્તાએ** અથવા **રતૂશ્તાઇદ** કહ્યું છે. રવાયતોમાં એ નસ્કમાં આવેલી બાબતો નિચે મુજબ આપવામાં આવી છેઃ–"ચાકરી કરવાનો, હુકમો આપવાનો, અને રાજાઓ, દસ્તુરો, અને જજોના હુકમમાં રેહવાનો ખુલાસો તેમાં આપેલો છે; શેહરોને રાખવાની રીતો જાહેર કરવામાં આવી છે; દીનનાં ફરમાનો જાહેર કીધેલાં છે; અને પેટે ચાલતાં પ્રાણીઓ પક્ષી, ઢોર, અને મચ્છીને પકડવાની રીત; **અહુરમજદ** અને **અહર્મનની** દરેક પેદાયશ; બધા દર્યાઓ, પહાડો, અને દેશોનું વર્ણન; અને એવીજ બીજી બાબતો." (H. Essays, p. 129).

૫–૫. **વબીદ્નિશ્નીગ્.**

વિષેની બાબતો આવેલી છે. (૨) નામચીન દસ્તુરોનાં સરદાર થવાની લાયકાત અને ચઢતી યોગ્યતા[1], અને તે સરદારની ચઢતી હુશ્યારીનાં કારણો, અને પાદશાહ[2] જેવાની પણ સરદારીની[2] મીલકતોમાં[3] (તેનો) ભાગ; એટલે કે, તેનામાં લાયકાત અને નાલાયકાત, અને યોગ્યતા અને અયોગ્યતા કેવી રીતે પારખવી;[4] એટલે, ખનિરથના અને બીજા જુદા જુદા દેશોનાં વડા દસ્તુર તરીકેની લાયકાત; એટલે કે જે મજ્દયસ્નાનોમાં સઉથી પહેલો ઉભો રહે તેની લાયકાત પારખવી.

(૩) અને અમેશસ્પંદોની બેઠક અને તેઓનાં પોશાક[5] કેવાં હોવાં જોઇયે તે, અને તેઓનાં જ્ઞાન વિષે; યજ્દોની સેતાયશમાં થતી ક્રિયાઓ, અને વપડાતાં આલાતો; દરએક ક્રિયામાં જ્ઓતી અને રાસ્પીની જગા અને કામો, અને વળી મુખ્ય અથોરનાનોના તેઓની ક્રિયાઓને લગતાં દરેકનાં જુદા જુદા અગત્યના ભાગોમાંનાં, સઘળાં ખાસ કામો વિષે. (૪) અને સવાબનાં[6] કામમાં ભેટ આપવાની[6] મોટાઇ, અને એવી ભેટ આપવાની રીત; અને હાડમંદ[7] જીંદગી[7]ના વિચારો, બોલો, અને કામોમાં અહુરમજદની નજદીક આદમી હોવા વિષે.

(૫) "અશોઇની ન્યામત સર્વથી સરસ છે..........."

---

૧. **સજાગ્તરીહ્**, સરખાવો ફાર્સી **સજ઼ાતર્** અથવા **સજ઼ાવાર્તર્**.

૨-૨. **પતીહ્** (અવસ્તા, **પઇતિ**) ઇ **ખૂદાએ-ઇચ્**.

૩. **ખ્વીશીહ્**, "માલીકી," "પોતાનું હોવું."

૪. **વિચારિશ્ન**. ૫. **બર્-હામગ્**.

૬-૬. **વિચિદાર્-દહિશ્નીહ્**, સરખાવો ફાર્સી ગજીદ્, "ભેટ," "બક્ષીશ." વેસ્ટ "મદદગાર થવું તે." બીજો અર્થ "પસંદ કરનાર અથવા જજની પુણ્યના કામો સારૂં ભેટ કરવાની મોટાઇ." ૭-૭. **અહૂ ઇ અસ્તાઓમન્દ**.

બાબ ૮ મો.
બરિશ નસ્ક.

(૧) **બરિશ**[૧] નામનો નસ્ક એ કુવવત[૨] વધારવા[૨] વિષેનું, અને કુદરતી ડહાપણ, અને જ્ઞાનથી મેળવેલાં ડહાપણની ઘણીક[૩] શકિતઓની[૩] સચાઇ, અને સખાવત વધારવા વિષેનું પુસ્તક છે. (૨) અને વળી ઠગાઇ, કંગાલ્યત,[૪] અને અજ્ઞાનપણું, અને દુષ્ટ–જ્ઞાન, અને[૫] કેટલીક બીજી બદીઓ જે મનની નેક શકિતઓના ખુની દુશ્મનો[૫] સમાન છે તે વિષે છે. (૩) અને **વોહુમન,** અને **સ્પેન્તા–આર્મઇતિ,** અને **સ્રઓષ,** અને **અશિશ્વંઘ,**[૬] અને ઘણીક બીજી આરાધવા લાયક શકિતઓના; અને **અકોમન, વરેન, અએશ્મ, અન્દર,**[૭] અને ઘણાક બીજા દેવોના; આશિર્વાદો અને શ્રાપો, સારો ફાયદો અને ખરાબ ફાયદો,

---

૧. **બરિશ્‌માં** અસલ ૬૦ અવસ્તાનાં પ્રકરણો હતાં, જેમાનાં ફકત બાર **સેકંદર**ના વખત પછી બાકી રહ્યાં છે. **બરિશ્‌** નો અર્થ "ઉંચું," "ચળકતું" થાય છે, (અવસ્તા ધાતુ, **બરેઝ્,** "ઉંચી પદવીએ ચઢાવવું"), અને તે ઉંચી પદવીવાલાં લોકોના કામોનું વર્ણન આપે છે. "તેમાં આ બાબતો વિષેનું જ્ઞાન આપેલું હતું:–પાદશાહે રાજ કેમ ચલાવવું, દીનનાં જજોના હુકમો અને ફરમાનો શું હોવાં જોઇએ; દુન્યાની જાળવણી અને રક્ષણ, દરેક નવાં શહેરને આગળ વધારવું; ખોટું બોલનારા, પાપી, અને એવાજ લોકો કેવા હોય તેનું બ્યાન એ નસ્કમાં આપેલું છે." (H. Essays, p. 129.)

૨–૨. **જોર્‌–રયીનિશ્નીહ્‌,** "જોર આગલ વધારવું."

૩–૩. **કબદ્‌ હૂનરાન્‌,** શબ્દાર્થ, "ઘણીક હુશ્યારીઓ અથવા હુન્નરો."

૪. **પૂશ્‌,** એ શબ્દ **બુન્દહિશ્નના** પ્રકરણ ૨૮ માં બખીલાઇ અથવા નિચપણાના દેવ માટે વપરાયલો છે. સરખાવો ફારસી **પૂશ્‌,** "નજીવી ચીજ" અથવા **પૂજ** કે **પૂચ,** "હલકા ખવાસવાળું," "નીચ."

૫–૫. **વ કબદ્‌ આહૂગાન્‌ ઇ હૂનરાન્‌ હમએસ્તાર્‌ બ્રાત્રૂત. હમએસ્તાર્‌** સાથે સરખાવો એજ અવસ્તા શબ્દ; અને **બ્રાત્રૂત્‌** સાથે જરથુશ્ત્રનો ખુની **બ્રાત્રુગરએશ**નું નામ. પહલવીમાં, વારે ઘડીએ, **બ્રાત્રૂત્‌** સામાન્ય નામ અથવા વિશેષણ તરીકે વપરાવા લાગ્યો છે. અહીંઆં તે વિશેષણ ગુજરાતી ખુનીને અર્થે વપરાયો છે. **આહૂગાન્‌** નો અર્થ તે ખરાબ ટેવો છે, જે એક માણસની સારી ટેવો અને શક્તિઓ (**હૂનરાન્‌**)ની સામે થાય છે, અને ગોયા તેઓનું ખુન કરે છે.

૬. **યશરિશ્વંગ્‌,** અવસ્તા, **અશિશ્વંગુહિ.**

૭. આ ચાર દેવોને અહીંઆં ઉપર આપેલી ચાર ભલી શક્તિના દુશ્મન તરીકે જણાવેલા છે. **દાન્કર્દ,** પુસ્તક ૬ ઠામાં **વરેનને અશિશ્વંગુહિ**નો દુશ્મન કહેલો છે, પણ અહીંઆ તેને અવસ્તા **સ્પેન્ત–આર્મઇતી**નો દુશ્મન બનાવ્યો છે; જો કે તેણીનો દુશ્મન અવસ્તામાં **નાઓંઘઇથ્ય** (સં. नासत्य) છે. અવસ્તા ઇન્દ્ર અથવા **અન્દરને** અહીંઆ **અશિ**નો દુશ્મન કીધો છે; જો કે એ દેવ અવસ્તામાં **અશ–વહિશ્ત**ના દુશ્મન તરીકે ઓળખાયલો છે, **બુન્દહિશ્ન**નાં પ્રકરણ ૩૦ માં, ૨૯ મા ફકરા મુજબ **અકોમન** અને **અએશ્મ** એ **વોહુમન** અને **સ્રઓષ**ના જાણીતા દુશ્મનો છે

સારૂં જોર અને ખરાબ જોર, અને સારા શબ્દો અને ખરાબ શબ્દો; (અને) તેજ[1] બાબત પર બીજું જે હોઇ શકે તે[1] તેમાં આવેલું છે.

(૪) અને જમાનાની સરજત[2] તેની ખાસ્યત અને વળાણ,[3] અને દીન, અને ભલી ટેવ, અને વિદ્યા, અને લાયક કામ,[4] અને ઉદ્યોગ વિષે, અને તેજ બાબતપર જે બીજું હોઇ શકે તે. (૫) અને તેમાં[5] પાદશાહી, અને રાજનો વ્યવહાર, અને દસ્તુરી, અને દાવર (જજ)પણું, અને લવાદી,[6] અને ઐકયતા, અને સંપ, અને વચનનું પાળવું;[7] અને તેજ બાબત પર જે લખવાનું હોઈ શકે તે વિષે. (૬) અને કાયદો અને રસમ અને સવાબનું કામ અને પાપ, ભલી કીર્તિ અને ભુંડી કીર્તિ, અશોઇ અને દુ પણું; અને તેજ બાબતપર જેબી બીજું હોય તે વિષે. (૭) અને મર્યાદા, અને ભપકો,[8] અને ખોરેહ, અને તાબેદારી;[9] (અને) તેજ બાબત પર જેબી બીજું હોય તે વિષે. (૮) સગાઇ, ગરીબાઇ, મળતાવડાપણું,[10] અને દીનથી જે જોડાણ થાય છે તે, અને તેજ બાબતપર જેબી લખવાનું તે વિષે.

(૯) અને લાયકાત[11] અને નાલાયકાત; અને તેજ બાબત પર જેબી હોય તે વિષે. (૧૦) અને ચેહરાની ખુબસુરતી અને બદસુરતી,[12] અને જવાની અને બુઢાપો, અને દોલત અને ગરીબાઇ, અને સારૂં નસીબ અને ખરાબ નસીબ;[13] અને તેજ બાબત પર જેબી હોય તે વિષે. (૧૧) ઘણાં અતલગનાં સગાંઓમાં[14] રહેતું કુવવત; અને જુદી જુદી ચીજોની જાતો; (અને) તેજ

૧-૧. **મા બએન્ હમ બબા.** પહલવીમાં **બબા** નો અર્થ બાબત, વસ્તુ, દરબાર, બારણું, ઇત્યાદી થાય છે.

૨. અથવા, "અને સરજતની તે હકીકતો" વિષે.... સરખાવો ફારસી **બખ્ત્**, "તકદીર." ૩. **કામગ્** "ઇચ્છા," "ભાગ્ય."

૪. **ખ્વીશ્-કારીહ્.** ૫. એટલે કે તે જમાનામાં.

૬. **મીયાન્જીગીહ્**; સરખાવો ફારસી **મિયાન્જી,** "લવાદ;" **મિયાન્જી-કર્દન્** "લવાદી કરવી."

૭. ફારસી **મેહર્-દારી.** ૮. સરખાવો ફારસી **શુકૂહ્.**

૯. સરખાવો અવસ્તા **સ્રઓષ,** "તાબેદારી," (**સ્રુ,** "સાંભળવું.")

૧૦. સરખાવો ફારસી **આરૂન્** અથવા **અરૂન્** "મળતાવડું." એનો અર્થ "ફરજ," "પ્રતાપ" બી થાય; સરખાવો અવસ્તા **અરેન્.**

૧૧. **સાજીશ્નીગીહ્**; વેસ્ટ: "લાયકાત."

૧૨. **દૂશ-ચીહ્રીહ્,** અથવા **દુશ-ચીહરીહ્;** ફારસી **બદ્ ચેહ્રેહ્.**

૧૩. **દૂશ-પગીર્હ્.** ફારસી **બદ્ પલક્,** "ખરાબ વાદળાં" અથવા **બદ-બાજ** "ખરાબ ઓળો."

૧૪. **તઓખ્મગાન્,** અવસ્તા **તઓખ્મન્,** "તોખમ," "ખાનદાન."

બાબતપર જેબી હોય તે વિષે (૧૨) અને જ્ઞાન[૧] અને સવાલોનો ખુલાસો,[૨] અને પુરેપુરી શોધો,[૩] અને તેજ બાબત પર જેબી લખવાનું તે. (૧૩) અને ભૂખ[૪] અને તરસ (અથવા ભૂખમરો), અને તેના ઉપાયો; અને વધુ તેજ બાબત પર. (૧૪) અને ઘસાઇ[૫] ગયલી તનની હાલત[૫] અને મોત, અને તે માટેની તૈયારી;[૬] અને વધુ તેજ બાબત પર. (૧૫) અને વસ્તુઓની અસલ[૭] હાલત,[૭] અને આગળ તેઓ કેવી બની હતી, અને પાછળથી કેવી હતી તેનાં કારણો;[૮] અને વધુ તેજ બાબત પર. (૧૬) અને સંતોષ અને અસંતોષ, અને ખુશાલી અને દુઃખ;[૯] અને વધુ તેજ બાબત પર. (૧૭) અને ભાષણનું બળ,[૧૦] અને મીલનસારી;[૧૧] અને વધુ તેજ બાબત પર. (૧૮) અને અક્કલ અને વિચાર શક્તિ, તન અને રવાન, બહેશ્ત, દોજખ, અને ભવિષ્યની જીંદગી; અને તેજ બાબત પર વધુ. (૧૯) અને દાદાર અહુરમજ઼્દની સર્વ ચીજો જોવાની અને જાણવાની શકિત, અમેશસ્પંદોની સઘળી શ્રેષ્ટતા, અને અશો માણસોનો ખોરેહ; (અને) તેજ બાબત પર વધુ જેબી હોય તે. (૨૦) અને પાક દાદારના કલામોનાં ફેલાવા મારફતે (જણાયલી) તે સાહેબ તરફથી ઉતરતી ઘણીક જુદી

---

૧. સરખાવો અવસ્તા **ફ્ર**, "આગળ," અને **જ઼ન્**, "જાણવું;" ફાર્સી **ફ્ર્જ઼ાનહ્** "શીખેલો," "પંડીત."

૨ **ફ્રશ્ન–વિજારીહ્**, સરખાવો અવસ્તા **ફ્રશ્ન**, **પેરેસ્વ**, "સવાલ;" પહલવી **વિજાર્દન્** "સમજાવવું."

૩. **પૂર્–ન્યોગીહ્** અથવા **નેવગીહ્**, સરખાવો અવસ્તા, **નવ**, "નવુ." વેસ્ટ "પુરો સદગુણ."

૪. વાંચણઃ **સૂદ=**અવસ્તા **શુધ** (સં. ક્ષુધા,) "ભૂખ." DP. માં **સૂક** છે જે **સૂદ**નું બગડેલું રૂપ છે.

૫–૫. વાંચણઃ **ફ્રર્સાવન્દીહ્**, સરખાવો ફાર્સી, **ફર્સા**, "જુનું," "ઘસાઇ ગયલું;" **જાન્–ફર્સા** "પ્રાણ–ઘાતક." વેસ્ટનું વાંચણઃ **પરિશ્વન્દીહ્**, "ઘેલચ્છા" (delirium).

૬. **સાજિશ્નીગીહ્**. વેસ્ટઃ "ઉતાવળ."

૭–૭. **કાદા–ઇહ્**, "અસલી જમાનાની હાલત," "આખું હોવું."

૮. **રૂનીહ્**, સરખાવો ફાર્સી **રૂન્**, "કારણ," "સબબ." વેસ્ટનું વાંચણઃ **રૂનીહ્**, "વળાણ."

૯. અવસ્તા **તિબશ્**, શબ્દાર્થ "દરદીપણું." DP **બએશાજ઼ીનીદારીહ્** "દુઃખ મટાડવાની શકિત," "તંદરોસ્તી."

૧૦. **તગીગીહ્** (ઇ) **હુજ઼વાનીગીહ્**, "સુભાષણનું જોર;" વેસ્ટઃ "જોરાવરી." "લવારો."

૧૧. **હુ-જમનોગીહ્**, "સંપ," "ભાઇચારો." વેસ્ટઃ "મળતાવડાપણું."

જુદી સુખ દુઃખની વહેંચણી,[૧] અને પાદશાહીનું બંધારણ[૨], અને શારીરીક હયાતીઓની પાસબાની, અને રવાનને લગતો છુટકારો; જેને લગતું લાયક શબ્દોમાં એમ કહેવામાં આવે છે કેઃ–"સચાઇથી બોલાયલા શબ્દો[૩] બરિશ. કશ્કીસુબ, અને વિશતાસ્પ–સાસ્તમાં આવેલા છે."

(૨૧) "અશોઇની ન્યામત સર્વથી સરસ છે..........."

બાબ ૯ મો.

કશ્કી સૂબ નસ્ક.

(૧) **કશ્કીસૂબ**[૪] નામનું નસ્ક નિચલી બાબતો વિષેની હકીકતો ધરાવે છેઃ–ફરેશ્તાઓની **યઝિશન**ની ક્રિયાનું[૫] વર્ણન; દેવ–પરસ્ત[૬] દીનમાંથી બીજી દીનમાં વટલવું શાથી થાય છે,[૬] તે વિષે; અને પવિત્રાઇ અને અપવિત્રાઇનું જ્ઞાન. (૨) ઓરતના દશ્તાનની નિશાનીને[૭] અને તે[૮] વધુ વહેવાની નિશાનીને[૮] સાજી કરવી,[૯] અને તે વિષેની સાવચેતી રાખવી; બુરાઓથી વારે ઘડીએ[૧૦] થતું

---

૧. "સુખદુઃખની વેંહચણી," "જોડવણો," અથવા "બંદોબસ્ત."

૨. અવસ્તા **નિ** અને વર્ "સણગારવું," "શોભીતું કરવું."

૩. અવસ્તા **અષુંખ્ધ, અર્શ** અને ઉખ્ધનો બનેલો શબ્દ, અર્થ: "સચાઈથી બોલાયલા." એટલે કે પાક દાદારના એ વિષેના સખુનો ખુદ એ નસ્કોમાં આવેલા છે.

૪. એ નવમાં નસ્કનું નામ છે, જેમાં અસલનાં સાઠ પ્રકરણોમાંથી સેકંદરના વખત પછી ફક્ત પંદરજ પાછાં મળ્યાં છે. એ નામનો અર્થ "મનને ખેંચનારા મનોહર પવિત્ર ફકરાઓ અથવા કલામો," એમ થાય. "તેમાં આ બાબતો હતીઃ ડહાપણ ને જ્ઞાનનું વર્ણન, બચ્ચાંના જન્મનું કારણ, ડહાપણનું શીક્ષણ આપનારા રાહનુમાઓ, પવિત્રાઇ આપવાનું કામ, સાચું બોલવું, આદમજાતને ખરાબ હાલતમાંથી સારી હાલતમાં લાવવું, તેઓને અપવિત્રાઇ અને નજીસાઈપરથી પવિત્રાઇપર લાવવું; રાજાઓ નજદીકના માણસો માટે મોટાઇ અને ઉંચી પાયરીએ ચઢવું અને માણસો, સગાંઓ અને રાજાઓ તથા એવાજ લોકોને, જુઠું કહેનારા કેવી રીતે થાય છે." (H. E., p. 130).

૫. **યજિશ્ન–નીરંગ.**

૬–૬. **પવન્ મા વશતન્ ઇ શએદા–યજ્ગીહ.** શબ્દાર્થ "દેવ–પરસ્તીનો ફેરફાર શાથી છે."

૭. વાંચણઃ **દશ્તાન્ દખ્શગ્,** સરખાવો અવસ્તા **દખ્શત.** વેસ્ટઃ "યશ્તો માટેની તૈયારીઓ ને સાવચેતીઓ; દેવોથી વારે ઘડીએ થતી બદીની રેલછેલ અને નુકસાનની નિશાની અને ચિન્હો..."

૮–૮. **નીશાન્ ઇ મદમ્ રીનિશ્નીહ્.**

૯. **વએરાયીહ્.** "તૈયારી," "સાજું કરવું." ૧૦. **ઓલ્ જિમાનગ્ જિમાનગ્.**

નુકસાન, અને તેઓની હારનું કારણ; અને ફરેસ્તાઓની સેવટની ફતેહ વિષે. (૩) તે પછી એ નસ્કમાં અહુરમજદનું જરથુસ્ત્રને ગાથાનાં ઉંચાં ગાયનનું શીખવવું, જે ભલી શકિતઓનું શિક્ષણ કહેવાય છે, તે આવેલું છે.

(૪) "ઉ-તમ ન્યામત અશોઇ છે.........."

બાબ ૧૦ મો.

વિશ્તાસ્પ—સાસ્ત નસ્ક.

(૧) **વિશ્તાસ્પ-સાસ્ત**[1] નામનું નસ્ક કએ-વિશ્તાસ્પને આપેલું શિક્ષણ, અને પાદશાહીને લગતી ખાસ્યત, સદગુણ, ચાલચલણ, જ્ઞાન, અને હુશ્યારી વિષેનું બ્યાન આપે છે; પ્રાણીઓ કે જેઓની[2] વચ્ચે ખુદાની ઇચ્છા ચાલુ કરવાની જરૂર છે,[2] તેઓની વ્યવસ્થા કેમ કરવી તે વિષે છે.

(૨) અને અહુરમજદ તરફથી અમેશસ્પંદોને, અહુરમજદના સ્પીતામાન જરથુશ્ત્ર સાથેના દોસ્તીના[3] સંબંધ[3] ની ઉંચી સાબેતી તરીકે, કએ-વિશ્તાસ્પ પાસે મોકળવા વિષે; મઝદયસ્નીી દીનની ખાલેસ ભલાઇ; જરથુશ્ત્રની દીનની ફતેહ અને તેને સ્વિકાર કરવા વિષેને શાહ વિશ્તાસ્પને દાદારનો હોકમ. (૩) અમેશસ્પંદોનું ઇરાનનાં રાજધાની શહેરમાં જાહેર રીતે[4] આવવું; અને, બીજું, તેઓનું વિશ્તાસ્પના મહેલમાં તેના દોસ્તો[5] સાથે રહેવું;[6] ફરેસ્તાઓ તરફથી[7] અહુરમજદના પેએગામનું વિશ્તાસ્પને જાહેર થવું;[8] અને ખોદાનાં તાબેદાર[9] શાહ[9] વિશ્તાસ્પ તરફથી મઝદયસ્નીી દીનની પસંદગી કરવા વિષે.

---

૧. **વિશ્તાસ્પ-સાસ્ત**નો શબ્દાર્થ "**કએ-વિસ્તાસ્પને** શિક્ષણ અથવા આશિર્વાદ" એમ થાય છે. સરખાવો અવસ્તા **સસ્તિ**, ધાતુ **સશ્** શીખવવું, **સંઘ્** "કહેવું" ઉપરથી. અસલ એ નસ્કમાં સાઠ પ્રકરણો હતાં જેમાંથી **સેકંદર** પછી દસ મળ્યાં હતાં અને હમણાં આઠજ રહ્યાં છે.

૨–૨. **કામગ઼ રૂબાગીહ્ ઇ યજ઼દાન્ પતશ્ આવાયિશ્નીગ્.** વેસ્ટઃ "પવિત્ર શક્તિઓની મરજીનું આગળ વધારવું જે તેને જરૂરનું છે."

૩–૩. વેસ્ટનું વાંચણુ : **અયાદગીહ્** "યાદ" (જરથુશ્ત્રની).

૪. **વીનાવ્દહશ્ન્**, "નજરે પડે એવી રીતે."

૫. **હમ-નિશસ્તન્**, "સાથે બેસનારા અથવા મળનારા."

૬. **હન્-દેમાનીહ્** અથવા **હમ્-દેમાનીહ્**, શબ્દાર્થ "સાથે રેહેનાર ભાડુત તરીકે." સરખાવો અવસ્તા **દેમાન**, "ઘર."

૭. એટલે અમેશસ્પંદોથી. ૮. અથવા, **સમજણનું** મળવું.

૯–૯. **શામ-શાહ્**, અવસ્તા ધાતુ **રમ** "તાબેદાર હોવું," "આજ્ઞા માનવી."

(૪) **વિશ્તાસ્પ** સાથે લડવાને ખ્યઑન દેશનાં **અર્જાસ્પને**[1] **અએશ્મ** દેવે ઉશ્કેરવું;[2] (અને) તેનું જરથુશ્ત્રની સામે થવું; તે લડાઇ માટે **વિશ્તાસ્પની** તૈયારી,[3] અને આગળ વધવું,[3] અને વધુ તેજ બાબત વિષે.

(૫) "ઉત્તમ ન્યામત અશોઇથી છે..........."

બાબ ૧૧ મો.

વશ્તગ નસ્ક.

(૧) **વશ્તગ**[4] નસ્કના અવસ્તા અને તેનો પહલવી તરજુમો કોઇ સત્તાભરેલી રીતે આપણી પાસે જળવાયલો[5] નથી.

(૨)"અશોઇ સર્વથી સરસ ન્યામત છે.........."

---

૧. જુઓ દીનકર્દનું વૉલ્યુમ ૧૪ મું, પુસ્તક ૭ મું, પ્રકરણ ૩ જું, પા. ૨૮, ફુટનોટ ૭ મી.

૨. જુઓ વૉલ્યુમ ૧૩ મું, પુસ્તક ૭ મું, પ્રકરણ ૧ લું, ફ. ૯, પાનું. ૨૩, લીટી ૪ થી; અને જુઓ ગ્લોસરી એ શબ્દ માટે. ૩–૩. **આરાયિશ્ન વ રૂબિશ્ન.**

૪. એ નામનું વાંચણ ચોક્કસ નથી, કદાચ **વશ્તગ્**, **શતગ્**, અથવા **હુશ્તગ્** વંચાય. રવાયતો મુજબ એમાં બાવીસ ફ્રગર્દ હતી, પણ **સેકંદરના** વખત પછી ફકત ૭ રહી ગઇ. તેમાંની બાબતોનો ટુંક સાર એક રવાયતમાં એમ આપેલો છેઃ– "પહેલો ભાગ **અહુરમજ્દને** જાણવા, અને **જરથુશ્ત્રથી** થતાં યકીન વિષે છે. બીજો ભાગ રાજાઓની તાબેદારી, દીનની સચ્ચાઇ, ફરમાનો મુજબ ચાલવું, અને તેઓની સામે થવું, અને ખરાબ કામ કરવાથી કોઇને અટકાવવા વિષે છે. ત્રીજો ભાગ પરગજુ માણસોને આપેલું વચન, અને તેઓનો બદલો, પાપીઓને તેઓની સજા, અને દોજખથી છુટકારા વિષે છે. ચોથો ભાગ દુન્યાનાં મકાનો, ખેતીવાડી, ખજુરી જેવાં ઝાડોને તાછવું યાને છેજવું અને તેને લગતું જે બાકી હોય તે વિષે; માણસોને અને ચોપગાં જાનવરોને થતું દુઃખ અને મળતું જોર, અને તેઓએ દેખાડેલી તાબેદારી; તેઓને સંભાળવાનો ગુણ બક્ષેલો છે; અને જેબી તેને લગતું બાકી હોય તે વિષે; અને દસ્તુરો પોતાની ફરજ દીનના કાયદા મુજબ બજાવે છે. પાંચમો ભાગ માણસજાતની પદવી વિષે છે, જે પદવીઓ ચાર છેઃ પહેલી રાજાની, જેને દબદબાભરેલી રીતે, અને તે પછી જડજો અને દીનના વિદ્વાનોની, જેઓને રાખવા દબદબા સાથે; બીજી પદવી શહેરો પર પહેરો રાખનારા, અને દુશ્મનનો નાશ કરનારાઓની, ત્રીજી પદવી લેખકો અને તે પછી ખેડુતો તથા શહેરનાં મંડળોની; ચોથી પદવી વેપારી, કારીગરો, બજારનાં વેપારીઓની અને કર એકઠો કરનાર લોકોની છે, લડાઇનાં અયામમાં તેઓ ઉશ્કેરાયલા દેખાય છે; અને તેઓએ દસ્તુરોને તથા પાદશાહોને પોતાની આવકનો દસમો હિસ્સો આપવાની જરૂર છે; દસ્તુરો અને પાદશાહોને તેઓ નમન અને આગળ કહેલાં ભલાં કામો ચાલુ રાખે છે, અને જયારે તેઓ એમ કરે છે ત્યારે તેઓ સેવટે મોટો બદલો હાંસલ કરે છે." (જુઓ S. B. E. Vol. XXXVII. pp. 424—425).

૫. **પતવસ્તન**, "જોડવું," "સાંધવું"; અવસ્તા **પઇતિ–બન્દ.**

બાબ ૧૨ મો.

ચિત્ર-દાત નસ્ક.

(૧) **ચિત્ર-દાત**[1] નામનાં નસ્કમાં માણસોની જુદી જુદી જાતો વિષેની હકીકતો આવેલી છે; પહેલાં આદમી **ગયોમર્દ**ને[2] તેની શારીરીક[3] હાલત બતાવવા સારૂં[3] **અહુરમજદે** કેમ[4] પેદા કીધો;[4] અને પહેલાં જોડયાં,[5] **મસ્યે** અને **મસ્યાની**[6],કેમ[7] હૈયાતિમાં આવ્યાં.[8] (૨) અને ખનીરસ્ જે એક **કેશ્વર** છે તેમાંની[9] આદમજાતની પુરેપુરી વૃદ્ધી સુધી, તેઓના બચ્ચાંઓ અને સગાંઓ; અને છ ખંડો જે ખનીરસની આસપાસ આવેલા છે તેમાં તેઓની વહેંચણી.[10] (૩) જુદી જુદી જાતો[11] જે વિસ્તારીને[12] નિચે કહેલી છે, તેઓ જયાં ગઇ ત્યાં તેઓના સુલેહ[13] સંપજ સાથના વ્યવહાર માટે[13] વીખેરઈ[14] જવાને[14], પાક દાદારના દરેક જાતને જુદાં જુદાં ફરમાનથી હુકમ આપવામાં આવ્યો હતો; તેઓની જીંદગી અને ખોરેહ પેલી[15] દુન્યામાંથી[15]

---

૧. વધારે સારૂં વાંચણ **ચિત્ર-વશ્ત્**, (ફારસી, **ચિત્ર-ગશ્ત્**), "જાતોની હાલત અથવા બ્યાન," સરખાવો ફારસી **ગશ્ત**, "હાલત," "દશા," અને અવ. **ચિથ્ર**. વેસ્ટ : **ચિત્રો-દાદ્**, "પેદા થયલી જાતો." રવાયતોમાં એ **ચીદ્રશ્ત્** યા **ચીરશ્ત્** કહેવાય છે, જે રવાયતોમાં જણાવેલું છે કે એ નસ્કમાં અસલ બાવીસ પ્રકરણો હતાં.

૨. અહુરમજદે પેદા કીધેલો પહેલો માણસ (જુઓ **બૂન્દહિશ્ન**, પ્રકરણ ૩ જું, ૧૪–૨૩; ૪ થું, ૧; ૧૫ મું, ૧).

૩–૩. **ઓલ્ પએદાગીહસ્તન્ ઇ કેપીંહ્.**

૪–૪. શબ્દાર્થ: "ગયોમર્દની અહુરમજદની પેદાયશ કેમ થઇ ?" ૫. **દૂગીદગ્**, સરખાવો અવસ્તા **દુધ્** "દોહોવું." ફારસી **દૂશીદન્** ને **દૂશીદેહ્**, "જોડ."

૬. એઓનાં જન્મ અને પેદાયશ વિષે જુઓ **બૂન્દહિશ્ન**, પ્રકરણ ૧૫ મું.

૭. **મા આઇનીનગ્**, "કઇ રીતે." ૮. **વેહુવૂન્તન્**, શબ્દાર્થ : "-ની હયાતી કેમ (થઇ.)"

૯. **બએન્ મીયાનગ્**, "-ની હદમાં;" શબ્દાર્થ : "-ની વચમાં." પહલવી કર્તા નો અર્થ ખનીરસનો વચલો ભાગ નહીં, પણ તે આખો દેશ છે.

૧૦. **બખ્શિશ્ન**, અવ. **બજ્**, "વહેંચવું"; ફારસી **બખ્શીદન્**.

૧૧. **તઓંખ્મગ્ તઓંખ્મગ્.**

૧૨. **નામ્ચિ** સ્તીગ્, "(કોઇ બાબત) નામ દઇને અથવા વિસ્તારીને શીખવવું;" સરખાવો અવ. **નામન્** "નામ," અને **ચશ્**, "શીખવવું."

૧૩–૧૩. **આસ્તગ્ શેદુનિશ્નીગ્** (**શેદૂનિશ્નીહ્** ને બદલે), ૧૪–૧૪. ફારસી **અન્દાખ્તન્.** "શાંત અથવા મિત્રાચારીથી બીજે દેશ જવું," સરખાવો અવ. **આખ્સ્ત.**

૧૫–૧૫. **મિન્ તમા.** શબ્દાર્થ "ત્યાંથી;" (એટલે મીનોઈ જહાંનમાંથી.)

બક્ષવામાં આવ્યાં હતાં, તે વિષે. (૪) અને તેઓનું જુદા જુદા[1] ખંડોમાં[1] નીચે[2] ઉતરવું;[2] અને તેવીજ રીતે ખનીરસની સરહદપર રહેનાર લોકો વિષે; અને તેઓ કે જેઓએ તે ખનીરસની વચ્ચેની જગામાં પોતાના રહેઠાણો બનાવ્યાં હતાં તે, તેમજ અસલ જાતોમાંથી પેદા થયલા લોકોના દરેક ટોળાંના રેવાજોનાં મુળની[3] સમજણ વિષે.[3]

(૫) કાયદાઓ અને રેવાજોની પહેલી સ્થાપના[4] વિષે; ખેતીવાડીને[5] લગતી દુન્યા જે પેશદાદી વંશના **વાએગેરેદની**[6] ઉપર આધાર[7] રાખે છે, તેને ખેડવા અને જાળવવા વિષે;[8] પ્રાણીઓનાં રક્ષણ અને રેહનોમાહીના[9] કાયદા માટેની પાદશાહી અને રેવાજો જેનો આધાર[10] પેશદાદી વંશના હઑશ્યંઘ ઉપર હતો તે વિષે.

૧-૧. **ઓલ્ કએશ્વર્ કએશ્વર્.**

૨-૨. એટલે 'જુદી જુદી જાતોનું ઉતરી આવવું." સરખાવો ફારસી **નિશીબ્**, "નીચાણ." અવ. **નિ** અને ખ્શ્વએપ અથવા ખ્શ્વએવ, ધાતુ. ખ્શ્વપ્, "નીચે ગબડવું." અહીં **નિશોપ્, નિશીવીહ્** ને બદલે વપરાયલો છે.

૩-૩. બૂન્ **વિજાદ્‌ગીહ્;** સરખાવો ફારસી **ગુજાર્દન્**, "એક પીકચરની બહારની લીટીઓ કાઢવી;" ગુજારિશ્ "સ્વપ્નાની તાસીર," "સમજણ." વેસ્ટ: "અસલ વર્ણન." ૪. **હુન્‌એતૂનિશ્ન.**

૫. વાંચણ: દહ્ગાનીહ્, "ખેતી", "ખેતીવાડી". સરખાવો ફારસી દહ્કાન્, "ખેડુત", "તવારીખનવેશ". વેસ્ટનું વાંચણ: DP. મુજબ: **દિહાન્કાનીહ્**, "ગામની દેખરેખ." એ વિદ્વાન ધારે છે કે એ વાંચણ **ગેહાન્કાનીહ્** કરતાં બેહતર છે, જે શબ્દનો અર્થ "સંસ્થાન વસાવવું" (colonization) થાય. જુઓ **દીન્કર્દનું** પુસ્તક ૭ મું, વોલ્યુમ ૧૩ મું, પહલવી દિબાચો ફ. ૧૬, પા ૭, લીટી ૮:— **વ પવન્ હાન્ અવ્-ગામ્ મદ્ ઓલ્ વએગૅરૅદ વ હુઓશ્યંગ ઇ પેશ્દાત, મદમ નીવાર્દન્ ઇ બએન્ ગેહાન્ દાત ઇ દહ્ગાનીહ્, ગેહાન્ વર્જ્દારીહ્, વ દહુ-પતીહ્, વ ગેહાન્ પાનગીહ્.**

૬. **બુન્દહિશ્ન** (પ્રકરણ ૧૪ માં) મુજબ બન્ને **સામના** પૌત્ર હતા. (જુઓ Sachau's Alberuni, pp. 206, 211). DM. (૧૬ મા ફકરાનાં પહલવી લખાણ) મુજબ, દુન્યાનો પહેલો પાદશાહ **વએગૅરૅદ** હુઑશ્યાંગનો છોકરો થતો હતો. (જુઓ **બુન્દહિશ્ન**, પ્રકરણ ૩૧ મું, ૧;૩૪ મું, ૩,૪.)

૭. **મદમ.** ૮. **પર્વતારીહ્**, અવ. વર્ "રક્ષણ કરવું".

૯. **રાયીનીદારીહ્.**

૧૦. અવસ્તા **પરધાત**, અથવા પહલવી **પીશ્દાત** એ પેશદાદ વંશના આગલા પાદશાહોનો એલ્કાબ છે.

(૬) હઑષ્યંઘ, જે પહેલો સાતે કેશ્વરોનો રાજા (હતો), તેના નબીરાઓની,[1] અને તખમ-ઉરૂપ[2] (તેહમુરસ્પ) જે તેનાથી બીજો (હતો), તેની હકીકત, અને પહેલી પેદાયશથી છેક યિમ[3] (જમશીદ) સુધીના સીધાં વંશની હકીકત. (૭) અને સાતે કેશ્વરોના ત્રીજા પાદશાહ યિમના નબીરાઓની હકીકત, તેના જમાનાને લગતું જ્ઞાન, અને પહેલી પેદાયશથી છેક યિમના અમલના છેડા સુધીનો તેના જમાનાનો સુધારો વધારો.

(૮) અને બુરી દીનવાલા, દુષ્ટ પાદશાહ દહાક (ઝોહાક)નું[4] બ્યાન; હઑષ્યંઘના ભાઇ, અને આરઓના પિતા, તાજ[5] સુધીની તેની વંશાવળી, અને તેનો અને તેના જમાનાનો અહેવાલ; યિમના માથાળુ અમલના છેડાથી

---

૧. તઑખ્મન્, "નબીરો".

૨. પહલવી તાખ્મ-ઊરીપ, અવ. તખ્મ-ઉરૂપ, ફારસી તહ્મૂરસ્પ, એ હઑશ્યંઘનો પૌત્ર અને ઇરાનનો બીજો પેશ્દાદી પાદશાહ હતો; એને રામ યશ્તના ફ. ૧૧ માં, અજ્નિવાઓ, પહલવી જયનાવન્દ, "હથ્યારવાળો" કહેલો છે.

૩. અવ. યિમ--ખ્શએત, ફાર્સી જમર્શીદ, પેશ્દાદી વંશનો ત્રીજો પાદશાહ અને તખ્મ-ઉરૂપનો ભાઇ તથા વારસ, જે વેદમાં વિવસ્વત્‌ના છોકરા યમ તરીકે જણાયલો છે. ત્યાં તે પહેલો માણસ, પેહલો મરણને શરણ થનાર, અને પરસ્તેશની સંસ્થાનો પહેલો સ્થાપન કરનાર છે. (જુઓ દીન્કર્દ, પુસ્તક ૭ મું, દીબાચો, ફ. ૧૯–૨૪. બુન્દહિશ્ન, પ્રકરણો ૩૧ મું, ફ. ૨–૫; ૩૪ મું, ફ. ૪.

૪. અવ. અજ્શિ-દહાક, શબ્દાર્થ "ડંખતો સાંપ", પરદેશી રાજા જે યિમને હરાવી તેની ગાદીએ બેઠો હતો (જુઓ બુન્દહિશ્ન, પ્રકરણો ૩૧ ને ૩૪ માં); જમ્યાદ્ યશ્ત્ ફ. ૪૬; અને દીન્કર્દ, પુસ્તક ૯ મું, પ્રકરણ ૧૯ મું (સૂદ્ગર નસ્ક). એની માનું નામ વદક્ મળે છે. (અવ. વધ્ઘન, વંદીદાદ, પ્રકરણ ૧૯ મું, ફ. ૬). દહાકને બેવરસ્પ એટલે "હજારો ઘોડાવાળો" કહેલો છે. અજિ-દહાકની હાર પછી તેને દમાવંદ પહાડપર બાંધેલો છે, જ્યાં તે રીસ્તાખેજ સુધી રહેશે, જે વખતે તેને કેરેસાસ્પ અથવા ફ્રએદુન મારશે.

૫. અસલ પેદા કીધેલી પંદર જાતોમાંથી "માણસની ૭ જાતો બનેલી હતી", એમ બુન્દહિશ્ન કહે છે, "જે ખનીરસમાં રહી હતી; એ ૭ માંથી એક જોડાંમાંના મરદનું નામ તાજ્ હતું, અને સ્ત્રીનું નામ તાજગ્ હતું, અને તેઓ તાજીગો (આરબો)ના મેદાનમાં ગયાં, અને એક જોડાંમાંના મરદનું નામ હઑષ્યંગ, અને સ્ત્રીનું ગૂજગ હતું, અને તેઓથી ઇરાનીઓ ઉત્પન્ન થયા, અને એક જોડાંમાંથી માજન્દરાન્‌નાં લોકો પેદા થયાં હતાં." (S.B.E., વૉલ્યુમ ૫ મું, બાબ ૧૫. મો, §§ ૨૭–૨૮, પાનુ ૫૮.

ઝોહાકનાં બુરાં રાજના છેડા સુધીના વખતનું આગળ વધવું, અને ચિમથી ફ્રેદૂન[1] સુધીની વંશાવળી.

(૯) ખનીરસના પાદશાહ ફ્રેદૂનનું બ્યાન, ઝોહાકપર તેની ફતેહ, માઝન્દરાન[2]ના દેશના લોકોની હાર, અને ખનીરસ કેશ્વરની તેના ત્રણ દીકરાઓ સેલમ, તુજ, અને એરચ[3] વચ્ચે વહેંચણી; જે દીકરાઓનું પાત્સ્રૂબ,[4] જે આરબોનો રાજા અને તાજનો સગો થતો હતો, તેની છોકરીઓ સાથે લગનથી જોડાવું; અને તેઓ દરેકના છુટા છુટા વંશનું, અને તેઓનું બ્યાન. (૧૦) એરચના[5] નબીરા,[5] ઈરાનના માનૂશ્ચીહર (મીનોચેહર)ની પાદશાહીનું બ્યાન. (૧૧) તુરાનનો રાજા અફ્રાસીયાબ, જે તુજનું રાજ

---

૧. ફ્રેદૂન્, થ્રએતઑન, આથ્વ્યનો છોકરો, સાધારણ રીતે આથ્વ્યાની કહેવાય છે; શાહ-નામામાં ફરીદૂનને આબ્તીનનો દીકરો કહેલો છે. અવસ્તામાં એનું નામ વારેઘડીએ મળે છે. જુઓ યશ્ત ૫ મી, ફ. ૩૪; ૯ મી, ફ. ૧૪;૧૩ મી, ફ. ૧૩૧; ૧૪ મી, ફ. ૪૦; ૧૫ મી, ફ. ૨૪; ૧૭ મી, ૩૪; અને યસ્નનો હા ૯ મો, બુન્દહિશ્ન, પ્રકરણ ૩૧ મું, ફ. ૭ માં મુજબ તે યિમનો નવમો વંશી છેઃ વીવંઘાઊનો છોકરો યિમ તેનો છોકરો વન્ફ્રઘેશ્ન, તેનો છોકરો રમક–તોરા, તેનો છોકરો ગેફ્ર–તોરા, તેનો છોકરો સ્પેત–તોરા, અને તેનો છોકરો સીયાક–તોરા, તેનો છોકરો બોર–તોરા, તેનો છોકરો સોક–તોરા, તેનો છોકરો પૂર–તોરા, અને તેનો છોકરો ફ્રેદૂન આસ્પીયાન.

૨. કેસ્પીઅન સમુદ્રના દક્ષિણ કીનારે આવેલો બુતપરસ્ત દેશ, જયાંનાં લોકોને અવસ્તામાં માઝ્ઇન્ય–દએવ (માઝન્દરાનના દેવો) કહેલા છે.

૩. ફ્રેદૂનના ત્રણ છોકરા હતા, અર્નવાજ્ (અવસ્તા ઍરૅનવાચ)થી અઇર્યુ, અને શહર્નવાજ્ (અવસ્તા સવંઘવાચ) થી તુર ને સઇરિમ. તેઓના પિતાની મરજી પ્રમાણે એ ત્રણ છોકરાઓ અનુક્રમે ઇરાન, તૂરાન અને રૂમના પાદશાહો થયા. અઈર્યુનું તેના ભાઇઓને હાથે ખુન થયું, જેનો કીનો તેના પુત્રના પૌત્ર માનૂશ્–ચિહરે લીધો, જે ફ્રેદૂન પછી ગાદીએ આવ્યો.

૪. પાત્સ્રૂબ બેહતર પાત–હસ્રવ (પુસ્તક ૭ માં, પાતખ્સ્રૂબ)નું નામ બુન્દહિશ્ન, પ્ર. ૩૧ મું, ફ. ૬ માં આવે છે અને પહલવી વંદીદાદ, પ્ર. ૨૦ મું, ફ ૧: બાહર્–આઓમન્દાન્ તૂબાનીગાન્ ચીગૂન્ પાતખ્સ્રૂબ્. આરબોના પાદશાહ તાજના છોકરા અઇર્યેફ્સ્વાનો એ છોકરો હતો, (જુઓ દીનકર્દ, પુસ્તક ૭ મું, પહેલવી દીબાચો ફ. ૩૪). શાહનામા મુજબ ફ્રેદૂનના ત્રણ છોકરાઓ યમનના શાહની ત્રણ છોકરીઓ સાથ પરણ્યા હતા. યાદગારે-જ્રીરાન્ માં કએ–વિશ્તાસ્પના ભાઇનું નામ પાત્–ખૂસ્રૂ મળે છે.

૫–૫. માનૂશ્ચીહર્, અઇરીચની એકલી દીકરી ગૂઝ્ગનો વંશી હતો, તેણી માનૂશ્–ઇ-ખૂર્શેદ્–વીનીગ્ની માવતર થતી હતી, જે માનૂશ-ખૂર્નારનો બાપ, જે માનૂશ્–ખૂર્નાર માનુશ્ચીહર્નો બાપ હતો. આ ગૂઝ્ગને વળી પાઝ્ન્દ જામાસ્પ-નામામાં વિરાગ્ કહેલી છે.

ધરાવતો હતો[1] તેનું, તથા તૂમાસ્પ[2] ના છોકરા **અઉજબ** જે ઇરાનનો પાદશાહ અને **માનૂશ્ચીહર**નો નબીરો, તેમનું[2] બ્યાન.

(૧૨) **કવી–કવાત**[3] (કયેકોબાદ) **કયાનીઓ**નો નીયાગાન, અને ઇરાનનો પાદશાહ, અને મહાન **કેરસાસ્પ**[4] જેની પાસે તુજનું રાજ હતું,

---

૧. પહલવી, **તૂજ્-આઓમન્દ**, અથવા **તૂજ્-આવન્દ**; શબ્દાર્થ "તૂજનું રાજ ધરાવતો," વેસ્ટ: **તૂજ્–હોમોન્દ**, "પસ્તાતો," "લૂટતો." એનો અર્થ "તૂજના વંશનો" બી થાય. **તૂજ ફ્રએદૂન**ના ત્રણ છોકરાઓમાંનો એક હતો.

૨–૨. **દીન્કર્દ**, પુસ્તક ત્રીજું, ફ. ૧૭૬ માં (દસ્તુર સાહેબ પેશોતનજી બે. સંજાણાની આવૃત્તિ, વોલ્યુમ ૫ મું) **અઉઝૂબ**નાં હેરત ભરેલા સહાસ કર્મોનું બ્યાન આવેલું છે. **બૂન્દહિશ્ન** પ્ર. ૩૧, અને ૩૪ મામાં તેને વિષે એશારાઓ મળે છે, ત્યાં તેને **અગાઇમસ્વક**ના ત્રણ છોકરાઓમાંના એક તરીકે જણાવેલો છે. અવસ્તામાં તેને **ઉજવ તૂમાસ્પન્** (**યશ્ત્** ૧૩ મી, ફ. ૧૩૧); શાહનામામાં **ઝૂ–બિન્–તહમાસ્પ** કહેલો છે. **દીન્કર્દ** પુસ્તક ૭ મું, દીબાચો, ફ. ૩૧ માં તેને **માનૂશ્ચીહર**નો નબીરો કહેલો છે (જુઓ મારૂં વોલ્યુમ ૧૩ મું).

૩. અવસ્તાનો **કવિ–કવાત**, (**ફ્રવર્દીન યશ્ત**) ફ. ૧૩૨; **ઝમ્યાદ યશ્ત**, ફ. ૭૨, અને **શાહનામા**નો **કએ–કોબાદ**. **બૂન્દહિશ્ન**, પ્રક. ૩૧ મું, ૨૪ મુજબ એ તૂ**મા–સ્પ**ના દીકરા ઉઝવનો પાલક કરી લીધેલો છોકરો હતો:– **કવાત અપુર્નાએ બએન્ વસ્પૂર્તી યેહવુન્ત્, અફ્શાન્ પવન્ રૂદ્ બરા** શેદ્કૂન્ત્, **પવન્ કવાતગાન્ બરા અપ્સર્દ, અઉજ્બ બરા** ખદીતૂન્ત્, **બરા યેન્સેગૂન્ત્, બરા ફ્રારૂન્ ફ્રઝન્દ્ વિન–સ્તણ્ વ વીત શેમ્ હન્ખેતૂન્ત્.** "તેઓએ બાળક **કવાત**ને કપડામાં વીંટાળીને નદીપર છોડી દીધો હતો; તે એક બારણાના ઉબરપર બેસુદ્ધ પડેલો હતો, ત્યાં તેને **અઉઝૂબે** જોયો; તેણે તેને ઉંચકી લઇ તે સુદ્ધ વગરનાં અને ખોવાયલાં બાળકને તુરતજ તે (**કવાત**) નામ આપ્યું." સરખાવો ફારસી, **કિવાદહ્**, "ઉબર," "બારણાંનો લાકડાંનો ઉમરો." **કવી–કવાત** ઇરાનનાં **કયાનીઅન** વંશનો સ્થાપનાર હતો, અને (**ઝમ્યાદ યશ્ત**, ફ. ૭૨ મુજબ,) **ઇરાન**નો બ્હાદુર, જોરાવર, તંદરોસ્ત, ડાહ્યો, સુખી અને પરાક્રમી પાદશાહ હતો. **બૂન્દહિશ્ન** પ્રક. ૨૭ મું, ફ. ૭ મુજબ, **કાંસવ** સરોવર કયાનીઅન પાદશાહોનું રેહઠાણ હતું. **કવી–કવાત**ને એકજ છોકરો **કવી–અઇપિવંઘુ** નામનો હતો. આ કયાનીઅન પાદશાહતના સ્થાપનાર વિષે વાંચો **દીનકર્દ**, પુસ્તક ૭ મું, દીબાચો, ફ. ૩૩ મો.

૪. અવ. **કેરેસાસ્પ**, **થ્રિત**નો દીકરો, **ઉર્વાખ્શય**નો ભાઈ, અને **સામ**નો નબીરો. તેનો અવસ્તા એલ્કાબ **નઇરેમનાઓ** છે. **શાહનામા**માં એને શાહ-**ગર્શાસ્પ, અસ્રત**નો છોકરો, અને **કએ-કોબાદ**ની આગળ થઇ ગયલો જણાવેલો છે. તેનું નામ **દીન્કર્દ**, પુસ્તક ૭ મું, દીબાચો, ફ. ૩૨; પુસ્તક ૯ મું, પ્રક. ૧૫ મામાં મળે છે. એને માટેના વિગતવાર એશારાઓ માટે જુઓ S. B. E., વોલ્યુમ ૧૮ મું, સફા ૩૬૯–૩૮૨ વેસ્ટની; Appendix I., "**કૅરૅસા–સ્પ**ને લગતી કથાઓ;" વળી જુઓ **યસ્ન** ૯ મા, ફ. ૩૧, ૩૬, ૩૯, **વંદીદાદ**, પ્રક. ૧લું, ૩૬; **યશ્ત** ૫ મી, ૩૭: ૧૩ મી, ૬૧, ૧૩૬; ૧૫ મી, ૨૭; ને ૧૯ મી, ૩૮–૪૪. **કૅરૅસાસ્પ** પોતાનાં જબરાં શારીરીક બળ માટે જાણીતો હતો. તેણે સ્રવર, **ગન્દરેવ**, **પથન**નાં બચ્ચાંઓ, **નિવિક**, અને **દાસ્તયન**, **હિતાસ્પ**, **વરેશવ**, **દાન**, **પિતઓન**, **અરેઝો–શેમન**, **સ્નાવિધક** અને બીજા ઘણા દેવોને માર્યા હતા.

તેઓ વિષે. (૧૩) અને **કએ-ઉસ**[1] (કયેકાઉસ) જે કવાતનો નબીરો અને સાત કેશ્વરોનો ક્યાની પાદશાહ. (૧૪) અને **કએ-હઔસ્રવ**[2] (કયેખોસ્રો) જે **સીયાવખ્શનો** છોકરો અને ખનીરસનો રાજા. (૧૫) અને ઇરાન, **તુરાન**,[3] અને **સેલમાનના** લોકોની ઘણીક બાબતોનું વિગતવાર બ્યાન; શાહ **લોહરાસ્પ**,[4] અને શાહ ગુસ્તાસ્પ;[5] અને **સ્પીતામાન જરથુશ્ત**, **અહુર-મઝદની** દીનના પએગમ્બરના વખત સુધી; અને **ફ્રએદૂનની** પાદશાહીના પહેલા વખતથી **જરથુશ્તનાં** ખુદાઇ મુલાકાતે[6] આવવા સુધીના જમાનાનું આગળ વધવું.

---

૧. અવ. **કવિ-ઊસ**, કવિ-**અઇપિવંઘુનો** છોકરો અને **યશ્ત** ૧૩ મી, ફ. ૧૩૨ ને, કવિ-**ઉસધન**. યશ્ત ૧૪ મી, ફ. ૩૯ મુજબ, **વારેન્જન** પક્ષીએ, જ્યારે કયે-કાઉસે ગરૂડ પક્ષીઓથી ખેંચાયલાં તખ્તપર આકાશમાં ઉંચે જવાની કોશેશ કીધી ત્યારે "**કવિ-ઊસના** રથને ઉંચકયો." તે બીજો કયાનીઅન પાદશાહ, અને **સ્યાવર્શનનો** બાપ હતો. તેના ભાઇઓ **અર્શન**, **પિસનહ્** અને **બ્યાર્શન્** હતા.

૨. અવ. **કવિ-હુઓસ્રવ**, સાધારણ રીતે **કએ-ખસ્રુ** કહેવાય છે. ઇરાન અને **તુરાન** વચ્ચેની ચાલુ લડાઇ, **પેશ્દાદી** શાહ **મીનોચેહરથી** **કએ-ખૂસ્રૂ** સુધી, **ઇરાનની** તવારીખ માં જાણીતી છે. **કએ-ખૂસ્રૂના** વખતમાં એનું મુખ્ય કારણ **અફ્રાસ્યાબે** કીધેલું **કએ કાઉસના** દીકરા **સ્યાવખ્શનું** ખુન હતું. **સ્યાવખ્શને** તેના બાપે કહાડી મૂકયા પછી તે **અફ્રાસ્યાબ** પાસે જઇ તેની દીકરી સાથે પરણ્યો, પણ તેને આપવામાં આવેલાં માનથી **કર્સિવઝ** (અવ. **કૅરૅસવઝ્દ**) અદેખો થયો, અને ખોટાં બોહનાનો જોડી **અફ્રાસ્યાબને** **સ્યાવખ્શને** મારી નાંખવા સમજાવ્યો ને તેનો કીનો તેના છોકરા **કએ-ખૂસ્રૂએ** લીધો; (જુઓ **યશ્ત** ૯મી, ફ. ૨૨; ૧૯, ફ.૭૭; **દીન્કર્દ**, પુસ્તક ૭ મું, વોલ્યુમ ૧૩ મું, દીબાચો, ફ. ૩૮-૩૯; **બુન્દહિશ્ન** પ્રક. ૩૧ મું).

૩. એટલે **ફ્રવર્દીન્ યશ્ત**, ફ.૧૪૩ માં જણાવેલા **અઇર્ય**, **તુઇર્ય**, અને **સઇરિમ** દેશોના લોકો.

૪. અવ. **અઉર્વત્—અસ્પ**, જેને **યશ્ત** ૫ મી, ફ. ૧૦૫ માં **વિશ્તાસ્પનો** પિતા જણાવેલો છે. તે **કએ-ખૂસ્રૂનો** દુરનો સગો હતો, અને તેના પછી તે ગાદીએ આવ્યો. **દીન્કર્દ** પુસ્તક ૫ મામાં (શરૂઆતમાં), અને **દીના-ઇ-મઇનુગ્-ઇ-ખ્રતુમાં** એને વિષે એશારાઓ મળે છે. અવસ્તા **યશ્ત** ૧૩ મી, ફ. ૧૦૧; અને **બુન્દ**, પ્ર. ૨૯ માં મુજબ એના કેટલાક દીકરાઓ હતા, જેમાના **જઇરિ-વઇરિ** (પહલવી **જરીર**) અને **કએ-વિશ્તાસ્પ** ઇતિહાસમાં જાણીતા છે.

૫. અવ. **કએ-વિશ્તાસ્પ**,જેણે **જરથુશ્તની** દીન કબુલ કીધી, અને તેણે તે દીન દુન્યામાં બધે ફેલાવવામાં મદદ કીધી. તેની **અરેજત્-અસ્પ** અને બીજા **જરથુશ્ત્રના** શત્રુઓ સાથની દીનની લડાઇનું બ્યાન પહલવી **યાદગાર્-ઇ-જરીરાન્** માં મળે છે. અવસ્તા અને પહલવી લખાણોમાં **કએ-વિશ્તાસ્પનું** નામ વારે ઘડીએ આવે છે.

૬. એટલે, **જરથુશ્તની** **અહુરમઝ્દ** સાથની પહેલી મુલાકાત સુધી.

(૧૭) અને તે જમાના પછીથી ઘણાક વંશો અને ઘણાક અહેવાલો, જેમ એજ નસ્કમાં આવે છે[1] તેમ અહિં આપવામાં આવ્યા છે; અને તેઓની ખાસ્યતો[2] જેવી રીતે તેમાં આવેલી[2] છે તેમ અહિં આપવામાં આવી છે; જેમ કે **સાસાન**નાં વંશજો, જેઓને અને જેઓની પાદશાહીને તેમાં[3] સંપુર્ણ આશીર્વાદ પામેલાં[4] ગણેલાં છે.[5] (૧૮) અને **માનૂશ્ચીહર**ના વંશમાં **નઓદર,**[6] **યોશ્ત-ક્રયાન,**[7] **સ્પેન્તોદાત**નો[8] છોકરો **વોહુમન,**[8]

૧. **મનીતૂન્ત્ યેગવીમૂનેદ્,** "કહેવામાં આવ્યા છે."

૨-૨. **ઓલ્ યેહવૂન્ત ગઓહરીહસ્ત.** ૩. એટલે તે નસ્કમાં.

૪. **હૂ-આક્રોતાન્;** સરખાવો અવ. હૂંક્રિત, "ઘણું-ચાહવાયલું," અવ. **હૂ** અને **આક્રિ,** "પ્યાર કરવો." "વખાણવું." ૫. **મનિ**તૂનેદ્.

૬. અવ. **નઓતર; બૂન્દહિશ્ન,** પ્રક. ૩૧ મું, ફ. ૧૩ મુજબ: "**માનૂશ-ચીહર**ના છોકરાઓ **ક્રિશ્,** **નઓદર્,** અને દૂરાસ્રૂબ્ હતા." **નઓતર**ના બે દીકરા તુસ અને **વિસ્તઉરૂ** હતા, જેઓના નામ **આવાં યશ્ત** ફ. ૭૬ માં મળે છે. **શાહનામા**માં **નોદર**ના છોકરાનાં નામ તૂસ્ અને **ગુસ્તહમ્** છે. **નઓતર**નાં કુટુંબ વિષે **યશ્તો**માં વારંવાર એશારાઓ મળે છે. **કએ-વિશ્તાસ્પ**ની રાણી **હુતઓસ** એજ કુટુંબની હતી.

૭. **યોશ્ત-ક્રયાન** નામ અવસ્તામાં જાણીતું છે, જેમકે **યશ્ત** ૫ મી, ફ. ૮૧; ૧૩ મી, ફ. ૧૨૦:-**યોઈશ્તો યો ક્રયાનનાંમ્,** એ શાહ **માનુશ્-ચીહર**થી ઉતરી આવેલો છે, જેનો આગલી નોટમાં આપેલો છોકરો **ક્રિશ,** અવસ્તા **ક્રયા** અથવા **ક્રયાન**નું એ પહલવી વાંચન લાગે છે. **યોશ્ત-ઈ-ક્રયાન**ની પહેલવી વાત (જે સાધારણ રીતે "**માદિગાન્**-ઇ-ગોશ્ત-**ઈ-ક્રયાન**" કહેવાય છે તે)નો હાઉગ અને વેસ્ટે ઇંગ્રેજીમાં તરજુમો કર્યો છે. તેમાં **અખ્ત-જાદુ** નામના જાદુગર અને નાસ્તીકે પૂછેલાં તેત્રીસ ઉખ્યાણાંને માઝદયસ્ની **ગોશ્ત્-ઇ-ક્રયાન** તરફથી અપાયલા જવાબો આવેલા છે; વળી કહે છે કે પછી **ગોશ્ત-ઈ-ક્રયાને** તે જાદુગરને ફકત ત્રણ સવાલો પૂછ્યા જેના તે જવાબો આપી શકયો નહીં, અને તેનાં પરિણામે **અખ્ત**નો એક અવસ્તા નીરંગનાં બળથી તે માઝદયસ્નીએ નાશ કર્યો. આ વાત **ઓએડીપસ**ની કથા અને **પોર્ટબર્ગ**ની લડાઇની જર્મન વાર્તા સાથે સરખાવવામાં આવે છે.

૮-૮. અવસ્તા, **વોહુ-મનો, વિશ્તાસ્પ**ના છોકરા **સ્પેન્તો-દાત**નો છોકરો, અને શાહનામામાં એને **ઇસ્ફન્દયાર**નો દીકરો **બહમન** કહેલો છે. પહલવી **બહમન યશ્ત** (પ્રકરણ ૨ જું, ફ. ૧૭) માંનો **અર્દશાર-ઈ-કયાન,** વળી જુઓ **બુન્દહિશ્ન,** પ્રકરણ ૩૧ મું, ફ. ૨૯; અને ૩૪ મું, ફ. ૮, જેમાં એમ કહેવામાં આવ્યું છે કે **બહમને ઇરાન**માં બાર વરસ રાજ્ય કર્યું. તેનું રાજ્ય **વોહુમન યશ્ત,** પ્રકરણ ૨ જું, ફ. ૧૭ માં રૂપેરી જમાના તરીકે જણાવેલું છે. **દીનકર્દ,** પુસ્તક ૭ મું, પ્રકરણ ૬ ઠાં પ્રમાણે (જુઓ મારૂં વોલ્યુમ ૧૪ મું, ફ. ૪, પા. ૪૮). પાદશાહ **વોહુમન**ને અવસ્તામાં નીચે મુજબનો જણાવ્યો છેઃ—"વોહુમન, સાચ્ચો અને માઝદયસ્નીઓમાંથી કોમની સૌથી સરસ વ્યવસ્થા કરનાર." તેનો બાપ **સ્પેન્તોદાત** જે તેના બાપ અને **અર્જાસ્પ** વચ્ચે જાગેલી ધર્મને લગતી લડાઇમાં પોતાની લડાયક ફતેહો માટે જાણીતો છે. **શાહનામા** મુજબ તેને ઇરાની પહેલવાન **રૂસ્તમે** હરાવી મારી નાખ્યો હતો.

અવરેથ્રબહનો[1] પીતા **આતરોપાત** તે **મહરેસ્પંદનો** છોકરો એ સઘળા છે; અને તેઓનું કુદરતી ડહાપણુ[2] જે ભવિષ્યને માટે જાણીતું રહેશે તે કેવું[3] હતું તે વિષે. (૧૯) વળી એક પાદશાહીના ઘણીક પ્રકારના હુનર અને ખોરેહ કેવાં હોવાં જોઇએ તે વિષે; (જે પાદશાહીએ) પોતાના વારસોને[4] આગળ વધતાં, સુધારાઓ કરતાં શીખવ્યું[4] અને જેથી તે વારસોપર

---

૧. અવસ્તા **અવરેથ્રબંધ્; ફ્રવર્દીન યશ્ત,** ફ. ૧૦૬, "**અવરેથ્રબંધો શશ્તરે-વઘેન્તોઇશ્ અશઑનો ફ્રવશીમ્ યજ્મઇદે.**" અહીં એ જાણવા લાયક છે કે આએ પ્રકરણમાં ટાંકેલા અવસ્તામાંના ઈતિહાસીક એશારાઓ **પેશદાદી** અને **કયાની** પાદશાહો વિષેજ છે, અને છેવટે **જરથુશ્ત્ર**ના જમાનાના અશો દસ્તુર **અવરેથ્રબંધ્** આવે છે. તે જરાબી શક વગર પુરવાર કરે છે કે હાલના **અવસ્તા** લખાણો **હુખામની** જમાનાની પહેલાં રચાયલાં હોવાં જોઇએ. પહલવી લખાણો જે ઘણાં પાછળથી લખાયલાં છે તેમાં આપણને **વોહૂમન**ની છોકરી **હુમાય, દારા, સીકન્દર, અશ્કાનીઓ** અને **સાસાનીઓ** અને **આરબોના** અમલ વિષે પણ એશારાઓ મળે છે. આએ અવસ્તાના **શશ્તરે-વઘન્તની મારેસ્પંદ**ના છોકરા **આતરોપાત** તરીકે જે ઓળખાણ **દીનકર્દ**નાં ૮ માં પુસ્તકના રચનારે આપી છે, તે ખુલ્લી એક ભુલ જણાય છે, કારણકે આએ **આતરોપાત** સદીઓ પછી એટલે **સાસાની** પાદશાહ **શાહપૂર** બીજો, જેનો તે વડો વજીર અને દસ્તુર હતો, તેના વખતમાં થઇ ગયો હતો. એવી ઓળખાણ માટે દીનકર્દના લખનારે કાંઇપણ પુરાવો આપ્યો નથી. તે કદાચ કોઇ પાછળના લખનાર અથવા નકલ કરનારનો ઉમેરો હોય. **શશ્તરે-વઘેન્ત** એ **આતરો-પાત** હોઇ શકે નહીં, કે તેનો છોકરો **અવરેથ્રબહ જરથુશ્ત્ર** હોઇ શકે નહીં, તેનાં કારણો નીચે મુજબ છેઃ **ફ્રવર્દીન યશ્ત**માં આવેલાં નામોની ટીપ, જયાંસુધી આપણે તે નામો ધરાવનારાઓને ઓળખી શકયે ત્યાંસુધી, તેઓ જે જમાનામાં થઇ ગયા હોય તેના ક્રમમાં ગોઠવવામાં આવી છે. જો એમજ હોય તો, **શશ્તરે-વઘેન્ત**નો છોકરો, **અવરેથ્રબહ**, પેગમ્બર **જરથુશ્ત્ર**ના નજદીકના જાયનશીનોની સાથનો હોવો જોઇએ. **ફ્રવર્દીન યશ્ત**માં આવેલાં નામોમાંનું કોઈપણ **સાસાની** જમાનાનું નામ હોય એમ જણાતું નથી. **આતરોપાત**ના છોકરા **જરથુશ્ત્ર**ના કરતાં **અરેત-ક્ષથ્ર** અને **તનૂ-સર**નાં નામો એ ટીપમાં વધારે લાયક થઇ પડે. તેથી **કયાની** જમાનાનો **અવરેથ્રબહ** અને **સાસાની** જમાનાનો **અવરેથ્રબહ**, એટલે **આતરોપાત**નો છોકરો, એ બે વચ્ચેનો ફરક સંભાળથી નોંધવો જોઇએ. (જુઓ દીનકર્દ, પ્રકરણ ૬ ઠું, ફ. ૨૦). **અવરેથ્રબહ**ને માટે વાંચો **વેસ્ટ**ની સરસ ફૂટનોટ પાને ૨૯-૩૦, S. B. E. Vol. XXXVII.

૨. **વ અએદુનીહ્ ઇ આસ્નો ઇચ્ પવન્ ચેહુવૂનેદીહ્ ચેગવીમુનેદ્.** સરખાવો અવસ્તા **આસ્ન**, "જાતિ અકકલ", એ વાકયનો અર્થ એ છે કે **આતરોપાતનું** ઉંચું ડહાપણ લાંબો વખત સુધી યાદ રહેશે. અને ભવિષ્યની ઓલાદો તેને વખાણશે. **વેસ્ટ** નીચે મુજબ તરજુમો કરે છેઃ "અને તેની હયાતિ (DP. મુજબ **હઇતોઇહ્** વાંચી) પછી પણ, ભવિષ્યને માટે રહે છે."

૩. પહલવી, **અએદૂનીહ્.**

૪-૪. (**ફ્રશકર્દ રૂબિશ્નીગ્**) **ઓલ્ તઑખ્મગાન્ બાખ્ત**, "જાયનશીનો વચ્ચે વહેંચી આપ્યાં."

સુભાગ્ય[1] અને કીર્તિ[1] પ્રસન્ન થયાં, જેથી જ્યાંસુધી રિસ્તાખીઝ પુરો થશે નહીં ત્યાંસુધી તેઓ છુટા[2] પડશે નહીં.[2]

(૨૦) [3] જુદા જુદા ધંધાઓને[4] લગતું અસલ જ્ઞાન, અને જુદા જુદા જમાનાઓની હુશ્યારી[5] અને ઉદ્યોગ; અને દુશ્મન (**અહરમન**) તરફથી જે હાની ઉપ્તન્ન થાય છે તે દાબી દેવા માટેની માણસને મળેલી પુરતી[6] વાકેફ્ગારી[6] વિષે; શરીરની જતન (અને) રવાનનાં તારણ વિષે; **જરથુશ્ત્ર**નાં આવવા આગમજનો દાદાર (**અહુરમજદ**)નાં ફરમાન મુજબનો આએ દુન્યાનો ફરજયાત કારોબાર;[7] (તેનું) ખુદા પાસેથી રોશણીનું[8] લાવવું,[8] અને જુદે જુદે વખતે દીનના પેશવાઓના સંબંધમાં શું બન્યું તે; અને એવીજ બાબદો વિષે જે વધુ હોય તે.

(૨૧) "અશોઇની ન્યામત સૌથી ઉત્તમ છે........"

૧-૧. વાંચોઃ **વખ્ત**, (ફ્રાસીં, બખ્ત્) **વરેચ** (અવ. **વરેચંઘ્**) "સુભાગ્ય, (અને) કીર્તિ." એ **વખ્તવર-ઇચ**બી વંચાય, સરખાવો ફારસી **બખ્તાવર્**, અથવા પહલવી **બખ્ત્યાવર્**, "નશીબવાન" "ભાગ્યવંત."

૨-૨. **અબુરીદ્**, સરખાવો ફ્રાસીં **બુરીદન્**, "કાપવું."

૩. ફકરાઓ ૧૭ થી ૨૦ મા વિષે હું ડૉ. વેસ્ટનાં મત સાથ મળતો થાઉં છું કે "૧૭થી ૧૯ મા ફકરાઓ **શાહપૂર** બીજો અથવા **સાસાની** રાજના પાછલા વખતમાં લખાયલી ચોપડીઓ વિષે એશારો કરે છે. જ્યારે ૧ થી ૧૬ મા ફકરાઓ કોઈ અસલનાં લખાણો, જે હાલની અવસ્તા કેતાબોને મળતાં આવે છે તોપણ કાંઈ તે પરથીજ લખાયલાં હોય એમ લાગતું નથી, તે વિષેનું વર્ણન આપે છે. અને ૨૦મો ફકરો કોઈબી જમાનામાં લખાય એવાં લખાણ વિષે જણાવે છે. (S. B. E., વૉલ્યુમ ૩૭ મું, પા. ૩૦). ૪. **પિશગ્**

૫. **કીરૂકીહ્** "યાદદાસ્ત," "સમજ." ૬-૬. **કબદ્ આગાસીહ્.**

૭. **રાયીનીદારીહ્ આવાયીશ્નીગ્.**

૮-૮. **વખ્શ-બુર્દારીહ્**, સરખાવો **વખ્શ્**, "ચળકવું." વેસ્ટઃ "અશોઓની પાસેથી પેગામતું લાવવું." તેના કહેવા પ્રમાણે **"વખ્શ્"** શબ્દનો અર્થ, "નફો, લાભ, ભેટ" થાય. તે કહે છે કે "એક એવોજ લખાયલો શબ્દ **વાયા**, 'હવા, દમ,' **શિકન્દ-ગૂમાનીક વિજાર**નાં પ્રકરણ ૧૩, ફ. ૭ માં Genesis I, 2 માં મળતા "Spirit" of God (ખુદાના રૂહ)ને અર્થે વપરાયલો છે."

બાબ ૧૩ મો.

સ્પેન્દ નસ્ક.

(૧) સ્પેન્દ નસ્કમાં નીચલી બાબદો વિષે તફસીલવાર જણાવવામાં આવ્યું છે. **જરથુશ્ત્ર**નું તન, તેવણનું ક્રવાહર, અને રવાનની[1] હસ્તી,[2] અને તે સઘલાંનું જોડાણ;[2] મીનોઇ દુનયામાં તે દરેકની ઉત્પત્તિ[3] કેમ થઇ, અને આએ ખાકી દુન્યામાં તેઓની પેદાયશ કેવી રીતે (થઇ); જરથુશ્ત્રનાં મા અને બાપ[4] સાથ એ તત્વો કેમ જોડાઇ[5] ગયાં, અને તે મા અને બાપ કેમ ભેગાં મલ્યાં; પએગામબરનાં હાડમંદ શરીર, ક્રવાહર, અને જીંદગીનું તેમનાં માદરમાં જોડાણ કેમ થયું, અને (તેમની) માથી (તેમનો) જન્મ કેમ થયો; અને એજ બાબદ વિષે જેબી સંબંધ ધરાવતું હોય તે.

(૨) અને વળી સ્પેનામીનો અને ગનામીનોની બન્ને શકિતઓનું (આ દુન્યામાં) આવવું; ભલી શકિત દુન્યાનાં વધારાને માટે, અને બુરી શકિત નાશ કરવાને માટે; ભલા યઝદોની ફતેહ; અને **જરથુશ્ત્ર**નું પાલનપોષણથી ઉધરવું. (૩) તેમની પુખ્ત ઉમરે, ત્રીશ વર્ષની ઉમરે, **અહુરમજદ**ની સમાજમાં પાક દાદાર સાથની મસલતનું તેવણે મેળવવું, અને તે પછીના દશ વર્ષની અંદર એવી સાત મુલાકાત થવાનો બનાવ. (૪) તે અરસામાં[6] તેવણથી ઘણા મોજેજાઓ બતાવવામાં આવ્યા છે, જેવા કે દીનકર્દની સાતમી કેતાબમાં[7] ભેગા કરવામાં આવ્યા છે, ચુંટી કાઢવામાં આવ્યા છે; અને દર્શાવવામાં આવ્યા છે.[8]

(૫) જેને **સ્પેન્દ** (**નસ્ક**) કહેવામાં આવે છે તેમાં અહુરમઝદ સાથની ઉપલી સાત મુલાકાતમાં થયેલી પુછપરછ સાત વિભાગોમાં વહેંચ-

---

૧. **નિસા**. વ ગદા પણ વંચાય, અર્થ, 'અને પ્રતાપ," "અને ઓરેહ."

૨-૨. ચેહ્રૂનિશ્નીહ, હમ-ચેહ્રૂનિશ્નીહ. ૩. **આફ્રીદગીહ**. ૪. **જર્ખૂનીતારાન**. ૫. **પત્વસ્તની**. ૬. દશ વરસમાં. ૭. **દીનકર્દ**, પુસ્તક ૭ મું, જે **સ્પેન્દ નસ્ક**પરથી રચાયલું છે, તેમાં પએગમ્બર **જરથુશ્ત્ર**ની જીંદગીનું પુરેપુરૂં વર્ણન આપેલું છે. રિસ્તાખેઝ અને દુન્યાના સુધારા સુધીના ભવિષ્યમાં થનારા બનાવો પણ તેમાંજ આપેલા છે. **દીનકર્દ**, પુસ્તક ૯ માં પણ તે વર્ણન વિષે એશારાઓ મળે છે.

૮. **ચીગૂન્ હઈત્ ઇ હમ-પત્વસ્ત્, વિચીદગ્ વ મિન્ દએન-કર્દ નીપીગ્ નિશાનીનીદ**. વેસ્ટ : "જેવી રીતે કેટલાક છે, જે એકઠા કરવામાં અને ચુટી કાઢવામાં આવ્યા છે, તે દીનકર્દનાં લખાણમાં નોંધવામાં આવ્યા છે."

વામાં આવી છે,[૧] એકી વખતે[૨] એક જાતની પુછપરછ;—બીજાં અવસ્તાના નસ્કો એ સાત પુછપરછ વિષે અહુરમજદ સાથે થયલી મસલતને લગતી જગાઓમાંની દરેકમાં[૩] ખુદ તેઓથી બોલાયલા[૪] શબ્દોના એશારાઓ આપે છે. (૬) જુદી જુદી મસલતો વિષે, દરેક વેળાએ ઉપલી સમાજોમાં મસલતનો શરૂ થવાનો અને બરખાસ્ત થવાનો વખત, અને **અમેશાસ્પંદો**ની બેસવાની રીત, **જરથુશ્ત્ર**નું તે મિત્ર મંડળમાં[૫] આગળ આવવું, અને તે જગામાં તેનો દરજ્જો;[૬] અને (યઝદોએ) તેને[૭] શું જાહેર કરવાનું હતું, અને શું બતાવવાનું હતું તે.[૭] (૭) દાદારનાં સર્વજ્ઞાની[૮] ડહાપણનું **જરથુશ્ત્ર**ને પહોંચવું,[૮] અને તે ડહાપણની મારફતે, થઇ[૯] ગયેલા વખતમાં અને ભવિષ્યમાં,[૯] અને તેની[૧૦] વચ્ચેના વખતના તમામ અંતરમાં,[૧૦] **જરથુશ્ત્ર**નું જોવું.

---

૧. **બખ્શિશ્ની**, શબ્દાર્થ, "વહેંચણી," "ભાગ પાડવા તે." ૨. સરખાવો અવસ્તા **દનરે**, "વખત." ૩. વેસ્ટ પ્રમાણે: "સ્પેન્દ કહેવાય છે એવા સાત વિભાગોમાં સાત પુછપરછો છે, દરેક વખતે એકજ પુછપરછ; અને, આએ સાત પુછપરછો-માં, બીજાં નસ્કોનું આપવું, મસલતની દરેક જગોએ થયલી વાતચીત પરથી હતું." ૪. **ફ્રાજ્**-ગૂબિશ્ની**હ્**.

૫. હૂ-**દેમાનીહ્** અથવા **હન્-દેમાનીહ્**, "એક દીનને લગતી મંડળી અથવા સભા." તે અહુરમજદનાં રહેઠાણ **ગરો-દેમાન**માં થયલી સભા વિષે જણાવે છે.

૬. સરખાવો અવસ્તા **ગાતૂ**, "એક લાયક બેઠક" અથવા "તખ્ત."

૭-૭. **મા જ઼ક્ ઇ અઓબશ્** ગૂફ્તન્, **મા જ઼ક્ ઇ અઓબશ્ નિમૂદન્.**

૮-૮. **વ ફ્રાજ્ બૂર્દન્-ઈ મદમ્ જ઼રથુશ્ત્ર** ખ્રતૂ ઈ **હર્વિસ્પ-આકાસીહ્.** એજ વિચાર (પહલવી) **વોહૂમન યશ્ત**, પ્રકરણ ૨ જું, ફ. ૫-૮ માં આવે છે: **અફ્શ્ અઊહર્મજ઼્દ માઈનૂગ્ અવજ઼્નીગ્ દાતાર્ ઇ ગેહાન્ ઈ અસ્તાઓ-મન્દાન્, યશારૂબ્, અફ્શ્** ખ્રતૂ ઇ **હર્વિસ્પ-આગાસ્ પવન્ મયા કેર્પ, મદમ્ યદા ઇ જ઼રતૂશ્ત્ર કર્દ; અફ્શ્ ગૂફ્ત્ અએઘ્: "ફ્રાજ્ વસ્તમૂન્;" વ જરતૂશ્ત્ર મિનશ્ ફ્રાજ્ વસ્તમૂન્ત્; મિનશ્** ખ્રત ઈ **હર્વિસ્પ-આગાસ્ પવન્ જ઼રતૂશ્ત્ર બએન્ અઊહર્મજ઼્દ** ખ્રત્-**અશ યેહવૂન્ત્; મિનશ્ બરા** ખદીતૂન્ત્ **જ઼રતૂશ્ત્ર પવન્ હફ્ત્ કએશ્વર્ જ઼િમીગ્ અન્શુતાઆન્ વ કીરાઆન્, અએઘ્ કોલા અએવગ્ મૂઇ ચન્દ તાક્, વ પવન્ પશ્ત તાક્ તાક્ સર્ ઓલ્ અએઘ્ યખ્સેનૂનેદ્; અફ્શ્ બરા દીદ્ દાર્ વ દરખ્ત્, મૂન્ મા વ ચન્દ્ રેશક્ ઇ અઊર્વરાન્ પવન્ સ્પેન્દ-મેર્દ જ઼િમીગ્, અએઘ્ ચિગૂન્ રૂસ્ત્ યેગવીમૂનાદ્, અએઘ્ ગૂમીખ્ત્ યેગવીમૂનાદ્.**

૯-૯. ખદીતૂન્તન્.........ઇ **યેહવૂન્ત્ વ યેહવૂનેદ્.**

૧૦-૧૦. **વ હમાએ ચન્દીહ્ દરેન્ગ્ ઇ પતશ્.**

(૮) **જરથુશ્ત્ર**માં તે ડહાપણની હસ્તી વિષે; તે વળી શું છે જે તેમનામાં રહ્યા પછી[૧] પાછું તે ડહાપણ વધારે સરસ રીતે ખીલી નીકળે છે;[૨] જેની મદદથી તે પએગામબર મીનોઇ નજરથી ઉંચામાં ઉંચી અને ઉત્તમ જગો જેવી કે બહેશ્ત, અને ભલાં માણસોના બદલાની જગોના જુદા જુદા તબક્કાઓ,[૩] જેવી રીતે તે માણસો પોતે કીધેલાં ભલાં કામોનાં પ્રમાણમાં લાયક થયા હોય, તે જુએ છે; (જેની મદદથી) નીચામાં નીચી અને અતિ ખરાબ જગો, જેવી કે દોજખ અને દ્રવંદોની અને બુરાંઓની સજાની, તેઓના ગુનાહો પ્રમાણેની, જગો તે જુએ છે; અને એ બેની વચ્ચે **હમેસ્તગાન**[૪], જે જેઓનો સવાબ અને પાપ સરખાં નીવડે છે તેઓનું ઠેકાણું (છે); અને **ચીન્વદ** પુલ[૫] જયાં ભલાં અને પાપી કામોનો હીસાબ[૬] થાય છે તે, અને ભવિષ્યની તનવાલી જીંદગી તે જુએ છે, કે જયારે સઘળા **અશો** તેમજ પાપી માણસો સંપૂર્ણતા[૭] પામશે, અને સઘળાં ભલાં પ્રાણીઓ તમામ બુરાઇથી છુટકારો[૮] મેળવશે.

(૯) બીજી ઘણીક મોજેજા જેવી ચીજો; સર્વે જાતનાં જ્ઞાનમાંથી[૯]

---

૧. **મા જક જયશ્ આખર્ બએન્ બરા કત્રુન્ત.**

૨. **અબ્જીન્-ખ્રતુ** અથવા **અઊજીન્-ખ્રતુ;** સરખાવો અરબી **અઊઝૂન્,** "વધારે જોરાવર," "વધારે બળવાન".

૩-૩. **પાઇગ્ પાઇગ્.**

૪. **હમેસ્તેગાન્** એ બહેશ્ત અને દોજખની વચ્ચે આવેલી જગાનું નામ છે, અને તે જે માણસોનાં પુણ્ય અને પાપનાં કામો ચીન્વદ પુલપર જોખાતાં સરખાં ઉતરે, તેઓનાં ગુજર પામેલાં રવાંનો માટે નીર્માણ થયલી જગો છે.

૫. અવસ્તા **ચિન્વદ્-પેરેતુ,** ચીન્વદ પુલ, જે **અલ્બૂર્ઝ** પહાડથી **ચકાદ-ઇ-દાઇત્ય** સુધી લંબાયલો છે, જયાં **રશ્નુ,** **આર્શ્તાદ,** **રામ,** **સ્રઓશ,** **મિથ્ર** અને બીજા ફરેશ્તાઓ ગુજરેલાં રવાનોનો ઇન્સાફ કરે છે, અશો આદમીઓ ખુદાઇ કાયદા મુજબ બહેસ્તમાં જાય છે, અને પાપી દોજખમાં જાય છે, અને જેઓના પાપ અને પુણ્ય વજનમાં સરખાં જણાય છે, તેઓ **હમેસ્તગાન** તરફ જાય છે.

૬. **આમાર્** અથવા **હમાર્,** ફાર્સી **શુમાર્**ના જેવો, એટલે "હિસાબ;" અવસ્તા ધાતુ **મર્,** "ગણવું".

૭. **પસાજીશ્ન** સરખાવો પહલવી-ફારસી **પસાખ્તન્,** "પુરું કરવું," "બરાબર કરવું." અસલ **પવન્ સાખ્તન્;** અવસ્તા ધાતુ **સચ્.**

૮. **બૂખ્તિશ્ન,** "મુક્તિ;" અવસ્તા ધાતુ **બૂજ્.**

૯. **મિન્ કોલા અઇનીનગ્ દાનિશ્ન આકાસીહ્.**

મેળવેલી માહિતગારી વિષે; અને ઉપલી દીનને લગતી સાત સવાલ જવાબની બાબતોનો[૧] એક ટુંકો સાર.[૧] (૧૦) વળી **જરથુશ્ત્રની** અહુરમજદ–પરસ્ત દીનની વાકેફગારીનાં દુન્યા સાથના જોડાણ[૨] વિષે; આદમી જાતને પોતાની દીનનું તેવણે કબુલ કરાવવું;[૩] અને જરથુશ્ત્ર પછીના રિસ્તાખેઝ સુધીના વખત વિષે. (૧૧) તે વખતનાં માણસોના સુધારાવધારાની[૪] ખાસ્યતો,[૫] સદીઓ અને વર્ષોના હઝારાઓની વહેંચણી;[૬] દરેક હઝારાના અંત વખતે જે નિશાનીઓ, મોજેજાઓ અને ગેરવ્યવસ્થા[૭] દુન્યામાં[૮] નજરે પડશે, તે વિષે.

(૧૨) પહેલા હઝારાને છેડે **જરથુશ્ત્રના** છોકરા **અઊશીદરનો**[૯] જન્મ, અને તેના આવવા વિષે; અને તેનું અને તેના જમાનાનું વર્ણન; જેઓએ **જરથુશ્ત્રના** જમાનાથી તે **અઊશીદર** આએ દુન્યામાં આવવાનાં વખત સુધી પોતાના જમાનાના ભલાં[૧૦] માટે મહેનત કીધી[૧૦] હતી તેઓને

૧–૧. **હુન્ગદીંગીહ્ ઈ મિલયા.**

૨. **પત્વસ્તન્**, **પઇતિ** ને અવસ્તા ધાતુ **બન્દ્**. વેસ્ટ: "વહેવાર."

૩. **હાખ્તન્**, પહલવી–ફારસી **હુખ્તન્**, "પછવાડે જવું." સરખાવો અવસ્તા **હખ્શએશ**, ધાતુ **હચ્**, "દોરવવું," "લઇ જવું."

૪. **રાયીનિશ્ન.** ૫. **ચીગૂનીહ્**, "જાત," "ખાસ્યત."

૬. **બુરીન્.** ૭. **શકફ્તીહ્**, "ગુંચવાડાભરી હાલત."

૮. DP. માં **બએન્ ગેહાન્** બે વાર આવે છે, તે મુજબ એ અર્થ થાય કે: "દુન્યામાં દરેક હઝારાના અંત વખતે જે નિશાનીઓ, મોજેજાઓ અને ગેરવ્યવસ્થા દુન્યામાં નજરે પડશે તે."

૯. **ફ્રવદીંન યશ્ત,** ફ. ૧૨૯ માં તેને **ઉખ્શ્યત્–એરેત,** "(મુવેલાંઓનાં) હાડકાં સજીવન કરનાર," "પાછી જીંદગી આપનાર" કહેવામાં આવ્યો છે. જે કન્યા તેને જન્મ આપશે તેનું નામ **સૂતત્–ફેદ્રી** છે. એમ કહેવામાં આવ્યું છે કે કાંસવ સરોવરમાં ન્હાતાં તે **જરથુશ્ત્રનું** ખુન, જે ત્યાં જાળવવામાં આવ્યું છે, તેથી હમેલદાર થશે અને એક છોકરાને જન્મ આપશે. જુઓ **દીનકર્દ**, વૉલ્યુમ ૧૪ મું, પુસ્તક ૭ મું, પ્રકરણ ૭–૯; **વોહૂમન યશ્ત** પ્રકરણ ૩ જું, ૪૩–૫૦. **બુન્દહિશ્ન** મુજબ **જરથુશ્ત્રનો** જમાનો ઇસ્વી સને ૫૯૩–૬૩૫ વચ્ચે પુરો થયો, અને વેસ્ટ કહે છે કે: "પહેલા જમાનાની અને **અઊશીદરના** આવવાની વચ્ચે એટલો મોટો અંતર અસંભવિત લાગે છે, કારણકે ઉપરજ કહેવામાં આવ્યું છે કે તે તે જમાનાને છેડે આવશે; પણ **વોહૂમન યશ્ત,** પ્રકરણ ૩ જું, ફ. ૪૪ પરથી એમ જણાય છે કે તે કદાચ બીજા જમાના (ઈ. સ. ૧૧૯૩–૧૨૩૫) નાં ૬૦ માં વરસમાં આવશે એમ આશા રાખવામાં આવતી હતી."

૧૦–૧૦. **આરાસ્તારાન્**, શબ્દાર્થ "સંગારનારા."

નાશ કરનારાઓ[1]માના ઘણાકોનો અહેવાલ. (૧૩) બીજા હઝારાને છેડે **જરથુશ્ત્ર**ના છોકરા **અઉશીદર–માહ**નું[2] આવવું, અને તેનું અને તેના જમાનાનું બ્યાન; (અને) **અઉશીદર**ના જમાનામાં જેઓએ તે જમાનાનાં ભલાં માટે મહેનત કીધી હતી તેઓને નાશ કરનારાઓ વિષે. (૧૪) ત્રીજા હઝારાને છેડે **જરથુશ્ત્ર**ના છોકરા **સઓશાંસ**નું[3] આવવું, અને પએગામબર તરીકે જાહેર થવું; **અઉશીદર–માહ**ના જમાનામાં જેઓ હતા, જેઓએ તે જમાનાને ઝળકતો બનાવ્યો, તેઓનો નાશ કરનારાઓ; **સઓશાંસ**નું આએ દુન્યામાં આવવું; **સઓશાંસ** અને તેના જમાના વિષેની હકીકતો. (૧૫) વળી રિસ્તાખેઝ અને ભવિષ્યની જીંદગી, એમ જણાય છે કે, તેના જમાનામાં થશે.

(૧૬) "અશોઇની ન્યામત સૌથી ઉત્તમ છે........"

બાબ ૧૪ મો.

બગાન યશ્ત.

(૧–૨) **બગાન યશ્ત**[4]માં નીચલી બાબતો વિષે વિસ્તારીને જણાવવામાં આવ્યું છે; પહેલું, અહુરમજદ જે મીનોઇ શકિતઓમાં[5] સૌથી ચઢતો છે તેની પરસ્તેશ; અને, બીજું, બીજા અણદીઠ અને નજરે પડતા યજદોની તેમજ બાકી ચીજોને લગતા યજદોની આરાધના, જે યજદો ઉપરથી દહાડા-

૧. **વિશૂફ્તારાન્**, અવસ્તા ધાતુ ખ્શુપ્.

૨. અવસ્તા, **ઉખ્શ્યત્–નેમંઘ**, દુન્યાને સુધારવાને જન્મ લેનાર ભવિષ્યના ત્રણ પએગામ્બરોમાંનો બીજો. તેની માતું નામ **વંઘુ–ફ્રેધ્રી**, પહલવી **શપીર્-અબૂ**, "સારો પીતા ધરાવનાર" થાય છે. (જુઓ **ફ્રવર્દીન યશ્ત**, ફ. ૧૪૨; **દીનકર્દ**, પુસ્તક ૭ મું, વૉલ્યુમ ૧૪ મું, પ્રકરણ ૮–૯).

૩. અવસ્તા **સઓશ્યન્ત**, ભવિષ્યના પએગામ્બરોમાંનો છેલ્લો, જે રસ્તાખીજ પુરો કરી દુન્યાને સુધારશે. (જુઓ **ફ્રવર્દીન યશ્ત**, ફ. ૧૨૯; **દીનકર્દ**, પુસ્તક ૭ મું, વૉલ્યુમ ૧૪ મું, પ્રકરણ ૯–૧૦).

૪. **બગાન્–યશ્ત્**, શબ્દાર્થ, "ભલી શકિતઓની આરાધના." રેવાયતો મુજબ તેમાં સતર પ્રકરણો હતાં.

૫. સરખાવો અવસ્તા **બઘ**, જુની ફારસી **બગ**. શબ્દાર્થ, "જે ભાગોમાં અથવા હિસ્સામાં ચીજો વેહેંચી આપે તે," અવસ્તા ધાતુ **બજ્** "વહેંચવું."

ઓના નામ[1] નીકળ્યાં છે; તેઓની[2] શકિત, કીર્તિ, બહાદુરી અને ફતેહને લગતા મોજેજા;[2] અને વળી બીજા ઘણાક યજદો જેઓને તેઓનાં નામથી તેઓને લગતી યશ્તમાં યાદ કરવામાં આવ્યા છે તે, અને તેઓની અશોઇને માટે ઘટતી સેતાયશ.

(૩) અને યજદોની સેતાયશ કરનારાઓ[3] માટે ભેટોને લગતી[4] ઉદારતાની લાયકાત વિષે; અને તેઓએ[5] ઘણીક વખત દરેક યજદની સેતાયશને લગતી **યશ્ત** છુટી છુટી ભણવાની ફરજ.[5] (૪) તે જમાનાની દોલત અને માલમતાની વ્યવસ્થા[6] કરનારાઓ[6]ની વિદ્યાની બેહદ[7] વાકેફગારી રાખવાની ફરજ, જેઓને દાદાર અહુરમજદે તે દોલતની ઉપર તપાસ રાખવાને નેમ્યા છે, અને જેઓ પોતાની ફરજ[8] બજા લાવે છે.[8]

(૫) "અશોઇની ન્યામત સૌથી ઉત્તમ છે........"

બાબ ૧૫ મો.

નીકાદુમ નસ્ક.

(૧) કાયદાની શરૂઆત વિષેનું ત્રીશ[9] ફરગર્દનું નસ્ક **નીકાદૂમ** યા **વીદાતૂમ**[10] નામનું છે. (૨) તેનો એક ભાગ **પત્કાર-રદિસ્તાન**[11]

---

૧. મૂન્શાન્ ચોમાન્ ફ્રાજ્ નામ (અઓજ.) વેસ્ટ મુજબ: **મૂન્શાન્ ચોમાન્ ફ્રાજ્ નામાન્-ઈચ.**

૨. **અઓજ**, ગદા, **અમાવન્દીહ્ વ પીરૂજગરીહ્ અફ્દીહ્ ઈ ઑલાશાન્.**

૩. **યશ્તારાન**, અવસ્તા ધાતુ **યજ્**, "ઈજવું," "આરાધવું."

૪. **આયાફ્ત**, સરખાવો ફારસી **યાફ્ત.**

૫-૫. **ખ્વિશ્કારીહ્ જ્યશાન્ જવીદ્ જવીદ્ કબદ્ અઊશ્મૂરિશ્ન્ ઇ બએન્ યજ્દાન્.** ૬-૬. **રાયીનિશ્નાન્.**

૭. સરખાવો પહલવી **વિમોન્દ્**, "હદ," અવસ્તા **વીમઇધ્ય**, "સીમા," "હદ" (વિ અને **મઇધ.**) બીજું વાંચણ, **નિમોન્દ** (અવ. **નએમ**, "દિશા").

૮-૮. **ખ્વિશ્કારીનીદન્ ચેગવીમૂન્દ્.**

૯. રવાયતોમાં નીકાદૂમ્ નસ્કનાં ચોપન પ્રકરણો જણાવેલાં છે.

૧૦. ઘણોખરો એ શબ્દ **નીકાદૂમ્** વંચાય છે, પણ એ નસ્ક સામાન્ય રીતે કાયદા વિષેની વીગતો આપતું હોવાથી હ્યાં મેં **વીદાતૂમ** વાંચ્યો છે, જેનો શબ્દાર્થ "ઘણે ભાગે કાયદા વિષેનું."

૧૧. **પત્કાર્-રદીસ્તાન;** શબ્દાર્થ, "એક મેજીસ્ત્રેટને હુમલો કરનારાઓને સજા કરવામાં સલાહ આપનાર કાયદાઓનો સંગ્રહ," તે ઉપરથી **પત્કાર્-રદ્**નો અર્થ "એક પોલીસ મેજીસ્ત્રેટ" થાય છે.

નામનો છે; જે એ વિષે છે કે માણસો અને પ્રાણીઓને જે પાયમાલી[1] અને રીમની[2] અણદીઠ રીતે ભલી પેદાએશની હસ્તીના નાશ કરનાર[3] અહરમન તરફથી થાય છે, તે સિવાય માણસના પોતાનાં પાપીપણાંથી પણ તે પાયમાલી અને અપવિત્રાઇ ઉત્પન્ન[4] થાય છે;[4] અને દુન્યાની ખરાબી અને નાશનો ફેલાવો માણસોએ એક બીજાને ગેરવાજબી[5] રીતે[5] મારવાથી થાય છે. (૩) અને માણસોને એ કામથી પરહેજ રહેવાની નસીહત વિષે, અને કાયદાનુસાર[6] માફકસર મારવું[6] જોઇએ તે, અને ઓછું મારવા કે નહીં મારવા વિષેની તાકીદ. (૪) જેઓ મેજીસ્ત્રેટ નહી તેવાઓની સામે, અદેખાઇ વગર, અથવા પોતાને નુકસાન કીધા વગર, ફોજદારીનું કામ ચલાવવા; અને વળી સત્તાધીકારી મેજીસ્ત્રેટ નહિ તેવા[7] ઉપર સખ્તમાં[8] સખ્ત શિક્ષા[8] ફરમાવવાથી દૂર રહેવા વિષે.

(૫) આખા કજ્યાના[9] ન્યાયનો ક્રમ,[9] જેમાં જયારે ઐકયતા[10] હોય છે, ત્યારે તે કાયદાનુસાર[11] નક્કી કરવામાં આવે છે;[11] તેમાં પક્ષકારોના પુરાવાઓ[12] એ જાતના હોવા જોઇએ, મ્હોડેના[13] અને દસ્તાવેજોથી દેખાડી

---

૧. **સિજ્,** સરખાવો અવસ્તા **ઇથ્યેજંધ્**, ધાતુ **ત્યજ્**, સં. त्यज् "છોડી જવું," "કોહી જવું."

૨. સરખાવો અવસ્તા **અખ્તિ** (ધાતુ **અંજ્**) "બીમારી," "રીમની." વંદીદાદના પહલવી તરજુમામાં **અખ્તિ**ને માટે પહલવી શબ્દ **અખ્દગીહ્** આએજ જોડણી સાથે વારેઘડીએ આવે છે.

૩. **ખયા-બીત્**, શબ્દાર્થ "જે જીંદગીને ડંખે છે અથવા તેનો નાશ કરે છે." સરખાવો પહલવી **ખયા,** "જીંદગી," એ અહરમનનું એક વિશેષણ છે, અને તે **અઇબ-દદ્,** "ખામીનો આપનાર" એમબી વંચાય છે.

૪-૪. **જસ્તગ્ યેહ્વૂન્દ્.** ૫-૫. **અ-દાદિસ્તાનીહા.**

૬-૬. **દાદિસ્તાનીગ્ જનિશ્ન અન્દાજિશ્ન.**

૭. **અ-પત્કાર્-રદ્**, એટલે એક સત્તા વગરનો મેજીસ્ત્રેટ, શબ્દાર્થ "એક મેજીસ્ત્રેટ નહીં હોય તે."

૮-૮. **હૂ-ખ્રુ-ગઑનતૂમ,** અવસ્તા, **ખ્રુ,** "સખ્ત થવું;" બીજું વાંચણ: **અવારૂન્ગઑનતૂમ,** "ઘણુંજ પાપી," "ગેરવાજબી," એટલે "ઘાતકી."

૯. **પત્કાર્-રદીહ્.**

૧૦. **અએવગી;** સરખાવો ફારસી **યકી,** "ઐકયતા," "એક મત હોવું."

૧૧-૧૧. **દાદિસ્તાનીહા યગવીમુનાદ્.**

૧૨. **સ્તી સખૂની,** સરખાવો ફારસી **સિતિહ્,** "તકરાર," "દાવો." વેસ્ટ:- "સારાંશમાં બે વીગત છે." ૧૩. **ગૂબીશ્નીગ્.**

શકાય એવા,[1] જે ઘણી રીતે ભેળી નાંખવામાં આવે[2] છે, જેવી ભેલની ચાર રીતો છે, જેમકેઃ મ્હોડેની અને લેખીત સાક્ષી; મ્હોડેની જે લેખીત નહીં હોય તે; લેખીત જે મ્હોડેની નહીં હોય તે; અને તે કે જે નહીં મ્હોડેની કે નહીં લેખીત હોય તે. (૬) મ્હોડેની[3] તપાસોમાં ચાર જાતના[4] પુરાવાઓ નક્કી કરવામાં આવ્યા છે, જુદી જુદી બાબતોના મુકરદમાઓ,[5] અને જુદી જુદી મ્હોડેની જુબાનીઓ, જેનો ઇનસાફ ન્યાય[6] વગરની સત્તા ધરાવનાર પાસેથી,[6] પોતાના વડા દસ્તુર પાસેથી, અને એક બેગાના ગ્રહસ્થ[7] પાસેથી માંગવામાં આવે; શાક્ષીની ગેરહાજરીમાં[8] એવા ત્રણ (જડજો)ની[9] જરૂર છે. (૭) જે મુદ્દાઓ બતાવી શકાય એવા છે, તે છ જાતના[10] ઠરાવવામાં આવ્યા છે; અને ન્યાયાધીશ નહીં હોય એવા જડજોને માટે, મ્હોડેના પુરાવાઓ જે ઉપર વર્ણવવામાં આવ્યા છે, અને જે તે અને તેજ બાબતપર હોય છે, તે બાર છે.[11] (૮) અને ન્યાયાધીશ નહીં હોય

---

૧. **નિમાયિશ્નીગ્**, એટલે "દેખાડી શકાય એવી ચીજો"; વેસ્ટઃ "બતાવી શકાય એવા." અહીં મ્હોડેની અને લેખીત સાક્ષી અથવા પુરાવા માટેનો એશારો છે.

૨. સરખાવો, ફાર્સી **બર્-હમ્ નિહાદન્**, "ઘોંટાળો કરવો," "ભેળી નાંખવું," "ભેગું કરવું."

૩. સરખાવો ફાર્સી **બા-સામાન્ પુર્સીદન્**, "કોઇની હાલત વિષે પુછપરછ કરવી" (સ્ટાઇન્ગાસ). વેસ્ટઃ "જે મુદ્દાઓને મ્હોડેના ગણેલા છે તેમાં ચાર જાતો છે."

૪. **ચહાર્ આઇનીનગ્.** મ્હોડેના સાક્ષીઓ ચાર જાતના હોવા જોઇએ.

૫. **પત્કારિશ્ન.** ૬-૬. **અ-પત્કાર્-રદીહ્.**

૭. **ઓલ્ હાન્ શપીર ગબ્રા**, શબ્દાર્થ "(તેઓના જેવા) બીજા ભલા માણસ સારૂં."

૮. એ શબ્દો ખૂન્ ગઓકાએઇહ્, "ખુનને લગતી જબાનીમાં" પણ વંચાય. વેસ્ટ, "બીજી જબાનીમાં," અથવા "સાક્ષીની ગેરહાજરીમાં." વેસ્ટ કહે છે કે પાછલો અર્થ વધારે બંધબેસ્તો છે.

૯. **ચીગૂન્ અજ્શ સે**, એટલે કે, જડજો તરીકે એવા ત્રણ શખ્સોની જરૂર છે.

૧૦. એટલે કે, છ જાતના પુરાવાઓ જડજો આગળ રજુ કરવા જોઇએ, યાતો ન્યાયના ક્રમની છ રીતો છે.

૧૧. એટલે, જયારે જડજો સત્તાધીકારી મેજીસ્ત્રેટ નહીં હોય ત્યારે, બન્ને પક્ષોએ દરેક મુદ્દા પુરવાર કરવા સારૂં બાર મ્હોડેના સાક્ષીઓ રજુ કરવા જોઇએ; અથવા ફોજદારી મુકરદમામાં મ્હોડેની સાક્ષી રજુ કરવાની બાર રીતો છે. ફકરાઓ ૬ અને ૭ નો વેસ્ટનો તરજુમો નીચે મુજબ છે. "જે મુદ્દાઓ મ્હોડેના ગણેલા છે તેમાં ચાર જાતો છે, જુદી જુદી દલીલો (અને) જુદા જુદા એકરારો-વાલા મુકરદમાઓ જે સત્તા વગરના મેજીસ્ત્રેટની તપાસ માટે, કોઇના પોતાના ધર્મગુરૂની સત્તા માટે, કે કોઇ બીજા ગ્રહસ્થ માટે હોય છે;–એવા ત્રણની જરૂર છે–અને વળી બીજા પુરાવા સારૂં; અને જે પુરાવા દર્શાવી શકાય એવા ગણ્યા છે તેમાં છ જાતો છે; અને એક સત્તા વગરના મેજીસ્ત્રેટ સારૂં, આગળ જણાવેલી જાતો જે એજ બાબત વિષે છે તે મુજબ, બાર પ્રતિજ્ઞા છે".

તેવાઓને માટે આખી તપાસ, જો કાંઇ મતફેર નહીં હોય તો, કાયદાની[1] સત્તા વગર[1] ચાલે[2]; અને તેની પાંચ[3] રીતો છે, જેમાં માણસોને બાળવાના,[4] ચીજોનો નાશ કરવાના, હુમલો[5] અને જખમ કરવાના અને ખુનના ગુનાહો આવી જાય છે.

(૯) મેજીસ્ત્રેટો[6] બાર જાતના છે, જેઓને ત્રણ ત્રણના ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.[6] (૧૦) એક[7] વિભાગમાં જેઓ જુએ છે અને સાંભળે છે,[7] (એટલે) જેની[8] આગળ વાંધો[9] મ્હોડેનો હોવા છતાં લેખીત બતાવી[10] શકાય છે;[10] અને જેઓ સાંભળે છે, પણ જોતા નથી; જેની આગળ વાંધો મ્હોડેનો છે, પણ બતાવી શકાતો નથી; અને જેઓ જુએ છે પણ સાંભળતા નથી, જેઓની આગળ વાંધો શું છે તે બતાવી શકાય છે, પણ મ્હોડેની સાક્ષી અપાતી નથી; એ સઘળા એક વિભાગમાં છે. (૧૧) અને આએ ત્રણ, જેઓને એક વિભાગમાં મૂકવામાં આવ્યા છે, તેઓપર[11] મેજીસ્ત્રેટની સત્તાનો અમલ કરવામાં આવે છે;[11] અને એક મેજીસ્ત્રેટને જો[12] (એક માણસની) જીંદગીને તુરત ઇજા પહોંચવાનો ભય હોય તો મુકરદમો સાંભળવાની જરૂર હોતી નથી; જેમ કહેવામાં આવ્યું છે કે સાંભળ્યા પછી તેને ઇજા કરવા સારૂં આનાકાની

૧-૧. **અ-દાદિસ્તાનીહા.**

૨. **મદમ રફ્તન,** એના અસલ અર્થ મુજબ; રૂઢી મુજબ, ફારસીમાં **બર્ રફ્તન** નો અર્થ "આગળ જવું" થાય છે.

૩. નીચલા પાંચ જાતના ગુનાહના મુકરદમાઓના સંબંધમાં.

૪. સરખાવો અરબી-કેલ્ડી, **નમ્લ,** "ગાળ દેવી," "બદનક્ષી," "બાળીને ફેહલો ઉડાડવો".

૫. **જદમ** અથવા **જદોમ** એ શબ્દ ઘણોખરો હુમલાને માટે વપરાય છે. ડાર્મેસ્ટેટે એ શબ્દને અવસ્તા **જથ્મ** અથવા **જથેમ**ની સાથે સરખાવે છે.

૬. વેસ્ટઃ "જેઓ મેજીસ્ત્રેટની સત્તા હેઠળ (**પત્કાર્-રદો-હોમોન્દ્**) છે, તેઓની બાર જાતો ત્રણ ત્રણના ચાર વિભાગોમાં વહેંચેલી છે."

૭-૭. શબ્દાર્થઃ "એક વિભાગમાં સાંભળનારાઓ જેઓ જોય છે (તેઓ છે)."

૮. શબ્દાર્થઃ "જેવા કે." ૯. **પત્કારિશ્ન.** ૧૦. **નિમાયિશ્નીગ્.**

૧૧-૧૧. **પત્કાર્-રદીહ્ લેવતા-શાન્** હઙ્ત, શબ્દાર્થઃ મેજીસ્ત્રેટની સત્તા તેઓ સાથે જોડાયલી છે.

૧૨. **બરા હત્** સાથે સરખાવો ફારસી **મગર્,** જેના ઘણાક અર્થ થઇ શકે, જેવા કેઃ "પણ," "નહીં તો," "કદાચ," "વળી," "જો તે નહીં હોય તો," "ફકત."

કરવાની ન્યાય કરનારને સત્તા નથી;[૧] અને એનો કાયદા મુજબ નિર્ણય એ છે કે જ્યારે કાયદાનુસાર ફોજદારીથી તેઓ ફેરવાતા કે સુધરતા નથી, ત્યારે તેવાઓને ઇજા કે સજા કર્યા વગર અટકાવવું[૨] લાયક નથી; પણ તેઓને ઇજા કરીને અટકાવવા એ લાયક[૩] છે. (૧૨) એક વિભાગ એ છે કે જેમાં જેઓ સાંભળતા નથી અને વળી જોતા પણ નથી તેઓ વિષે, અને સ્ત્રીઓ અને બચ્ચાંઓ વિષે ઇશારો કરેલો છે; આએ ત્રણના સંબંધમાં કાયદાનુસાર ફોજદારી તપાસ નથી; પણ તેઓને વિષે કાયદાનો ઠરાવ એ છે કે જો તેઓની હાલતમાં પુરેપુરો[૪] ફેરફાર કરવાથી[૪] (તેઓનાં) શરીરને હાનિ થવાની ખાત્રી હોય, છતાં તેઓની હાલતમાં પુરેપુરો[૫] ફેરફાર (આવી સજાથી) થવો જોઇએ.[૫] (૧૩) એક વિભાગ બેવફા લોકો, અને જેઓ મોતની શિક્ષાને લાયક હોય, તેઓ વિષે છે; તેઓને માટે ન્યાય કરનારાઓએ મારી નાખવાની શિક્ષા ઠરાવી છે; (તેજ પ્રમાણે) રસ્તે લુંટનાર ધાડપાડુ, જેને માટે (જડજોએ) તે[૬] રસ્તાપર હોય ત્યારેજ[૬] તેને ગરદન[૭] મારવો એમ જાહેર કીધું છે;[૭] જોકે તેમ બની શકે એવું નથી. (૧૪) અને આએ ત્રણ,[૮] જેઓને પણ એકજ વિભાગમાં મુકવામાં આવ્યા છે, તેઓના સંબંધમાં કાયદાનુસાર ફોજદારી તપાસ

---

૧. કર્ત્તા એમ કહેતા જણાય છે કે જો એક મેજીસ્ટ્રેટ એક ગુનેહગારને ફાંસી દેવા અથવા જખમ કરીને મારી નાંખવાની ઇચ્છા ધરાવતો નહીં હોય, તો તે મુકરદમો નહીં સાંભળવાની તેને છુટ છે; પણ એક વખત તેણે આઓ મુકરદમો સાંભળ્યો કે તે ગુનેહગારને જખમ કરીને મારી નાંખવાની સજા કરવાથી તે દૂર રહી શકે નહીં. આએ ગુંચ્છવાયલાં વાકય વિષે વેસ્ટ નીચે મુજબ લખે છે: "આએ ફકરાના પાછલા ભાગમાં જણાવેલી મુશ્કેલી **બરા હત્** બોલોમાં સમાયલી છે, જેનો અર્થ 'પણ જો', 'ફકત જો' એમ થાય છે. એજ મુશ્કેલી એ નસ્કનાં અસલ પહલવી લખાણમાં હોવી જોઈએ, અને કદાચ એ એમ બતાવતું હોય કે એ ફકરાનો પહેલો ભાગ અસલ અવસ્તાના પહલવી તરજુમાનો સાર હોય, અને પાછલો ભાગ તે તરજુમા પર કરેલી પહલવી શરેહનો સાર હોય. આએજ મુશ્કેલી પાછી બારમા ફકરામાં પણ કાંઇબી શરેહ વગર આવે છે, જ્યાં તેનો અર્થ ઠીક રીતે નક્કી જણાતો હોવાથી શરેહ કરનારનું મત સ્વીકારવું એ શક ભરેલું છે." વેસ્ટનો તરજુમો એમ છે: "અને જો (**બરા-હત્**) શરીર માટેનો જોખમ નક્કી હોય, તો એક મેજીસ્ટ્રેટની સામે થવાય નહીં; જે જાણે એમ કહેવામાં આવ્યું હોય કે જખમ કરીને અટકાવવું એ સજાવાર નથી." (જુઓ પા ૩૭–૩૮).

૨. **લખ્વાર્ દાશ્તન્**. ૩. **પાતખ્શાએ.**

૪–૪. **મિન્ બરા વશ્તન્**. એટલે કે, કેદ, દેશપાર, અથવા એવીજ બીજી શિક્ષાથી તેઓને સુધારવાં જોઇએ.

૫–૫. **બરા વર્દિશ્ન.** ૬–૬. **અમત્ બએન્ રાસ્ યેગવીમૂનેદ્.**

૭–૭. **જનિશ્ન પએતાગીનીદ્ યેગવીમૂનેદ્.**

૮. એટલે, બેવફા (**અન-અઇર્**), **મર્ગર્જાન્**, અને **રાસદાર્.**

નથી, પણ તેઓને માટે કાયદાનું મત એ છે કે જે કોઇ તેઓને મારી નાખવાનો હોકમ કરે છે તે શખ્સ તેથી પુણ્ય હાંસલ કરે છે.[૧] (૧૫) એક વિભાગ તેઓ વિષે છે કે જેઓનું[૨] ભટકવું અને બીજાઓપર હુમલો[૩] કરવું[૩] કવખતનું[૪] હોય છે, જેઓની નાસભાગ[૫] ઢેકાઢર્યા-વાળી[૬] ખીણોમાં[૬] હોય છે; જ્યારે (લોકો) તેઓ વિષે મોઢેથી[૭] પુછપરછ કરે છે, ત્યારે તેઓ જવાબ આપતા નથી, અને તેઓને પરદેશી તરીકે કોઇ માનતું[૮] નથી.

(૧૬) આએ ત્રણ, જેઓ એક વિભાગમાં (છે), તેઓના સંબંધમાં કાયદાનુસાર ફોજદારી તપાસ નથી, અને તે વિષે કાયદાનું મત એવું છે કે જો કોઇ તેઓને મારે તો તે તેથી ગુનેહગાર થતો નથી. (૧૭) જેબી કાંઇ આએજ બાબત વિષે હોય તે માટે ઘણાક કાયદાના ચુકાદાઓ એ નસ્કમાં આવેલા છે, અને તે મુજબ એ નસ્કમાં એમ પણ જણાવે છે કે, એક સામો હુમલો[૯] તે છે કે જે એક ફટકો અને એક જખમ હોય, અને તે એવી રીતે થયલો હોવો જોઇએ, કે જ્યારે જરૂર પડે ત્યારે એક માણસને દરેકે[૧૦] દરેક બાબ-તથી[૧૦] પોતાને બરાબર બીનતકસીરવાર[૧૧] ઠરાવવાનું[૧૧] બની શકે.

---

૧. **પતશ્ કેર્ફ્ગ્ હુવા-અન્દ્**, એટલે કે, તેમ કરવાથી બહેશ્તમાં બદલાને માટે પુરતો લાયક.

૨. ધાડપાડુઓ અથવા લૂટારાઓની ટોળી. ૩–૩. **મદમ મદન્.**

૪. એટલે કે અંધારી રાતે. **અવીગ્-ગાસ્** નો અર્થ "નાલાયક જગો" બી થાય.

૫. **બદીર્નીદન્ બરીશ્**; સરખાવો ફારસી બિરિશ્, "વેરવિખેર," "ઘોંટાળો."

૬–૬. **પવન્ શકફ્તગ્ જીવાગ્**, શબ્દાર્થ, "ફાટેલી, ખાડાખબોચ્યાની જગોમાં."

૭. **પવન્ ગુબિશ્નીહ્**. વેસ્ટ:– "જ્યારે લોકો તેઓને બોલવા કહે છે."

૮. **વર્-આઓમન્દ્; અવસ્તા વર**, "માનવું."

૯. એટલે કે, એક જરથોશ્તી તરફથી ઉપર જણાવેલા ધાડપાડુ, લૂંટારાઓ અને ખૂનીઓપર સામો હુમલો કરવો તે.

૧૦–૧૦. શબ્દાર્થ: "બધી ચીજો અથવા બાબતો વિષે."

૧૧–૧૧. સરખાવો ફારસી **બાઝ્ આવર્દન કરદન**, "નિર્દોષ ઠરાવવું."

બાબ ૧૬ મો.

નીકાદુમ નસ્ક.

---

(૧) નીકાદુમ નસ્કનો બીજો ભાગ **જદમિસ્તાન**[૧] નામનો છે, તેમાં નિચલી બાબતો વિષે હકીકતો આવેલી છે: હુમલાઓ અને હુમલાથી[૨] ઉત્પન્ન થતું જબરૂં દુઃખ[૨], જેવું કે દુખારો[૩] અને લોહીનું[૩] વહેવું; અને ગુનાહો[૪] જે એક માણસ બેભાન હાલતમાં કરે તે વિષેનું અંજાણપણું.[૪] (૨) અને અંજાણપણાની સાત જાતની નિશાનીઓ વિષે; અને પુખ્ત ઉમરના પુરૂષો નાની વયનાં લોકો[૫]પર હુમલો કરે તેના જુદા જુદા ચુકાદાઓ વિષે; અને વળી એ નસ્કમાં[૬] એવા ફટકાઓ વિષે જણાવવામાં આવ્યું છે કે જે[૭] મારવાથી દરદનું લોહી ખચીત પસાર થાય;[૭] અને વળી ગુસ્સાના જુસ્સામાં[૮] દરદનું લોહી ઓછું વહે[૯] એવા ફટકાઓ વિષે પણ તેમાં લખેલું છે.

(૩) અને માંગવા[૧૦] વિષે, અને તે બરાબર આપવા[૧૧] વિષે, જે ખુલાસાથી[૧૨] જણાવતાં[૧૨] તે ચાર જાતનાં જાહેર કરેલા છે: જયારે કંજુસાઇ[૧૩] મ્હોટાઇને મદદ કરે છે; અને જયારે મ્હોટાઇ કંજુ-

---

૧. શબ્દાર્થ: "હુમલાઓને લગતા કાયદાઓનો સંગ્રહ." ૨-૨. વાંચણ: **નીશિયશ્ન મિન્ જદમ;** સરખાવો ફારસી **નેશ્**, "ડંખ," "ઘોપાવું." વેસ્ટ: **વેશીગાન્;** "કંટાળો." એ બોલ **બેશિયશ્ન**ને બદલે **વેસ્યિશ્ન**બી વંચાય, સરખાવો અવસ્તા **ત્બિશ્**, **ત્બએષંઘ્**, "દુઃખ, દરદ."

૩-૩. **દર્દ વ ખૂન**. ૪-૪. અથવા બેભાનીના ગુનાહો જે એક માણસ અણજાણતાં અથવા બેભાન હાલતમાં કરે. ૫-૫. **અપુર્નાયીગાન.** ૬. **વ બએન-દચ્**, એટલે "અને નસ્ક પણ તે વિષે જણાવે છે." ૭-૭. **જદમ મૂન્ દર્દ ખૂન્ ઘલ સાતૂનેદ્. મિન્ મૂન્**....બેહતર છે.

૮. એટલે ગુસ્સા અને ઉશ્કેરાયલી હાલતમાં દુઃખ ઘણું લાગતું નથી. **જક્ મૂન્ અએશ્મ** ખગ (ગુસ્સો) **દરંગિહ્ દર્દ ખૂન્ યતિબૂનેદ્**. ૯. **યતીબૂનેદ્**, "નરમ પાડે છે," "બેસે છે," "ઓછું કરે છે."

૧૦. વાંચણ: **ખ્વહીશ્ન**, સરખાવો ફારસી **ખ્વાહેશ્**, "જરૂર," "તંગી," (જુઓ Old Pahlavi–Pazend Glossary, *S. V.* પાનું ૧૮૯). ૧૧. **હૂ-દહિશ્ન;** વેસ્ટ: પરોપકાર. ૧૨-૧૨. **પવન્ માદગવરીહ્ ચેમલેલૂનેદ્.** ૧૩. **પૂશીહ્**, એ વાંચણ **બૂન્દહિશ્ન**માં સ્વીકારવામાં આવ્યું છે. એ **પિનિહ્** કે **પૂજીહ્** બી વંચાય.

સાઈને મદદ કરે છે, અને જયારે કંજુસાઇ કંજુસાઇને મદદ કરે છે, અને જયારે મ્હોટાઇ મ્હોટાઇને મદદ કરે છે; અને બીજી ત્રણ જાતો છે જે એ[1] બેને સાથે જોડવાથી[1] ઉત્પન્ન થાય છે; જયારે બખીલાઇ અને મ્હોટાઇ, બખીલાઇ અને મ્હોટાઇને મદદ કરે છે; જયારે બખીલાઇ અને મ્હોટાઇ બખીલાઇને મદદ કરે છે; અને જયારે બખીલાઇ અને મ્હોટાઇ, મ્હોટાઇને મદદ કરે છે; જેથી અસલ સાત જાત બને છે; અને વળી એ ઉપરથી બીજી જાતોબી નીકળેલી[2] છે.[3]

(૪) અને વળી આદમીને કચડી નાંખે[4] એવા ફટકા વિષે, અને એવા એક કચડી નાંખનારા ફટકાથી ઉપજતી ધ્રુજરી,[5] અને જે કાંઇ એજ બાબત વિષે હોય તે. (૫) ઝુંટવી લેવાય[6] એવું હથિયાર, અને અસહ્ય દુઃખ[7] ઉપજાવે[7] એવું હથિયાર, એટલે કે જે ચીજ હથિયાર તરીકે બરાબર નહીં હોય તે કઇ, અને જે હોય તે કઇ; અને તે શું છે કે જે હથિયાર તરીકે[8] (બખ્તરમાં) રાખેલું હોય,[8] અને તે શું છે કે

૧–૧. **પવન્ અગવીન્ હમ-પૂસંગીહ્**, શબ્દાર્થ: "એક બીજાની મસલતથી". ૨. **હુન્દાઝીહેદ્**: સરખાવો ફારસી **અન્દાજેહ્**, "માપ," અને **અન્દાજેહ્ કરદન**, "અટકળ કરવી," "આંકવું," "ગણત્રી કરવી."

(૮) અને મેજીસ્ત્રેટોને સજા[૧] કરાવવા વિષે;[૧] મેજીસ્ત્રેટ નહીં હોય તેવાઓની મેજીસ્ત્રેટોને મદદ,[૨] તેઓને[૩] આવી સજામાંથી છોડી દેવામાં[૩] મેજીસ્ત્રેટોની મદદ; તેજ મુજબ એક મારની બાબતમાં થયેલી જુસ્તેજુઇ માટે ભેગો વિચાર કરવા વિષે; અને તેજ બાબતપર જેબી બીજું હોય તે. (૯) જે માણસોએ કાંઇ ગુનાહ કર્યો હોય તેઓને સજા[૪] નહીં થવા[૪] વિષે, જયારે તેઓનાં નજદીકનાં[૫] સગાંઓને[૫] પકડવાં ફરજયાત છે; તે સગાંઓ કેટલી હદ સુધી તે ગુનાહમાં સામેલ છે (તેની તપાસ કરવી, પણ) તેઓને નિર્દોષ[૬] ગણવા નહીં;[૬] અને તેઓને કેમ બાંધવાં, અને તેઓ ઉપર સખ્તી[૭] કેમ ગુજારવી[૭], અને તેઓ તરફથી કેવી તાજેશની માગણી કરવી; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૦) અને શકિતવાન યા દોલતમંદ આદમી જે ગુનાહ કરવામાં મોજ[૮] મેળવે છે તે વિષે; જયાં તેની[૯] ખાસ લાયકાત હોય, અને તેની લાયકાતનો સબબ;[૯] અને શકિત વગરનાં વિષે, જયાં તેની ખાસ નાલાયકાત હોય, અને તે નાલાયકાતનું કારણ; અને એક પુણ્યનું કામ એક[૧૦] શકિતવાળા માણસ પરથી તેવાજ બીજા શકિતવાળા માણસ પર[૧૦] ફેરવવાનો ગુનાહ, અને એક નબળા પરથી તેવાજ બીજા નબળા શખ્સપર ફેરવવાનો ગુનાહ; અને તેજ બાબતપર જેબી બીજું હોય તે.

(૧૧) અને એક ફર્યાદ[૧૧] વિષે, જે વાદીએ પુરવાર[૧૨] કરવી જોઇએ; અને જેની સામે પ્રતિવાદીએ લડવું[૧૩] જોઇએ;[૧૩] અને કાયદા મુજબનો અહેવાલ[૧૪] આપવાના[૧૪] વખત વિષે; જયારે પ્રતિવાદી દેખાવ દેતો

૧-૧. મદમ્ તુજાનિશ્ન-આઓમન્દીહ્. ૨-૨. અઇય્યારીહ્ ને બદલે અઇય્યાર્.
૩-૩. અતૂનિશ્ન ઈ લદેના-શાન્ ઓલ્ ઓલાશાન્.
૪-૪. અ-તૂનિશ્નીહ્, "ખરા ગુનેહગારોને સજા નહીં કરવી."
૫-૫. સરખાવો અવ. નબાનજિદશ્ત, "નજદીકનાં સગાંઓ."
૬-૬. અ-વિનાસ્ દાશ્તન્ લા શાયદ્. ૭-૭. સખ્તીનીદન્.
૮. સરખાવો અવ. હુવાથ્ર, "સુખ," "સગવડ."
૯-૯. એ લખાણમાં એમ ઉમેરી શકાય: માદગ્વર્ અર્જાનીગીહ્ ઇ તૂબાનીગીહ્ વ ચિમ્ ઇ અર્જાનીગીહ્ ઈ તૂબાનીગીહ્.
૧૦-૧૦. એમાં એમ ઉમેરી શકાય:-મિન્ અએ ઈ તૂબાનીગાન્ ઓલ્ અએ ઇ તૂબાનીગાન્.
૧૧. પેશીમારીહ્. ૧૨. સરખાવો ફાર્સી સામાન, "કારણ," "સમજણ," અથવા "તૈયારી." એ ઉપરથી, "ફર્યાદ જે તૈયાર કરવાની હોય તે વિષે."
૧૩-૧૩. પઈતી, "સામે," અને કર. ફાર્સી પએકાર, "વિરૂદ્ધતા," "તકરાર."
૧૪-૧૪. ઓલ ગૂબ્ વબીદન્તન; સરખાવો ફાર્સી ગૂ યા ગૂઈ.

નથી, અથવા તે આવે છે પણ કજીયો[1] ચલાવતો[1] નથી; વાદી અને પ્રતિવાદીના કેટલાક વિચારો;[2] કજીયો મુલતવી રહયો હોય તે વખતનાં અંતરમાં[3] મુકરદમો તૈયાર કરવાની મુદત; બચાવ કરેલાં,[4] તથા હિમ્મત હારી ગયલાં[5], વાદી અને પ્રતિવાદી, અને તેઓની પાયમાલી;[6] અને ચુકાદો[7] આવે તેટલાં[7] વાદીના પૈસાનું[8] ખરચાઇ જવું,[9] અને ચુકાદો અપાતાં બીજી રીતે તેની ખોરાકીનુ ચાલુ રહેવું. (૧૧ક) એક સ્ત્રી વિષે કે જેણી એક પરણેલી ઓરત તરીકે ખાસ હકો ધરાવતી હોય,[10] અને કાયદા સર[11] પોતાના ધણીની ફર્યાદ ચલાવે,[11] અને ધણીને ફર્યાદ ચાલતી હોય

૧–૧. કાર્ **રાયીનીદન**, શબ્દાર્થ: "કામ ચલાવવું."

૨. વાંચણ: **હન્દિશીહા** ને બદલે **હન્દિશીહ્**; અવ. **હમ** અને **દીસ્**, "જોવું;" "ખ્યાલ કરવો;" ફારસી **અન્દીશીદન્**, "વિચારવું." એનો અર્થ: "વાદી અને પ્રતિવાદીના કેટલાક ખ્યાલો" બી થાય. વેસ્ટનું વાંચણ: **ખ્વેશીહ્**, "ખાસ્યતો."

૩. **બએન્ પરીર્;** સરખાવો ફારસી **પરીરહ્**, "વખતનો અંતર," "હરકત," "ગયા પરમ દહાડાનું" (**સ્ટાઇન્ગાસ**).

૪. વાંચણ: **નિપાત**, સરખાવો અવ. **નિ-પા**, "બચાવવું." વેસ્ટ: **વ પાદ્**, "મજબુત મનનું," ફારસી **પાદ્** નો અર્થ "મજબુત," "ટકાઉ" બી થાય છે.

૫. **અવી-અમાવન્દ્**, શબ્દાર્થ: "હીંમત અથવા શક્તિ વગરનું," અથવા "નાસીપાસ થયેલો" વાદી કે પ્રતિવાદી.

૬. **અઇરિખ્તગીહ્ પતશ્**, સરખાવો અવ. **ઇરિખ્ત** "પાયમાલી," "નાશ;" ધાતુ **રિચ;** એ ઉપરથી "નાસીપાસ થયલા વાદી કે પ્રતિવાદીની તેમાં પાયમાલી."

૭–૭. વાંચણ: **માત્ ઈ બએન્;** સરખાવો અવ. **મઇતિ**, "વિચાર," "ચુકાદો;" વેસ્ટ : **માત**, "એક મરણ નીપજાવે એવો ફટકો." ૮. **દારિશ્ન**, "પાસે હોય તે," "મીલકત."

૯. **પાદીરાનીનીદન**, "સુકાવી યા ખપાવી નાંખવું." સરખાવો પહલવી **પાદીરાન્-શૂસ્**, અવ. **પઇરિશ્ત-ખ્શુદ્રો** (વંદીદાદ, ફ. ૩ જી, ફ, ૧૯–૨૦) ને તરજુમો "એક માણસ જેની મની સુકાઇ ગઇ હોય," અને પહલવી **પાદીરાનીનેદ્**, અવ. **પઇરીશ્તયેઇતિ** નો તરજુમો છે. (**વંદીદાદ્, ફ. ૧૮ મી, ફ. ૬૩.**)

૧૦. વાંચણ: **પાતખ્શાએ-ઇહા;** એટલે, **પાતખ્શાહ્**-જન્ યા **શાહ-જન** તરીકે; જેણી પોતાના ધણી સાથે પોતાનાં માબાપની મરજીથી પરણી હોય, અને જેણી **ચકર્-જન** કે **ખૂદશ્-રાએ--જન** નહીં હોય. અસલ ઇરાનમાં એક **પાતખ્શાહ** સ્ત્રીને પોતાના ધણીનો "કેસ" એક જરથોસ્તી કોર્ટમાં ચલાવવાનો હક હતો.

૧૧. વાંચણ: **નીશા ઈ પાતખ્શાએ દાતગ્શોએ પેશીમારીહ્ કર્દન્.** **દાતગ્શોએ** ને એક કાયદાસરનો ધણી લેતાં આ અર્થ થાય, "એક સ્ત્રી, જેણી ખાસ હક ધરાવતી હોય, તેણી પોતાના કાયદાસરના ધણીની ફર્યાદ ચલાવશે, અને ધણીને ફર્યાદ વિષે ખબર આપશે."

તેની ખબર આપે; જયારે[1] એમ જણાય કે તેણીના ધણીના પૈસામાં તેણીની કાંઇ મીલકત નથી,[1] તો તેમ છે કે નહિં તે મુકરર કરવા શાક્ષિઓ[2] લેવાની જરૂર;[2] અને તેજ બાબતપર વધુ જેબી હોય તે.

(૧૨) તાજેશ[3] કરનારાંઓ[3] માટેની કસોટી વિષે, જેઓ પવિત્ર **બરસમની**[4] કસોટીમાંથી[4] પસાર થતાં હોય, અને જેઓ ગરમ ચીજોની કસોટીમાંથી પસાર થતાં હોય, તેઓ દરેક[5] જુદાં જુદાં તે કસોટીમાંથી પસાર થતાં પવિત્ર થયલાં ગણાશે,[5] અને દરેક જુદાં જુદાં જૂઠાંથી[6] વેગળાં છે એમ ગણાશે; જયારે તેઓ[7] પોતાની સ્થીતીને લાયકની નહીં[7] પણ બીજાની સ્થીતીને લાયકની કસોટી માંગે ત્યારે શું કરવું તે વિષે; અને તેજ બાબતપર જેબી હોય તે. (૧૩) સાક્ષીની હદ વિષે, અને તે હદની જરૂરયાત[8] હોવાનાં કારણ;[8] જે કોઇ ગવાહી વગરનો હોય તે નકામો[9] છે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૪) કસોટીથી જણાયલાં પરિ-ણામ ઉપરથી આપવામાં આવેલાં મતની ખાસ્યત[10] વિષે; અને કુદકો[11] મા-રીને એક કસોટીપરથી પસાર થવું[11] તે વિષે; કેટલા જણે તેપર તપાસ રાખવી જોઇએ; કસોટીમાં આગળથી આવનારા[12] અને પાછળથી આવનારા[13] માટેના વખતની[14] ગોઠવણ;[14] અને તેમાં[15] બોલવું, લખવું,[16] અને તેનાથી થતી

૧-૧. **અમતશ્ ખ્વીશીહ્** (મીલકત) **મન્દવમ્**-ઇચ્ **મન્દવમ બએન્ જફ્ ચબુન્ લા પએતાગ્**. **ખ્વીશીહ્**નો શબ્દાર્થ: "જે કાંઇ પોતાનું હોય તે."

૨-૨. **પવન્ ગઓકાયીહ્ શાયીદન્**, શબ્દાર્થ: "ગવાહી માટે તેની જરૂર છે," યા "ગવાહી માટેની મીલકત." ૩-૩. **વિજોર્દાન્**. ૪-૪. જુઓ મારી ફુટનોટ ૭, પા. ૬૨ મું.

૫-૫. **પાક્ જયશાન્ જવીદ્ જવીદ્**. ૬. **અ-દ્રૂજીગ્** ને બદલે **અ-દ્રૂજીહ્**.

૭-૭. **લા જફ્** ઇ **બએન્ નફ્શા પાયગ્** (પદવી). ૮-૮. **ચિમ્** ઇ **શાયીદન્ રાએ**.

૯. **લા શાયીદન્**. ૧૦. વાંચણ: **અએદ્ની**. DM. હઇત-ઇ, "-ની હસ્તી." વેસ્ટ: "-ની સચાઇ."

૧૧-૧૧. **ઓલ્ વર્ સિસ્ વજ્લુન્તન્**; સરખાવો ફાર્સી **સિસ્**, "કૂદકો મારવું," "કૂદવું." વેસ્ટ: **ઓલ્ વર્ ગાસ્ વજલુન્ત**; "કસોટીની જગાએ જઇ." **સિસ્** બોલ ફાર્સી **સીજ્**ને મળતો બી હોય, એટલે "મજબુત;" જેનો તરજુમો: "કસોટી પરથી જોસથી પસાર થવું."

૧૨. **પેશ્-મદાર**. ૧૩. **આખર્-મદાર્**. ૧૪-૧૪. **જિમાન્ વબીદ્દન્ત**.

૧૫. એટલે કસોટીમાં. ૧૬. વાંચણ: **નિપિશ્ન** યા **નિવિશ્ન**. એ વ **પન્દાન્**, "અને શીખામણો," બી વંચાય, સરખાવો ફાર્સી **પન્દ્**, "શીખામણ;" અથવા **વપિશ્**, અવ. **પિતુ**, "ખોરાક." વેસ્ટનું વાંચણ: **વ યજિશ્ન**, "અને ક્રિયા."

ઇજા,[૧] અને તેની જુદી જુદી જાતની[૨] સખ્તીઓ; અને જે શરીરના ભાગો પર કસોટી બજાવવામાં[૩] આવતી હોય[૩] તેઓની સંભાળ કેમ લેવી; તેઓની જાળવણી સારૂં એક પછી એક જે ભણતરો[૪] ભણાય છે તે; યજિશ્નની ક્રિયા કરતી વખતે દેખરેખની[૫] જરૂર વિષે;[૬] અને એક માણસને છોડી મૂકવો[૭] કે ગુનેહગાર ઠરાવવો[૭] તે વિષેનો ચુકાદો. (૧૫) આઓબી કે કસોટીની[૮] પરિક્ષામાં[૮] પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠો, સાતમો, આઠમો, નવમો, અને દસમો કોણે જવું;[૯] અને તે માટે હુકમ કોણે આપવો. (૧૬) અને જેઓને[૧૦] કસોટી અજમાવવાનું કામ સોંપેલું હોય[૧૦] તેઓની ફરજો. (૧૭) એકરાર, અથવા બીજાં કારણોથી થતી સખ્તી વિષે, અને તેથી નીપજતો ગેરવિશ્વાસ;[૧૧] અને એજ બાબતપર જેબી હોય તે. (૧૮) એક ચોરે કેદખાનું[૧૨] ભાંજી નાસી જવા[૧૩] વિષે, અને તે ઉપરથી બીજા કોઇ ઉપર તે ચોરને મદદ[૧૪] કરવાનો શક[૧૫], અને તેજ બાબતપર વધુ જેબી હોય

---

૧. **અઇરાખ્તગીહ્**, અવ. ઇરિખ્ત. વેસ્ટનું વાંચણઃ **અઇરીશ્તગીહ્**, "નહી જીતાય એવી હાલત."

૨. **અઇનીનગાન્**. ૩–૩. **પતશ્ વર્જ્દ ચેગવીમૂનેદ્**, "જે પર કસોટી બજાવવામાં આવી હોય," યા "જે કસોટીની મુશ્કેલીઓમાંથી પસાર થતા હોય".

૪. એટલે કે, ખુદાની બંદગીનાં ભણતરો જે કસોટીમાંથી પસાર થતા માણસની સલામતી સારૂં ભણવામાં આવે છે તે. ૫. **નેત્રૂનિશ્ન**, "તપાસ," "દેખરેખ."

૬. જે માણસ કસોટીમાંથી પસાર થયો હોય તેનાં નિર્દોષપણા કે પાપીપણા વિષે ખરો ચુકાદો આપવા લવાદોની મદદ સારૂં સઘળી ભલી શક્તિઓને બોલાવવું.

૭–૭. **બૂખ્ત અઇરિખ્ત.**

૮–૮. **વર્-કેશ્;** સરખાવો અવ. **ત્કએશ**, "માન્યતા;" ફારસી **કેશ્**, "દીન," "ધર્મ." વેસ્ટઃ **વર્-ગેશ્** (**વર્-ગાસ્** ને બદલે) "કસોટીની જગા." ૯. **મૂન્ વજ્લૂનિશ્ન.**

૧૦–૧૦. **વર્-અઉસ્તીગાન્**, શબ્દાર્થઃ "જેઓ કસોટીમાં વિશ્વાસ મુકવા લાયક હોય;" સરખાવો પહલવી **અઉસ્તીગાન્**, **અઉસ્તીબાન્**, યા **અઉસ્તબાન્.**

૧૧. સરખાવો પહલવી **લખ્વાર્-સ્તાયિશ્નીહ્** "શ્રાપ," યા "વખાણની ગેરહાજરી."

૧૨. DP. મુજબ વાંચણઃ **જીન્દાન**, સરખાવો ફારસી **જિન્દાન**, "કેદખાનું." વેસ્ટનું વાંચણ : **જીવિશ્ન**, "જીંદગી," અને તરજુમો : "એક ચોર જે જીંદગીનો નાશ કરે તે વિષે."

૧૩. **વરીફૂન્તન્** "છટકી જવું." ૧૪. **અઇય્યારગીહ્.** ૧૫. સરખાવો અવ. **વિમનંધ્.**

તે. (૧૯) માનને લાયક ગ્રહસ્થો[1] માટે કસોટી નથી તે વિષે, તેજ મુજબ સારી કીર્તિવાલાં[2] માણસો માટે નથી; તે ઉપરથી[3] સારાં આબરૂદાર લોકો ઉપર કામ ચલાવવાની[4] હદ; એટલે કે **યૂજયાસ્ત**[5] નાં માપ જેટલી, કે **દશ્મેસ્ત્**નાં, કે **અગોયોસ્ત્**નાં, કે **તચર**નાં, કે ઓછાંમાં ઓછા **હાસ્રની**[5] લંબાઇને જેટલે તફાવતે.

(૨૦) એક ચીજ જેની કોઇ[6] માલેકી[7] ધરાવતુ[7] હોય તે માટેની તકરાર વિષે, જે ચીજ બીજો માણસ, જે પોતાની માલેકી[8] માટે સાક્ષી ધરાવે છે તે, કોઇ બીજા માણસ સાથે મલીને રાખે છે, કે જે બીજા માણસની માલેકીની નથી, અને જે[9] સાક્ષી યા ગવાહી વગરનો છે;[9] યા કોઇ તે ધરાવતો હોય જેની પાસે એકજ સાક્ષી હોય; યા કોઇ જેની ગવાહી ફરેશ્તાઓની હોય; યા વળી કોઇ જેની માલેકી ખુલ્લી જણાતી નથી;[10] જયારે બેઉ સગા હોય, કે સગા[11] નહીં હોય;[11] અને કઇ જાતની

---

૧. વાંચણ : હૂ-સ્તુગાન, સરખાવો અવ. હુ અને સ્તુત, "માન પામેલું," "વખાણને પાત્ર;" ફાર્સી સ્તૂ, "માન." વેસ્ટ પ્રમાણે એ ખૂસ્તૂગાન્ બી વંચાય, અર્થ : "એકરાર કરનારા."

૨. હૂ-સ્રૂબગાન્, સરખાવો અવ. હુઍાસ્રવ, ધાતુ, સ્રુ, "સાંભળવું," એટલે કે "જેઓને માટે સારૂં સંભળાય તેઓ"

૩. વાંચણ: **પવન્ અએદ્ની.** વેસ્ટ : **પવન્ હઇત્,** "તેની હયાતી વિષે."

૪. **હમેમારીહ.**

૫-૫. **ફ્રહાંગ્-ઇ-ઓઇમ-અએવગ્** મુજબ એ **હાસ્ર** (બે રોમન માઇલ)નો એક **તચર્**, બે **તચર્**નો એક **અગોયોસ્ત્**, બે **અગોયોસ્ત્**નો એક **દશ્મેસ્ત્**, અને બે **દશ્મેસ્ત**નો એક **યૂજયાસ્ત્** થાય છે. એ બધાં અંતરનાં માપ છે. વેસ્ટ કહે છે કે: "આ હારમાળા સંસ્કૃતની હારમાળાને મળતી આવે છે પણ વધુ મોટી છે; **હાસ્ર**ને **કોશ** સાથ સરખાવાય જે બન્ને સાધારણ તફાવત દર્શાવવા માટે વપરાય છે, જો કે તે તેની હંમેશની લંબાઈ કરતાં અરધાથી ઓછો છે; **અગોયોસ્ત્** લગભગ **ગવ્યૂત** જેટલોજ છે; અને **યૂજયાસ્ત યોજન** બરાબર છે, જો કે તેના કરતાં લગભગ બેવડો છે." ૬. **અએવગ્.**

૭-૭. **ખ્વાસ્તગીગ્**, "કોઇની મીલકત કે ધનને લગતું." ૮. **દારિશ્ન**, અવ. **દેરે**, "કબજામાં રાખવું."

૯. **લેવતા લા ગઍાકાએ.**

૧૦. અહીં એમ ઉમેરો કરવો જોઇએ કે : "યા જે તે ધરાવીને એક સાક્ષી સાથનો હોય..........." બીજો જેની પાસે તે નહીં હોય, અને ગવાહી વગરનો હોય, તેની સાથે તકરાર.

૧૧-૧૧. **અ-નજદીહીગ્**, શબ્દાર્થ : "નજદીક નથી."

માહેકી તેઓ સર્વથી[1] વાજબી[1] ગણે. (૨૧) એક જડજના ચુકાદાને રદ[2] કરવા[2] વિષે, અને એક વડા જડજ આગળ તેમ કરવાના વખતની ગોઠવણ, અને તે પુરવાર કરવાની[3] કસોટી વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૨૨) અને એક મીલકત માટેની ત્રણ જણની મારામારી વિષે; જે મીલકત વિષે એમ જાહેર થયલું છે કે તે એક જણને અહુર-મજ્દ[4] રોજે આપવી, બીજાને વોહુમન (બહમન)[4] રોજે, ત્રીજાને અશવહિશ્ત (અર્દીબેહેશ્ત)[4] રોજે; પણ તે મીલકત એકજ જણને તેજ દીવસે અપાય નહીં.

(૨૩) અને પોતાની નહીં હોય એવી મીલકત વેચવા[5] વિષે; અને તેજ બાબતપર જેબી હોય તે. (૨૪) એક ચીજ જે નહીં બની શકે એવી હોય તે વિષેના મતફેર[6] વિષે. (૨૫) અને એક માણસ કાંઈ અગત્યની ચીજ[7] ધરાવતો હોય તે માટેના મુકરદમા વિષે, જે એકજ જણ ધરાવે છે, અને જે ચીજ વિષે તે એમ કબુલ[8] કરે છે[8] કેઃ—"હું પોતે તે ધરાવતો નથી, પણ બીજા જણ પાસેથી મને મળી છે;" અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૨૬) એક ઇરાનીની બીજા પરદેશી માણસ યા પરદેશી માણસો સાથની તકરાર વિષે; એક પરદેશીની ઇરાનના દેશી[9] સાથની, એટલે ઇરાનનાં મુખ્ય શહેરના રહેવાસી સાથની, કોઇ અગત્યની ચીજ[10] સારૂ તકરાર; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૨૭) ફર્યાદીએ તેઓને એક હુકમ-નામાંની બજાવની સારૂં બોલાવવાથી જડજો આગળ પ્રતિવાદીઓ ઘણી[11] ગડબડ[11] કરે છે તે વિષે; અને ચુકાદા દરમ્યાન ગાળગલોચ[12] સાથની હકીકત આપવા[12] વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

૧-૧. શબ્દાર્થ : "ધણી હયાત," "ખરેખરી." વેસ્ટ : "સર્વથી ખરી."

૨-૨. પાદીશાનીનીદન્ "રદ અને નકામું કરાવવું." ૩. અએવરીહ્.

૪. એટલે પારસી જરથોશ્તી મહિનાના પહેલા, બીજા, અને ત્રીજા રોજે.

૫. મેજ્દ્નૂનાન્. ૬. અન-બસાનીહ્, "જુદું પડવું." સરખાવો ફારસી બસાન્, "સરખું."

૭. માદગ્-ઇ, "કિમતી ચીજ." ૮-૮. હમ-દાદિસ્તાન્, "એકજ મત ધરાવતો," "કબુલ કરતો."

૯. બૂનીગ્, "અસલથી," યા "જન્મથી". ૧૦. એટલે કે, પોતાની મીલકત સારૂં.

૧૧-૧૧. ચન્દ અએવાજ; સરખાવો ફારસી આવાજ્ "ગડબડ," "ઘોંઘાટ."

૧૨. મદમ્ વશતગ (ખરાબ) મિલયાઇહ્ ગૂમીજગ્ ગુબિશ્નીહ્.

(૨૮) વડા દસ્તુરે મીલકત અને દોલત કેટલો વખત ધરાવવી તે વિષે,[૧] અને વડા દસ્તુરની ખાસ જરૂરીયાતો કઇ કઇ છે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૨૯) સાક્ષી અને જડજની જગા માટે એક સ્ત્રીની લાયકાત,[૨] જયારે તેણી સ્વતંત્ર[૩] હોય અને પોતાના ધણીની સત્તા[૪] બજાવી શકે તેવી હોય;[૪] એ બન્નેને[૫] માટે[૫] એક પરદેશી અને મર્ગર્જાન ગુનેહગારની નાલાયકાત; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૩૦) મીલકત ગીરો[૬] મુકનાર[૬] વિષે, જે જામીનગીરી આગમજથી આપતો નથી.[૭] (૩૧) ભાગ્યાઓની[૮] મીલકત આપી દેવા વિષે; અને તેજ બાબત પર જેબી વધુ હોય તે.

(૩૨) અને એક મીલકત વિષે જે એક માણસ ધરાવતો[૯] હોય,[૯] અને પોતાની માલેકી[૧૦] અને કબજો[૧૧] પુરવાર કરવા કાંઇબી[૧૨] ગવાહી તેની પાસે હોય નહીં.[૧૨] (૩૩) અને ખાધરાઓની[૧૩] કસોટી વિષે; અને કાયદાની[૧૪] અદાલતમાં એકમેકને ઘસડવા અગાઉ[૧૪] વાદીઓએ પ્રતિવાદીઓને તેઓનાં દુઃખમાં[૧૫] મદદ કરવા[૧૫] વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૩૪) એક સ્ત્રીને[૧૬] લગતા ચુકાદા વિષે, જેણીને તેઓ એક જણ પાસેથી ચોરી જાય, અને તેણી આ ચોરો પાસેથી નાસી જાય,[૧૭] અને કોઈ

---

૧. એટલે, વડાં દસ્તુરે પોતાનાં પંથકમાં પોતાનો સારી આવકવાળો ઓધ્ધો કેટલો વખત ધરાવવો. ૨. **શાયીદન્**, "ખરાપણું," "જેમ તે હોવું જોઇએ તેવુ," "લાયકાત."

૩. **મદમ્ તનૂ ઇ નફ્શા સર્દાર્.** ૪–૪. **પાતખ્શાએ.** ૫–૫. **પવન્ અએવગ્–ઇચ્.**

૬–૬. સરખાવો ફાર્સી **ગરૂ દાશતન્**, **ગરૂ નિહાદન્**, "ગીરો મૂકવું."

૭. **ગરૂબ્ અ-પેશ્ બરા હન્બેતૂન્તન.** ૮. સરખાવો ફાર્સી **અંબાજ્**, "ભાગ્યો."

૯–૯. **યખ્સેનુનેદ્.** ૧૦. **ખ્વીશીહ્.** ૧૧. **દારીશ્ન**, સરખાવો **દાશ્તન્**, અવ૦ **દેરે**, (કબજામાં) "રાખવું."

૧૨–૧૨. **હિચ્ ગઑકાએ લેવતા લેવિત્**, શબ્દાર્થ: "પોતાની સાથે પુરવાર કરવાની સાબેતી નહીં હોય."

૧૩. સરખાવો અવ૦ **પએઉરૂ**, અથવા **પોઉરૂ**, "ભરાએલું," ને **ખેરે**, "ખાવું," એ ઉપરથી **પાઉરીઊ ખ્વૂરાન્** (જે **પઊરૂ-ખ્વૂરાન્** ને બદલે વપરાયો છે તે) નો અર્થ "બેહદ ખાનારા" થાય છે.

૧૪–૧૪. **પેશ્ બએન્ દાદીસ્તાન્ રાયીનિશ્નીહ્ અએવગ્ ઓલ તનિદ્.**

૧૫–૧૫. વાંચણ: મૂસ્ત્–ગુરઝીહ્; સરખાવો ફા૦ **મુસ્ત્**, "પંચાતી," "દુઃખ," અને **ગુરઝીદન્**, "મદદ કરવી," "સાજુ કરવું."

૧૬. માદગ્, સરખાવો ફા૦ **માદહ્**, "નારી," **માદ્**, "માતા."

૧૭. **રાનગ્**, સરખાવો ફા૦ **રાનહ્**, **રાન્દન્.** વેસ્ટ: **લાવક**, "કાલાવાલા કરવું."

બીજો તેણીની પાછળ દોડી[1] તેણીને પકડે, જયારે એ છેલ્લા[2] પાસેથીબી બીજાઓ તેણીને ચોરી લઇ જાય;[2] પણ તેણીનો અસલ ધણી તેણીને ઓળખતો નથી અને તેણીને તે પાછી ખરીદે[3] છે; અને જયારે એ બધા તેણીને સારૂ ફર્યાદી થાય છે. (૩૫) કોઇ માણસના કબજામાંની મીલકત વિષે, જે માણસ, જયારે કોઇ તે મીલકત તેની[4] આંખ આગળ[4] બીજાને આપી દે, ત્યારે તે માટે વાંધો[5] ઉઠાવતો નથી.[5] (૩૬) વડા દસ્તુરના પોતાના ચેલાને એક ચુકાદા[6] સામે અપીલ નહીં કરવાનું[6] શીખવવા વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૩૭) અશો[7] લોકોને ભેટ આપવા સારૂં[7] એક ચોક્કસ મીલકત માટેની કોઇ સાથની તકરાર[8] વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૩૮) તે માણસને લગતા ચુકાદા વિષે, જે તેને માટે ત્રણ વાર કસોટી[9] પસાર કરે,[9] અને કાયદા મુજબ[10] તેમાંથી પસાર થાય; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૩૯) અને જાદુગરનાં મંત્રો,[11] જે ભય બતાવતાં હોય, તે મંત્રો પઢવાની[11] કેટલીક રીતો હોવા વિષે; અને તેનાથી, જાદુગરીથી, અને માફકસરની[12] અને અસરકારક જાદુગરીથી[12] ટંટો[13] નીપજાવવાની રીત[13] વિષે. (૪૦) અને એક[14] મોતની શિક્ષાને લાયક થયલા માણસ સારૂં કઇ કસોટી જોઇએ[14] તે વિષે; અને એક કસોટીનાં

---

૧. **હચીદગીહ્**, સરખાવો અવ૦ હચ્, "પાછળ જવું." ફા૦ **હચીદન્**, "પકડવું," "ઉચકી જવું." વેસ્ટ: "એકાંત રાખવું." ૨-૨. **મિન્-ઇચ્ ઓલા દૂજેન્દ્.** એટલે કે લોકો તેને છેલ્લા ચોર પાસેથી ચોરે.

૩. વાંચણ: **જદૂનીગ્**, સરખાવો હુજ્વારેશ્ **જદૂન્તન્**, "ખરીદવું." બેહતર વાંચણ: **જબનુન્તન્.** વેસ્ટ: **જીવોન્દક્**, "જીવતું."

૪-૪. **પવન્ વીનીશન** ઇ **ઓલા**, "તેની નજર અંદર." ૫-૫. **લા પતકારેદ્.**

૬-૬. **લખ્વાર્ ઓલ્ દાદિસ્તાન્ લા વજ્લૂન્તન્**, શબ્દાર્થ: "ઇન્સાફ માટે પાછું નહીં જવું."

૭-૭. **પવન્ યશરૂબ્-દાત**, સરખાવો, રવાયતોમાં આવતો **અશો-દાદ** શબ્દ.

૮. **અનબસાનીહ્**, "મતફેર;" **અન**, "નહીં," અને ફા૦ **બસાન્**, "સરખું." બીજું વાંચણ: **હન્-બેશીનીહ્**, સરખાવો અવ૦ **હમ**, અને **ત્બિશ્.**

૯-૯. **વર્ વર્જેદ્**, શબ્દાર્થ: "એક કસોટીની ક્રિયા કરે."

૧૦. **આયીનીહા.** વેસ્ટ: **અએગૂનીહા**, "એક રીતે."

૧૧-૧૧. **યાતૂગ્-ગૂબિશ્નીહ્.**

૧૨-૧૨. એટલે, **પવન્ પત્માનગ્ વ પાતખ્શાએ યાતૂગીહ્.**

૧૩-૧૩. **કર્દન્ ઇ અન-બસાનીહ્ ઇ પતશ્.**

૧૪-૧૪. બીજો તરજુમો:-" અને કઇ જાતના મોતને લાયકના માણસ સારૂં કસોટી હોવી જોઇએ તે વિષે;" એટલે કે, કઇ જાતના **મર્ગર્જાન** ગુનેહગાર સારૂં કસોટી થવા દેવી જોઈએ.

મોટાઇ અને નજીવાપણું; અને વધુ આએ કે, કસોટીમાંથી[1] પસાર થનારા કયા માણસો વિશ્વાસને લાયક છે.[1] (૪૧) બાળવાનાં લાકડાંના[2] જથ્થા વિષે, અને તે[3] કામ માટે કયાં ઝાડનું લાકડું સારૂં છે;[3] અને કસોટીની ક્રિયા કરવા માટે કેટલાં આલાતો તથા નીરંગોની જરૂર છે. (૪૨) અને વધુ આએ કે, જયારે એક માણસ પોતે સાચો છે એમ જાણતો હોય ત્યારે[4] તે જાણવા છતાં[4] આતશ તેને પેહેલવાનોની[5] ભાષામાં[5] કહે છે કે: "તું મારી પર ચાલતો ના, કેમ કે તું જો ચાલશે તો હું તારી જીંદગીને[6] ઇજા કરીશ." (૪૩) અને એક લવાદ[7] વિષે, જે એક ચોર અને લૂટારાને પકડવાનાં ફરમાનની[8] બાબતમાં વચે પડે, અને તેને તેની[9] બેડી અને કેદમાંથી છુટો કરવા[9] અને છોડી મેલવા[10] વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૪૪) અને એક આથ્રવ એટલે ધર્મગુરૂની (પોતાના ધંધાસરની લસ્ટની) મીલકત વિષે, જે મીલકત[11] તે પોતે ધરાવતો[11] નથી, અને જે[12] ધર્મગુરૂ પોતાના મોબેદીના ધંધા સારૂં બીજા પ્રાંત અથવા દેશમાં રહેવા જાય;[12] જયારે

૧-૧. **મિત્ વરીગાન્ પવન્ વર કદામ વાવરીગાન્**, (અવ૦ **વર્**, "માનવું," એવડું ૩૫: વાવર્). વેસ્ટનું વાંચણ: **વાફ્રીગાન્**, અને તરજુમો: "કસોટીઓ પસાર કરનારા વીસ માણસોમાંથી કયા આશિર્વાદ પામેલાં છે."

૨. કસોટીને માટે બાળવાનાં લાકડાં. ૩-૩. **શપીર્ શાયીદન્ વહાન્-ઇચ્**.

૪-૪. **અમત્-ઇચ્**. ૫-૫. **વીરાન્ ગૂબિશ્ન**. એ **પવન્ ગરાન્ ગૂબિશ્ન** બી વંચાઇ શકે, એટલે, "એક અગત્યનાં યા કિંમતી ભાષણમાં."

૬. **ખયા** અથવા **અદા**, "જીંદગી." જો એ DM. મુજબ **અશ્** વાંચીએ તો એ વાકયનો અર્થ એમ થાય: "હું તેને તે ચાલે ત્યારે સજા કરીશ."

૭. સરખાવો ફા૦ **મ્યાનજી**, "લવાદ." ૮. **દાદિસ્તાન**.

૯-૯. **મદમ્ બન્દ્ દ્રૂશ્ શેદ્દ્રૂનાં**. **દ્રૂશ્** સાથ સરખાવો અવ૦ **દ્રૂશ્**, "ભાલો," એટલે, કેદખાનાં આગળના ચોકીબાનોના ભાલાઓ. વેસ્ટ: "બેડી."

૧૦. **પશ્ન કર્દન્**, શબ્દાર્થ: "રસ્તો લેવો," "નાહસી જવું," સરખાવો ફા૦ **પશાન**, "રસ્તે," યા ફા૦ **પશ્** "સરખું," "મળતું આવતું." એ ઉપરથી **પશ્ન કર્દન્**નો અર્થ "એવાજ ગુનાહો કરવા" એમ બી થાય.

૧૧. **ખ્વાસ્તગ્દાર્**.

૧૨-૧૨. **પવન્ અઊજ્-દેહીગીહ્ અયૂફ્ (અઊજ્)-મતા પવન્ ખ્વીશ્કારીહ્ બરા વજ્લૂનેદ્**. **અઉજ્-દેહીગીહ્** સાથ સરખાવો અવ૦ **ઉજ્-દખ્યુ**, "પોતાના દેશની બહાર;" પહલવી **પવન્ અઊજ્-દેહીગ્**નો અર્થ "પારકા મુલકને લગતો માણસ" થાય છે, અને **પવન્ અઊજ્-દેહીગીહ્** "પારકા મુલકને લગતા માણસની જગાએ."

તે ગુજરી જાય ત્યારે તે[1] કોણુને અને કેવી રીતે બીજાને સવાધીન થાય.[1] (૪૫) માબાપની બાકી[2] રેહેલી[2] મતાને લગતા વાંધા વિષે; તેને જેવી ને તેવીજ[3] રીતે રાખવા[3] વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૪૬) અને **અસ્પેરેન,**[4] અને નાનું મેંઢું,[5] અને મોટું ઢોર[6] ચોરવા માટે અનુક્રમે કેદ, અને ભાલો ભોકવા, અને બીજી શિક્ષાની સજાનાં પ્રમાણ વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૪૭) અને એક તોહમતદાર વિષે, જેને સારૂં ત્રણ ફર્યાદીઓ, સઘળા[7] એકમેકને મદદ કરીને,[7] એક **અસ્પેરેન** માટે, એક બકરાં માટે, અને એક મોટાં ઢોર માટે, ફર્યાદ કરે, અને તેનો કોણુને[8] જવાબ પેહેલાં મળે.[8] (૪૮) અને ત્રણ જણાની એક કિંમતી[9] વસ્તુ માટેની[9] તકરાર વિષે, જે વસ્તુ તેઓ પાસે[10] હોય નહી,[10] અને જે[11] માણસના તાબામાં તે આપી હોય[11] તે એક મજબુત બાંધાનો જોરાવર[12] માણસ[12] હોય, અને તેઓમાંના એકની માલેકી[13] શકભરી[14] હોય.

૧–૧. **ઓલ્ મૂન્ ચિગૂન્ મદન્;** એટલે તેનાથી કયા ધર્મગુરૂને તથા કેવી રીતે તે મીલકત મળે.

૨. **અવર્–માનન્દ્;** સરખાવો અવ૦ **અપર,** "પાછું," અને **મન્,** "રહી જવું;" એ ફા૦ **બાજ્–માન્દેહ્**ના અર્થે વપરાયલો છે.

૩–૩. **વાહમ્–દારીહ્** ને બદલે **વાહમ્–દાર્;** સરખાવો ફા૦ **વાહમ્,** "તેજ રીતે;" એટલે વારેસો વચ્ચે તે મીલકત વેંહચ્યા વગર રાખી મેળવી. **વાહમ્**નો અર્થ "સાથે" પણ થાય છે, તે ઉપરથી વેસ્ટ: "તેને સાથે રાખવી".

૪. અવ૦ **અસ્પેરેન,** એક જાતનું વજન અથવા **દેરમ**ની કિંમતનો એક સીક્કો; એટલે **અસ્પેરેન**નાં વજન યા કિંમતની કાંઇ ચીજ.

૫. અવ૦ **અનુમય,** "ચોક્કસ માપનું ઢોર," એટલે એક "બકરૂં" કે "મેંઢું."

૬. અવ૦ **સ્તઓર,** "મોટું ઢોર" જેવું કે ઉંટ, બલદ વિગેરે.

૭–૭. **કોલા પવન્ અઇય્યાર્.**

૮–૮. **પસખુન્ ઇ મૂન્ પેશ્ ચેહબૂન્તન્,** "કોણુનો જવાબ પેહેલાં આપવો;" એટલે કે જડજનો ફર્યાદીને મળતો જવાબ કે ચુકાદો. ૯–૯. **ખ્વાસ્તગીગ્,** "મીલકતની કિંમતનું."

૧૦–૧૦. **અ–હમ્,** અર્થ: "સાથે નહીં;" સરખાવો અવ૦ **હમ,** ફા૦ **હમ.**

૧૧–૧૧. **વ ઓલા મૂનશ્ હન્બેતૂન્ત.**

૧૨–૧૨. **જોર્–તન્.** ૧૩. **ખ્વીશીહ્.** ૧૪. **લા–અએવર્.**

(૪૯) અને ત્રણ જણા જેઓએ બધાએ એકમેકને મદદ કરી, એક શખ્સ પાસેથી **અસ્પેરેન**, અને બીજા પાસેથી બકરૂં, અને ત્રીજા[1] પાસેથી મોટું ઢોર ચોર્યું હોય, તેઓને સાથે સજા કરવા વિષે.

(૫૦) અને કોઇની[2] મીલકત ચોરવા સારૂં[2] એક સ્વદેશીને બાંધવાના વાજબીપણા કે ગેરવાજબીપણાનાં કારણ વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૫૧) તોહમતદારને તેમજ એક ફર્યાદીને સાંભળવાનું[3] ચાલુ રાખવાની[3] હદ વિષે, અને તેઓને બોલવા માટે ઠરાવેલો[4] વખત,[4] અને તેની હદ. (૫૨) અને આ વિષે કે, જ્યારે કોઇએ બીજા પર તોહમત[5] મુકયું હોય,[5] અને ઠરાવેલે વખતે[6] પાછો જાય; પણ તેને લગતો જવાબ મળે તે આગમજ તેજ માણસ સામે બીજું તોહમત તે મુકે, જેનો[7] જવાબ એવો હોય કે તે પેહેલાં અપાવો જોઇએ તે વિષે. (૫૩) ઇન્સાફની ઢીલનાં[8] કારણ વિષે; કાયદાની તપાસ ચાલે ત્યારે કયા માણસ વિષે બીજું, ત્રીજું, અને ચોથું યા છેલ્લું બોલવું હોય; અને કાયદાની તપાસ ચલાવવામાં ૨૨ વખત મુકરદમો મુલતવી[9] રાખવા[9] વિષે.

(૫૪) અને એક કસોટીની અજમાયશમાં થાકી જવા[10] વિષે, જે કસોટી ત્રણ લાયક[11] શાક્ષી[11]ની હજુરમાં પસાર કરવામાં આવી હોય. (૫૫) અને ગરમ કસોટીનાં, અને ઠંડી કસોટીના વખત વિષે, અને તેજ બાબતપર જેબી વધુ હોય તે વિષે. (૫૬) તપાસ[12] ચાલતી હોય[12] તે વખતે એક જણ કસોટીની અજમાયશ માંગનારો હોય તે વિષે, અને બીજો

---

૧. **મિન્ અએવગ્**, શબ્દાર્થ: "એક પાસેથી."

૨–૨. **પવન્ દૂજ્ ઇ નશ્શા.** વેસ્ટ: "પોતાની ચોરી સારૂં."

૩–૩. **પવન્વશમ્મૂનિશ્ન દારિશ્ન.** વેસ્ટ: "સાંભળવાનું કામ ચાલુ રાખવું."

૪–૪. **જિમાન્ વબીદૂન્ત.** ૫–૫. **હમેમારીહ્ કર્દ્ યેગવીમૂનેદ્**, અર્થ: "તોહમત મુકયું હોય."

૬. કજીયો સાંભળવા સારૂં ઠરાવેલો વખત. ૭. એટલે જે તોહમતનો.

૮. વાંચણ: **અપારીહ્**, સરખાવો અવ૦–સં૦ **અપર**, "પાછળથી." વેસ્ટ: **આજારીહ્**, "સંકટ," "દુ:ખ."

૯–૯. વાંચણ: **આદરેંગીહ્.** વેસ્ટ: **અદરંગીહ્**, "દાવપેચ."

૧૦. **પાધારાનીહ્**, એ શબ્દ માટે જુઓ મારી આગળ આપેલી નોટ. **વંદીદાદ**ના પહલવી તરજુમામાં **પાદીરાન્** વારેઘડીએ વપરાયલો મળે છે. વેસ્ટ: "કાઢી નાંખવું."

૧૧. **વિજોર્દ્**, સરખાવો અવ૦ **વીચિર**, "બારીક રીતે જોનાર;" ફા૦ **વજર્**, "જડજનું ફરમાન." એટલે કોર્ટ તરફથી નેમાયલા સાક્ષીઓ અને લવાદો. વેસ્ટ: "ચુંટી કાઢેલા." ૧૨–૧૨. **રાયીનિશ્ન્–ઇ.**

જણ મોબેદોના[1] વડા[1] માટે વખત નક્કી કરે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૫૭) થયેલી સજા યા મારેલી ટેપ ફેરવવાનાં (ઘટતાં) કામ ઉપર મોબેદોના વડાના આશિર્વાદ વિષે; અને વળી આએ કે, ફાંસીના[2] લાકડાં[2] પર ચઢાવવાની સજા ગમે તેવી રીતે પસાર થઇ હોય તે ફેરવવા ઉપર મોબદાન મોબદનાં આશિર્વાદ.

(૫૮) અને પાણીની પખાલ પર[3] ચાલવા વિષે, અને તેમાં દાખલ થઇને[4] ચાલવા વિષે; હુમલો અને જખમ કરવો, અને તે કાજે ગુમાવવામાં આવતા પૈસા;[5] અને અશો લોકોને આપવી જોઇતી અશોદાદ વિષે; અને નુકસાન, અને છુપું[6] રાખવું,[6] અને ચામડી છોલી નાંખવી, અને મદદ,[7] અને પૈસા આપી[8] (બીજાઓની) મદદ લેવી. (૫૯) સ્ત્રી, અને ઢોર, અને ઝાડો, અને જમીનની માલેકીના વાંધા વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૬૦) એક ધંધાના મુખીઓમાંનાં કેટલાકોનાં પોતાના ખાસ કામ, ગોયા મોબદાન મોબદનાં ખાસ કામ વિષે, તેઓનાં બોલવા અને કહેવા ઉપર વિશ્વાસ રાખવા વિષે; અને દરેક મુકરદમામાં ત્રણ સાક્ષીઓના અહેવાલ ઉપર રાખવા જોઇતા વિશ્વાસ[9] વિષે. (૬૧) અને એક મુકરદમામાં આપેલી જબાની ઉપરથી નિપજતી કેટલીક જાતની બદીઓ વિષે; અને એજ બાબતપર જે વધુ હોય તે. (૬૨) પોતાનો ધર્મ ત્યાગ કરનારાઓની ઠગાઇ[10] દાબી દેવાની રીતો[10] વિષે; અને એજ બાબતપર જેબી વધુ હોય તે.

---

૧. શબ્દાર્થ: "મોબેદોનો મોબેદ."

૨–૨. વાંચણ: **પવન્-ઇચ્ દાર્**, DM. માં **પવન્ ચીહર્** ને બદલે મળે છે. સરખાવો ફા॰ **દાર્**, "સૂળી," "ફાંસીનું લાકડું."

૩. સરખાવો ફાસી **ખીક્** "પાણીની પખાલ."

૪. **અન્દર્-ગશ્તન્**. વેસ્ટ: "તેમાં કાંઇ મુકવું."

૫. **નિફિજ્ન્દ;** અરેબીક **નફ્ઝ્** યા **નફ્ઝ્**, "ખાલી અથવા સુકકું હોવું," "હાંકી જવું".

૬. સરખાવો ફાસી ખજીદહ્, "છુપું," "છુપું પડેલું". વેસ્ટ: **જીયાનક્ વ હુચીદક્**, "ખરાબ થયલી અને છુટી પાડેલી ચીજનું."

૭. અવ॰ **અઓગંઘ્**, "મદદ". (ધાતુ, વજ્, "મજબૂત હોવું"). ૮. **વહાગ્ જેબનૂનાં.**

૯. **અએવરીહ્**, "માન્યતા," "ખાત્રી," અવ॰ ધાતુ **વર્**, "માનવું".

૧૦–૧૦. **અઇનીનગ્......ઓલ્ ફ્રદિપાન્ ફ્તાર્ વબીદ્દન્તન્.** **ફ્તાર્** સાથે સરખાવો ફાસી **ફ્તારીદન્**, "ફાડવું," "ઓદી કાઢવું".

(૬૩) આ વિષે કે, આદમીજાતના વિચાર, વચન અને કામનો નીતિને[1] લગતો સુધારો[1] બધો **સ્પેન્ત-મઇન્યુ**[2]ની નૈતીક સાચવટથી થાય છે, અને માણસો પોતેજ તે સાચવટને પોતાની[3] બનાવે છે,[3] અને તેવે રસ્તે[4] જવાથી તેઓને બદલો મળે છે; અને આદમીજાતની બુરાઇ બધી **અંઘ્ર-મઈન્યુ**ની બુરાઇને આભારી છે, અને માણસો પોતેજ તે બદીને પોતાની બનાવે છે, અને તે રસ્તે[5] જવાથી તેઓને સજા થાય છે.

(૬૪) અને આ વિષે કે, પાપીપણું, જેનો પસ્તાવો કરવામાં આવતો નથી તેથી ઉપજતું દુઃખ; એટલે કે કેવી રીતે એક માણસ પેહેલા, અને બીજા, અને ત્રીજા, અને ચોથા, અને પાંચમા **અરેદૂશ** ગુનાહથી દુઃખી થાય છે; જો તેનેથી તેની પતેત નહીં થઇ હોય તો. (૬૫) અને આ વિષે કે, કેવું બોલવું યા લખવું ભય ઉત્પન્ન કરે છે, અને **આગેરેપ્ત**[6] કયો છે, કે જેથી કોઈ હથિયારનો નીચે ઝટકો મારતાં એક શખ્સ **તનાપૂહર**[7] ગુનેહગાર થાય છે; અને એવાં પાપોમાંથી નીપજતાં બીજાં પાપો વિષે.

(૬૬) અને આ વિષે કે, કોણે તોજેશ કરવી;[8] **બરેસ્મ**ની કસોટીની અજમાયશ જે સર્વેથી સરસ છે, તેથી કોણે તોજેશ કરવી; અને ઓછામાં ઓછી ગરમીવાળી કસોટી કઇ છે. (૬૭) અને બે માણસો કે જેઓ સાથેજ[9] કોઇ મીલકત પોતાના હાથમાં લે, અને બન્ને તરતજ[10] તેને વિષે કોઇ જડજની માંગણી કરે, અને કસોટીમાંથી પસાર થવાની ઇચ્છા ધરાવે; અને જયારે એક જણ તે મીલકત ત્રણ[11] કલાક આગમજથી હાથ કરે, અને બીજો એક જડજની તથા કસોટીની ઉતાવળથી માંગણી કરે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૬૮) અને એક માણસ વિષે કે, જે કોઈની મીલકત તેના

૧-૧. **ફ્રારૂનીહ્**, "સીધી ચાલ," "પ્રમાણીકપણું".

૨. શબ્દાર્થ: "આબાદી આપનાર અને આગળ વધારનાર શક્તિ." પહલવી **સ્પેનાગ્મઇનૂગ્.** ૩-૩. **ઓલ્ નર્‌શા વબીદૂનાન્દ્.**

૪. એટલે કે, સુધારાને રસ્તે. ૫. એટલે કે, બુરાઇને રસ્તે.

૬. જ્યારે કોઇ ગુનાહના ઈરાદાથી કોઇ બીજાપર હથિયાર મારે.

૭. અવ. **તનુ-પેરેથ**, "ગુનાહથી શરીરને ભરવું," (જુઓ **વંદીદાદ**, ફ્રગર્દ ૪ થી, ફ. ૬૭-૭૨, ૭૫-૭૮, અને ૮૧-૮૪.)

૮. **વિજોર્દન્.** ૯. **પવન્ અગવીન્.** ૧૦. **બએન્ જ઼િમાન્**, શબ્દાર્થ: "વખતસર," "તરતજ."

૧૧. વાંચણ: **સે જ઼મૂન્.** "ત્રણ કલાક." (એ શબ્દના ઉપયોગ માટે જુઓ **દીનકર્દ** પુસ્તક ત્રીજાને છેડે, સુરજની ચાલ મુજબની ગણત્રીનાં વરસ વિષેનું **પ્રકરણ**.)

તાબામાંથી તેની[1] નજર આગળજ[1] છીનવી લે, અને તે કે જેના હાથમાં તે મીલકત પેહેલાં હતી, તે, એક **હાસરની** અંદર,[2] તેના કબજા અથવા માલેકી સારૂં જડજ આગળ એક સાક્ષી તરીકે ઉભો રહે, અને તે મુકરદ્દમામાં કે જ્યારે[3] એક **હાસ્રની** અંદર કાંઇપણ ગવાહી મળતી નથી;[3] અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૬૯) અને આ વિષે કે, એક જડજ પોતાનો ચુકાદો અવસ્તા અને જ્ન્દ ઉપરથી, અથવા ભલાં લોકોના એકમતી[4] ચુકાદા[4] પરથી આપે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૭૦) અને એક માણસે મેંઢું, યા ઢોર ખામી[5] વગરનું[5] છે એવું કહીને વેચવાની સત્તા[6] ધરાવવા વિષે, જયારે તેમાં કોઇ દેખઈતી ખામી નહીં હોય, અને વળી તે જાનવરોની ખામીની નિશાનીઓ વિષે. (૭૧) આ વિષે કે, જયારે કેટલાક ચુકાદાઓ સામે વાંધો નિકલ્યો હોય ત્યારે તેઓના નિર્ણય માંટે એકજ ફેસલો પુરતો છે.

(૭૨) એક જડજને નેમવાની સત્તા[7] વિષે, અને નેમાયલા જડજનાં સર્વોપરીપણાં[8] વિષે; અને તેજ બાબતપર જેબી હોય તે. (૭૩) જડજોની સખ્તાઇ અને દયાની[9] હદ[10] વિષે. (૭૪) અને આ પણ કે, જડજની

૧–૧. **પવન્ વીનિશ્ન ઈ હામ**, શબ્દાર્થ: "તેજ જોવામાં."

૨. **બએન્ હાસ્ર**. **હાસ્ર** નો અર્થ એક હજાર પગલાં જેટલો તફાવત થાય છે.

૩–૩. **અમત્ ચેશ્ બએન્ હાસ્ર ગઓકાએ લા મત્ યેગવીમૂનેદ્**; શબ્દાર્થ: "જ્યારે એક **હાસ્ર** માંનું કાંઇ પણ સાક્ષી તરીકે આવતું નથી."

૪–૪. હમ-દાદીસ્તાનીહ્. ૫–૫. **પવન અન-આહૂગીહ્**. ૬. **પાતખ્શાએ**. વેસ્ટ, "વાજબી."

૭. **સામાન્** ના ઘણાક અર્થ થાય છે. અહીં તે ચુંટણીની સત્તા, અથવા ક્રમ થાય, અથવા જડજને નેમવા સામે અટકાવ બી થાય. વેસ્ટ: "જડજને નેમવાના હેતુ વિષે."

૮. **વ અવારીહ્ વાવરીહ્**, "વિશ્વાસ," "ભરોસો" બી વંચાય.

૯. **અતંગ–ગરી**, "સખ્તાઇની ગેરહાજરી."

૧૦. એનો અર્થ "કારણ," "વાજબીપણું," વિગેરે.

જગા તેનેજ આપવી કે જે કાયદાઓથી માહીતગાર હોય;[1] અને તેનાં કાયદાનાં જ્ઞાનની હદ કેટલી હોવી જોઇયે. (૭૫) આ વિષે કે, કયા ગુનાહની તોજેશ કરવી કાયદાના વડા જડજનાં બાબમાં લાચારીનો સબબ પુરવાર થાય છે, જેમ કે ફર્યાદનામું, બચાવ, અને ચુકાદો (પોતે) ઘડવાના કામથી. (૭૬) અને આબી કે, તે માણસનું જડજપણું નુકસાનકારક છે કે જે તેના તરફથી અપાયલા ચુકાદાઓમાંની કેટલીક અગત્યની બાબતોમાં ખોટો નીકળે છે.

(૭૭) તે માણસોની હલકાઇ[2] વિષે કે જેઓ એક મીલકત પોતાને હાથે, બીજા કે જેઓના કબજામાં તે હોય, તેઓના હાથમાંથી લુટી લે છે, જયારે તેઓ તે માટે કોર્ટમાં લડે છે ત્યારે પેલો ખરો ધણી પોતાની માલેકી જાહેર કરે છે, કે જેથી તે લુટનારાઓનું સત્યાનાશ વળે છે. (૭૮) અને કોઇબી મીલકત જે એક જગોએ હોય, અથવા એક હાસ્રના તફાવતમાં હોય, તેને લગતા[3] પાંચ જાતના ગુનાહો[4] વિષે; અને એજ બાબતપર જેબી વધુ હોય તે. (૭૯) એક મીલકત જે ભેગી માલેકીની[5] હોય તે અનામત મુકવા વિષે, અને એ મીલકતો અનામત મુકવા અગાઉ[6] સાથે હોય

---

૧. દીનકર્દ, પુસ્તક ૮મું, પ્રકરણ ૪૩ મું, ફ. ૮–૯, (Vol. XXXVII, p. 146)માં એમ જણાવે છે કે:–"એક જડજ જે ગુનેહગારને નિર્દોષ ઠેરવે, અને નિર્દોષને ગુનેહગાર ઠેરવે તેના ગુનાહ વિષે. એક જડજ વિષે, જે દશ વરસ, અગ્યાર વરસ, બાર વરસ, તેર વરસ, ચઉદ વરસ, અને પંદર વર્ષ સુધીનો કાયદો જાણનાર હોય; એટલે તેઓના કાયદાની વાકેફગારીની કેટલીક ખાસ બાબતોપર, ઠરાવ અને ફેસલાને લગતા જુદા જુદા ચુકાદાઓ." **ફરહંગ–ઇ-ઓઇમ-અએવાગ્** પા. ૧૭ માં **આકાસ્–દાત** શબ્દોપર નીચે મુજબ શરેહ કરવામાં આવી છે:–અવસ્તા: **કો અસ્તિ તકએશો વિવિશ્દાતો,** કાયદાથી વાકેફ જડજ કયો છે? અવ. **યો અએત પઇતે અરેથ્ર ફ્રજાનઇતી,** તે જડજ જે વિગતો પરથી ચુકાદો શું હોવો જોઇએ તે પુરેપુરં સમજે છે [જો કે તે કેટલીક વિગતો સ્હેલાઇથી સમજતો નહીં હોય, અને જો કે વિગતો જે મોટી સંખ્યામાં નહીં હોય તે સમજવું તેને માટે સ્હેલ નહીં હોય, તોપણ તે કાયદાથી વાકેફગાર અમલદાર છે; અને તે કે જે વિગતો પરથી ચુકાદો પુરેપુરો સમજતો નથી, તે જો કે વિગતો ઘણી નહીં હોય, અને તેને વિષે તેનું કામ કાંઈ સ્હેલું નહીં હોય, તોપણ તેને કાયદાથી બીનવાકેફગાર ગણવો જોઇએ".] (જુઓ S. B. E. Vol. XXXVII, p. 64, note 1.)

૨. વાંચણ: **ખ્વરીહ્**, સરખાવો ફાર્સી ખ્વર્, "હલકું," "નીચ;" અથવા **આવરીહ્** "ખાત્રી." વેસ્ટ DM. માંનો શબ્દ બદલી **ફ્રેહ્**, "ઘણા" વાંચે છે.

૩. એટલે, પાસેની યા દૂરની મીલકત પચાવી પાડવાને લગતા.

૪. **અઇરિખ્તગીહ્**; અવ. **ઇરિચ્**, "ગુનાહ કરવો."

૫. **હમ–દાર્**, "સાથે રાખવું." ૬. અથવા, ગીરો મુકવા અગાઉ.

છે તે વિષે; ભેગી માલેકીની મીલકત હોવાનો કજીયો; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૮૦) અને જયારે કોઇને એક માણસની મીલકત તેનીજ નજર આગળ બીજાને આપવી પડે; અને તે માણસ કે જે તે ઝુટવી લેછે તેને તે પોતાની મીલકત હોય તેમ વાંધો ઉઠાવવો પડે છે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૮૧) માબાપોની જવાબદારીને લગતા વાંધા વિષે, જયારે જેઓ સાથે વારેસ હોય[1] તેઓમાંનો એક તે માટે એકરાર કરે છે, અને બીજા તે કબુલ કરતા ઉભા રહે છે; તેઓ તે વિષે તકરાર કરી શકે, પણ કરતા નથી. (૮૨) માબાપના સઘળાં કરજોને લગતો એક વારેસનો વાંધો ચાલુ રહેવા વિષે. (૮૩) જયારે સગીરો તેઓના[2] સરદારો સાથે હોય,[2] ત્યારે જાદુઈ મંત્રો માટે **મર્ગર્જાન** થવાની તેઓની જવાબદારી;[3] અને એક સ્ત્રી જે સ્વતંત્ર હોય તે તેમ કયારે જવાબદાર થાય. (૮૪) અને આ વિષે કે, **અસ્પેરેન**ની કિંમત[4] સર્વથી ઓછી છે, અને એક માણસની[5] કિંમત[5] સર્વથી વધુ છે. (૮૫) અને કોઇની પોતાની મીલકતની ચોરી અને લૂંટ વિષે, જયારે કોઇ તે બીજા માણસના કબજામાંથી બીનતકરારે પાછી લાવે. (૮૬) જે માણસ ગેરકાયદાસર[6] હેતુઓથી[6] ખોટી રીતે જોઇને[7] આગળ વધે, અને કોર્ટના કાયદાનુસાર ચુકાદા મુજબ[8] મુકરદમો આગળ ચલાવે તેની, જે[9] માણસ સાચું ઇચ્છતો અને બરાબર જોતો હોય[9] અને જે પોતાના રક્ષણ સારૂ[10] મુકરદમો ચલાવે, તેનીપરની ફત્તેહ વિષે.

---

૧. **હમ-બાજાન** "સાથીઓ," યા "વારસાના ભાગીદારો."

૨-૨. **અફ્શાન્ સર્દાર્ લેવતા.** ૩. **શાયીદન્.**

૪. વેસ્ટ, **મીદત્ ઇઅસ્પેરેનો,** "એક મેંઢાંનાં હલવાન જેટલી."

૫-૫. **વીરૂગ્ મિજ્દ**, સરખાવો અવ. **વીર,** "માણસ," "વીર પુરૂષ". વેસ્ટ, **વીરેણ્ મજ્ગ્**, "એક માણસ જેટલું."

૬-૬. **અ-દાત-આઓમ-દીહા.** ૭. સરખાવો પહલવી **નિગીરીદન્.**

૮. **દાદિસ્તાન્-આઓમ-દીહા.** ૯-૯. વેસ્ટ, DM. મુજબ **મિન્ ઓલા ઇ રાસ્ત્-ખ્વાહ્** વાંચે છે, અને તરજુમો કરે છે કે: "જે ખરેખર ઇચ્છતો અને ખરેખર શોધતો હોય તેનાથી ફરક બતાવ..." ૧૦. વાંચણ: **ખસ-ગૂનીહા;** સરખાવો ફાર્સી **ખસ,** "નબળું હોવું," અથવા **ખસ્ બ-દહાન્ ગીરિફ્તન** "રક્ષણ માટે અરજ કરવી," અથવા **દેહ-ગાનીહા** ને બદલે **દેહ-ગૂનીહા,** "એક ખેડુત માફક," એટલે ખેડુતની સાદાઇ અને નમનતાઈ સાથે. વેસ્ટ, **ખાકૂનીહા,** "દેખાવને લીધે," શબ્દાર્થ, "ધૂળ બનાવીને."

(૮૭) એક માણસનાં ફર્યાદપત્રકના શબ્દો વિષે, કે જે માણસ પોતાની સ્ત્રી, જેણી શાહજન છે,[૧] તેથી કંટાળી ગયો હોય. (૮૮) અને આએ પણ કે, જ્યારે તેણીને ઈજા થશે અથવા પોતાને સહેલાઈથી[૨] તેણીનો ખાવંદ ફેંકી દે એવા સંભવથી તેણીનું રક્ષણ મલશે એમ ધારતી હોય, ત્યારે એ વાજબી છે કે તેણી પોતાના ધણી સાથ મુકરદમો નહિં લડતાં તેને એકદમ કેદ કરાવે.[૩] (૮૯) અને તે માણસ કે જેને તે કામ કરવાનો હક મળ્યો હોય તેની તરફથી એક ગુજર પામેલા બાપની છોકરીને પરણાવી આપવા વિષે. (૯૦) એક કુમારીકાને ધણી વગર[૪] રહેવાની ફરજ પાડવાના ગુનાહ વિષે. (૯૧) એવાં કામને માટે[૫] પોતાની મીલકતમાંથી જાહેરમાં[૬] આપવાના ગુનાહ વિષે, એટલે દીનનાં શિક્ષણની[૭] સામે થઇ એવા સબબ સારૂં એમ જાહેર રીતે કરવું કેઃ–"મને તેઓ એક સ્ત્રી આપશે, જો કે તેઓ તે માટે મને કાંઇ[૮] આપતા નથી." (૯૨) એક કુમારીકાના બીજા કુમારીકા માટેના ગુનાહ વિષે, અથવા બીજી જાનદાર ચીજ માટે, યા એમ બોલવાનો ગુનાહ કેઃ–"તું મારી બ્હેન યા છોકરી પાસે જા, હું પણ તારી છોકરી યા બ્હેન પાસે જઇશ."

(૯૩) અને મારી સ્ત્રીનાં શરીરને લગતા ગુનાહ[૯] વિષે, જે તે પણ ગુનાહમાંથીજ બરપા થાય છે. (૯૪) કોઇ એક કન્યાને પૈસા આપે તે પાછા વાળવા વિષે, જયારે તે કન્યા તેને પરણવા માટેનાં પૈસા આપતી[૧૦] નથી. (૯૫) એક કુમારીકા વિષે, જેણીને પંદર વરસની ઉમર પછી પરણાવવામાં આવતી નથી, અને તેનો પિતા તેણીના હવસી[૧૧] જુસ્સાને સંતોષ આપવા[૧૧] તથા તે ચાલુ રાખવા એક પાપી કામ કરે છે, અને એક ચારને નેમી આપે છે, અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

---

૧. **નીશા ઇ પાતખ્શાએ ગાસ.** એ વાકયનો અર્થ એમ બી થાય કેઃ "એક માણસ જેણે એક ખાસ હક ધરાવતી સ્ત્રીને દુઃખી કીધી હોય તેના વાંધાના શબ્દો વિષે."

૨. **પવન્ દો અંગુસ્ત,** શબ્દાર્થ "બે આંગળી વતી;" એટલે કે, ઉંચાઈએથી તેણીને સેહેલાઇથી (બે આંગળી વતી) નાખી દઇ મારી નાંખવામાં આવે તે સામે રક્ષણ.

૩. **યન્સેગુનાં,** "પકડવું," "ધરવું," "કેદ કરવું."

૪. **પાદ્યારાનીહન્,** શબ્દાર્થ, "થાકવી નાંખવું," યા "વગર રેહવું."

૫. ૯૦ માં ફકરામાં જણાવેલાં કામ સારૂં. ૬. **અએવાચ્.**

૭. **ચાશિશ્નીહ્,** અવ. **ચશ્** "શીખવવું.," ૮. **ચેશ્ જક્ રાએ.**

૯. એટલે કે, એવો ગુનાહ જે પોતાની સ્ત્રી સામે, બીજી સ્ત્રી સાથ જનાકારી કરવાથી, થાય છે. ૧૦. DM. માં **ચેહુબૂનેદ્ને** બદલે **ચેહ્વૂનેદ્** મળે છે.

૧૧–૧૧. **દશ્તાન્ મેયહ્ વિજાર્દન.**

(૯૬) ખોરાક અથવા સ્ત્રી સિવાયની કોઇબી ચીજ એક માણસને આપવા વિષે, જે માણસ કોઇ બીજા આગળ માજ્દયસ્નની ધર્મની વખાણ કરે, જો કે[1] તે તેમ બીકથી કરતો હોય તોબી; અને આ પણ કે, વળી,[2] જયારે[2] તે તેની સાથે માજ્દયસ્નની દીન પાળવામાં ચુસ્ત હમશરીક થાય,[3] ત્યારે તેને તે માણસના[4] જેટલાં કદની[4] એક સ્ત્રી ભેટ[5] આપવી. (૯૭) જે મોતની[6] સજાને લાયકનો[6] છે તેને ખોરાક નહીં આપવાના ગુનાહ વિષે. (૯૮) અને એક જાદુગર જે દેવોની[7] દીન[7] પાલતો હોય, તેના **તનાપૂહર** ગુનાહની સજા કરવાનાં[8] ફરમાવેલાં કામ[9] વિષે, જેથી તેનું[10] કામ ઘણી રીતે થાય અને પુરૂં થતાં કેટલાંક વરસ લાગે.

(૯૯). અને રાતો તથા દહાડાઓ વિષે, જે લાંબા,[11] મધ્યમ અને ટુંકા[12] હોય છે, એટલે જુદા જુદા તેઓ કેટલાક **હાસ્રો**ના બનેલા છે;[13] જેમાં **રતૂ** અથવા **ગાહ** થાય છે; તેઓ દરેકના કલાકોમાં પાડેલા ભાગો. (૧૦૦) **ફ્રસંગ**[14] વિષે, જે લાંબો, મધ્યમ, અને ટુંકો આવે છે; અને તેના[15] ભાગો કયા છે.[15]

(૧૦૧) અને એક જખમી ઢોરને દિવસે અને રાતે ઘાસચારો[16] આપ-વાની ફરજ[16] વિષે. (૧૦૨) એક મેંઢું જે એક માણસ હલાલ કરે તે વિષે; અને તેનો ધણી તેને[17] બાંધી નહીં રાખવા માટે[17] નિર્દોષ કે ગુનેહગાર

---

૧. **અમત્-ઇચ્.** ૨–૨. **બરા અમત્.**

૩. વાંચણઃ **હમ્-બાઝ્**ને બદલે **હમ્-વાઝ્**: સરખાવો ફારસી **બાઝીદન્**, "અર્પણ કરવું." વેસ્ટ, **હમ્-વાચ્**, "સરખાં ફરમાનોવાળા."

૪–૪. **વીર મસાએ**. વેસ્ટઃ "માણસને લાયકની." ૫. સરખાવો અવ. **દાથ્ર**, "ભેટ."

૬–૬. **મર્ગ જાર્નાન્**. ૭–૭. વાંચણ **દિન્ દીવ્**. પહલવી શબ્દ **દીવ્** ને પાજન્દમાં ભુલથી **જીવ્** વાંચ્યો હોય એમ જણાય છે. ૮. **યાતુગ્ તુજિશ્ન**.

૯. **કાર્ ફ્રમૂદ્**. ૧૦. એટલે, સજા કરનારનું.

૧૧. અવ. **અધ્ર્યર્**, "પહેલી પંકતીનું," "સૌથી સરસ જાતનું."

૧૨. અવ. **નીતેમ**, "હલકામાં હલકા," "નાનાં કદના."

૧૩. એટલે, દહાડા અને રાતોના કલાકોમાં ફેરફાર થાય છે.

૧૪. ઈંગ્રેજી ચાર માઇલ જેટલું થાય.

૧૫–૧૫. **વ મા મિન્ બખ્શિશ્ન**. ૧૬–૧૬. **કાર્ ઇ વાસાન્**.

૧૭–૧૭. **પવન્ બન્દ્ મદમ લા કર્દન**; એટલે, તે મેંઢાને છુટું ફરતું રહેવા દેવાથી કોઈ તેને પકડી હલાલ કરે છે, તે માટે તે મેંઢાંનો ધણી પોતાની બેદરકારી અને ગફલતીનો ગુનાહ કરે છે.

છે; અને તેની તે માટેની નિર્દોષ હાલત અથવા ગુનાહગારીનું કારણ. (૧૦૩) વખત જે ખાત્રી ભરેલી હાલત પરથી શકમંદ હાલત તરફ ફરતાં લાગે છે તે વિષે, જો કે કોઇ પોતાના સાક્ષી તરીકે વડા દસ્તુરને કે ત્રણ સાક્ષીઓને લઇ આવે; અને તે વખત કેટલો હોય તે વિષે. (૧૦૪) શાક્ષિનું એકમલતાલણું જે ખરી ગવાહીની ગેરહાજરી બતાવે છે, તે વિષે; અને એક જડજ જે ખોટો ચુકાદો આપે છે તે વિષે.

(૧૦૫) અને કોઇ માણસ જે એક ચીજ લેવાને લાયક નહીં હોય, પણ તેને તે આપવામાં આવી હોય તો તેને લગતાં વડા દસ્તુરને થતાં તેના રવાનનાં દુઃખ વિષે. (૧૦૬) કઇ જાતની ભેટો, તે આપવાની ખુશી બતાવતાં, કબુલ રાખવામાં આવે છે તે વિષે; એટલે, કેમ, અને કયારે તે આપવામાં આવે છે; જયારે તે આપનાર તે માંગે છે ત્યારે તે તેની આગળ પાછી જાય છે; કેવી રીતે અને કેટલાં પ્રમાણમાં; જયારે તે માંગતો નથી ત્યારે તે તેને લાયક નથી.[1] (૧૦૭) આ વિષે કે એવી કેટલીક મીલકતો છે જે એક માણસને અશો લોકોને[2] ભેટ તરીકે આપવાની છુટ છે. (૧૦૮) અને આ વિષે કે જેબી કાંઇ આપવામાં આવે છે; તે ખચીત લેનારની મતા થાય છે, અને જો તે કેમ આપવામાં આવ્યું છે તે જાહેર કરે નહીં તો તે અશો લોકોને ભેટ થાય છે. (૧૦૯) અને આપેલી ચીજ ભેટ નથી થતી તે બીકથી છે, કોઇબી જાતની બીકથી છે, તે વિષે.[3]

(૧૧૦) જે કોઇ છુટકારો અને પાલણપોષણની બીકથી[4] બીજાનાં બૈરી અને છોકરાંને પોતાના કબજામાં રાખતો નથી, તેની ચોરી અને લૂંટ વિષે. (૧૧૧) ગુનેહગારોના અવયવોપર સજા કરવા[5] વિષે; અને તે કયા અવયવોપર કરવી. (૧૧૨) અને ગુનાહની તોજેશ વિષે જયાં તે ઘણીજ

---

૧. **અશૂ સજિશ્ન લા ચેહ્વૂનેદ્**. ૨. **યશરૂબ્-દાત.**

૩. વેસ્ટ: "તેનો જેબી કાંઇ જોખમ હોય તેની બીકથી તે ભેટ નહીં થવા વિષે."

૪. એટલે તેઓને તે પોતાની પાસે રાખતો નથી, કેમકે તે બીહે છે કે કદાચ તેઓનો ખરો ધણી આવીને તેની આગળથી તેઓને છોડવશે, અથવા તેઓનું ભરણ પોષણ કરવાનો તેને ખરચ થશે; તેથી તે તેઓને બીજાઓને ગુલામગીરી કરવા વેચે છે.

૫. વાંચણ: **બાખ્તન**, અવ. **બજ્**, "વહેંચવું," ફારસી **બાખ્તન્**, "વહેંચી આપવું," "સજા કરવી;" અથવા **બેશ્તન**, "અવયવોને સજાથી જખમી કરવા," અવ. **ત્બિષ્**.

તિક્ષણુ[1] હોય. (૧૧૩) એક **મર્ગર્જાન** માણસ, જેને[2] વડી સત્તાનો ચુકાદો મેળવવા માટે પહેરામાં રાખવામાં આવ્યો હોય,[2] તેનીપર હુમલો કરવા સારૂં જે સજા થાય તેની હદ વિષે.

(૧૧૪) સઘળી ન્યામતોનું જરથુશ્ત્ર તથા જરથુશ્ત્રના ચેલાઓને મળવા વિષે; એક[3] માણસની ચોરી અને લૂંટનો બનાવ[3] જે પોતાને મળેલી ન્યામતોનાં ફળોમાંથી કાંઇબી કોઇ લાયક પુરૂષને આપતો નથી; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૧૫) તે માણસ જે જખમી થયો હોય[4] પણ જીવતો હોય[5] તેને કેવી તરતીબથી મુકવો તે વિષે; અને જો તે નિર્દોષપણામાં અને જખમની[6] અસરથી[6] મરી જાય તો તેના જખમોથી[7] તેનો નાશ થયો (એમ માનવું)[7]; અને તેજ બાબતપર જેબી હોય તે. (૧૧૬) અને વચન પાળવાનો[8] ફાયદો, અને તેથી મળતી ખુશાલી વિષે; અને જુદાં જુદાં પ્રમાણમાં[9] વિશ્વાસઘાત[10] કરવાથી નીપજતાં ગંભીર પરિણામો,[11] અને નુકસાન; અને એક વચન કેમ પાળવું જોઇએ તે વિષે. (૧૧૭) અને તકરાર,[12] પ્રમાણીકપણાંની ગેરહાજરી,[13] અને ગાળાગાળીનાં જબરાં પાપ વિષે, અને તેઓથી થતું[14] નુકસાન, અને તેથી થતી કાપા-

---

૧. **તીજ઼તૂમમ**, "ઘણીજ તેજ," "અતિ સખત."

૨–૨. **ઈ પવન્ મસ્–દાદિસ્તાનીહા દાશ્ત્ ચેગવીમૂનેદ્**. એટલે કે, જે રાજને લગતી વડી અદાલતનો ચુકાદો મેળવવા ખોટી થતો હોય.

૩–૩. **દૂજો હુજ઼લ્ ચેહ્વુન્તન્ ઇ ગબ્રા**; એટલે કે, તે માણસના પૈસાની ચોરી અને લૂંટ.

૪. વાંચણ: **પવન્ જે઼ખમ**, "જખમ સાથનો," ૫. **અઉશ્તાન્–આઓમન્દ**, સરખાવો અવ. **ઉશ્તાન**, "જીંદગી."

૬–૬. **જે઼ખમ–કાર્**. ૭–૭. સરખાવો ફારસી **બ–કાર્ ચિજ઼ કર્દન**, "કોઇ ચીજનો નાશ કરવો." વેસ્ટનો તરજુમો તદન જુદોજ છે: "એક પ્રાણી કેવી હાલતમાં છે તે વિષે, જેને અલાહેદી જગોમાં રાખવામાં આવ્યો હોય, અને જ્યારે તે નિર્દોષપણામાં અને છુટો રહેતાંજ મરી જાય, વળી તેનો જખમ પણ ફરજ બજાવતાં થયો હોય; અને તેજ બાબતપર જેબી હોય તે." ૮. સરખાવો અવ. **મિથ્રો–અઓજંઘ**.

૯. **પાદગ્ પાદશ**; સરખાવો અવ. **પાધ**, "પગળું," "પગથ્યું," ફારસી, **પાએ**.

૧૦. **મિત્રોગ્–દ્રૂજીહ્**; સરખાવો અવસ્તા **મિથ્રો–દ્રૂજ**.

૧૧. **ગિરાનીહ્**, "ભાર," "ગંભીરતા." ૧૨. **અન–આશ્તીહ્**, "સુલેહ અને શાંતિ ન રાખવી."

૧૩. સરખાવો ફારસી **વાખ્**, "સચ્ચાઇ," "પ્રમાણીકપણું." પહલવી શબ્દ **ખ્વીશીહ્**બી વંચાય, **અન–આશ્તીહ્ ખ્વીશીહ્**નો અર્થ "સગાંઓ વચ્ચે સંપ" થાય.

૧૪. **ઈ અજશ્ સેજીતૂનેદ્**.

કાપી,[૧] અને સજા, અને પડતી,[૨] અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૧૧૮) ઇરાની નહીં હોય એવાં લોકો જો છુટકારા માટે દંડ[૩] માગે તો સરહદપરનાં લોકોને જામીન[૪] તરીકે આપવા વિષે. (૧૧૯) અને કોઇ ઇરાની નહી હોય એવા મોટા માણસને[૫] લગતી કાંઇબી ચીજ જપત કરવા[૬] વિષે; અને જયારે તે દંડ[૭] તરીકે ઇરાનમાં આવે ત્યારે તેની કીમતનું વધવું;[૮] અને ઇરાની નહીં હોય તેવાઓ પાસેથી જામીન[૯] તરીકે દંડની જગાએ[૯] જો એક ખુબસુરત જવાનને[૧૦] લે તો તેની વધુ[૧૧] કંમત,[૧૧] અને તેઓ એ એને[૧૨] કેમ રાખે તે વિષે. (૧૨૦) અને એક માણસના મોટા ગુનાહ વિષે, જે ઠગાઇથી[૧૩] એક ઇરાની નહીં હોય તેવા પાસેથી જોકે તે પોતાનો દીકરો[૧૩] હોય તો પણ દંડ પાછો કઢાવે.[૧૩] (૧૨૧) એક દેશના સરદારના પાપી કામ વિષે, જેના જુલમગાર[૧૫] અને દુષ્ટ હુકમોથી દેશમાં દુઃખ આવી પડે.

---

૧. સરખાવો ફાર્સી **પજ્હ**, "લોહી", તેમજ "દવ," "કરાં" (જુઓ **અર્દા વીરાફ નામગ**, બાબ ૪૦ મો, ફ. ૫). **પજ્હ પત્ફ્રાસ્** "ઘાતકી, લોહી લુહાણ કરે એવી સજા."

૨. વાંચણ: **પતીહ્**, અવ. **પત**, "પડવું," યા અવ. **પઇતિ**, "સામે," તે ઉપરથી "દુશ્મનાઇ." વેસ્ટ: **પતશ્** અને તેનો તરજુમો: "તેઓ માટે દોજખમાં પુરી પાડેલી."

૩. સરખાવો ફાર્સી **નોશ્** યા **નવશ્**, "ભેટ," "બદલો." એ **નિપિશ્ના**, "લખાણ," "સુલેહના કોલકરારનું ખત"; અથવા **વ પિશ્ન**, "ખોરાક પુરો પાડવો" એમ વંચાય.

૪. **ગરૂબ્**, "ગહાણ મૂકવું," "જામીન."

૫. ઇ **અન-અઇરાન્ અર્જ-આઓમન્દ્**, સરખાવો ફાર્સી **અર્જમન્દ્** "જાણીતો."

૬. સરખાવો ફાર્સી **બર્ ગીરફ્તન્**, "પકડવું," "ઘસડી જવું."

૭. વાંચણ, **નવાગ્**, **પાક્** ને બદલે; સરખાવો **નવા**, એટલે, "એક ચઢાઇ લાવનાર સરદારને દેશને લુંટાતો બચાવવા આપેલી પૈસાની રકમ." ૮-૮. **અર્જાનીગ્ અર્જ**.

૯-૯. **પવન્ જીવાગ્ ઇ નવાગ્ પવન્ ગરૂબ્** (જામીન તરીકે).

૧૦. ફાર્સી **તફિલ્**, "એક ખુબસુરત દાઢી વિનાનો જવાન." ૧૧-૧૧. ફાર્સી **ફ્રેહ્-અર્જઇહ્.**

૧૨. એટલે તે **અન-ઇરાની**ની મીલકતને તથા તે ખુબસુરત જવાનને કેમ રાખે.

૧૩-૧૩. **નવાગ્** (દંડ) **મિન્ અન-અઇરાન્ લખ્વાર્ દુજીદન્** (પાછો લૂંટે.)

૧૪. એટલે કે, પોતાનો દીકરો જે પરદેશનો રહેવાસી હોય. તે તેની દીકરીનો દીકરો-બી હોય, જેણીને ઇરાન દેશની બહાર કોઇ શાહજાદા યા ઉમરાવ સાથે પરણાવી હોય.

૧૫. વાંચણ: **અવર્-રાસીહ્** ને બદલે **અવ્રાસીહ્**, શબ્દાર્થ: "મગરૂરીથી." વેસ્ટ: **અફ્રાસીહ્** "મ્હોટાઇ."

(૧૨૨) જરૂરી બદલાને લીધે એક ચોરે બીજાં માણસોને ચોરોનાં[1] જેવા[1] થવાને લલચાવવા[2] વિષે; ચોરો[3] સાથની મંડળીમાં કેવી જાતનો બદલો[4] તેણે આપવો જોઇએ[3] કે જેથી તે ઘણી હુશ્યારીથી[5] તેઓને ઠગી[6] શકે. (૧૨૩) એક ચોરને જડજો આગળ ઘસડી લઇ જતાં, તેની[7] ઓળખ[7] સારૂં તેણે જે ચોર્યું હોય તે તેની ગરદનપર બાંધવા વિષે. (૧૨૪) કાંઇ પણ પૈસા આપવાથી ચોરોની તાજેશ થતી નથી, પણ તેઓએ પોતાના ગુનાહોનો એકરાર કરવાથી થાય છે તે વિષે. (૧૨૫) કાયદાના વડાઓ[8] પાસેથી કોઇ કાંઇ ચીજનો કબજો માંગે ત્યારે તેને મદદ કરવા વિષે, જયારે તે મીલકત ચોરાઇ હોય, કે જોરજુલમથી લુટી[9] લેવામાં આવી હોય.[9]

(૧૨૬) કેટલીક જાતની ઠગાઇના મોટા ગુનાહો વિષે, જયારે એક સ્ત્રી જેણીને એકમેકની મરજી[10] તથા પસંદગીની[11] જાહેરાત[11] સાથ એક માણસ સાથે પરણાવવામાં આવી હોય, તેણીને બીજા માણસ સાથે પરણાવવામાં આવે; અને તેજ બાબતપર વધુ જેબી હોય તે. (૧૨૭) એક શીખેલા માણસના ગેરઇ-સાફ[12] વિષે, જે એક મુકરદમો[13] ચાલતો હોય[13] ત્યારે તેનું નક્કી સેવટ આવવા આગમજ, તે કજીયાને લગતી મીલકત એક અજ્ઞાન માણસ પાસેથી ઝુંટવી લે. (૧૨૮) એક અજ્ઞાન માણસ સારૂ જયારે તેની તરફથી વચ્ચે પડનાર કોઇ નહીં હોય ત્યારે, શેહનશાહ સુધીના બીજા સરદારો અને પેશવાઓનાં જડજ સાથે મુકરદમામાં વચ્ચે પડવા વિષે. (૧૨૯) અને શેઠની જગ્યા માટે એક માણસની લાય-

---

૧. **હાવન્દ ઇ દૂજાન્**, સરખાવો અવ૦ **હવન્ત્**, "જેવું," "સરખું."

૨. અરબી-ફારસી, **અશારહ્**, "લાલચ." આ અસલ હસ્તલેખનું વાંચણ છે. વેસ્ટનું વાંચણઃ **અઇય્યારહ્**, "મદદ કરતું."

૩-૩. **લેવતા દૂજાન્ કર્દન.**

૪. વાંચણઃ **નવિશ્ન**, "છુટકારા સારૂં આપેલો દંડ." વેસ્ટનો અર્થ બી એવોજ છે.

૫. **પવન મસ્-દાદિસ્તાનીહ્.** ૬. **દુખ્તન.**

૭-૭. **નશ્શા દખ્શગ્-આઓમન્દીહ્.** સરખાવો અવ૦ **દખ્શ્ત**, "નિશાની."

૮. **પતાન્**, સરખાવો અવ૦ **પઇતી**, "શેઠ," "સરદાર."

૯-૯. વાંચણઃ **હુજ્લત્**, સરખાવો પહલવી **હુજલ્**, અવ૦ **હુજંધ્**, "લૂંટ."

૧૦. **હુમ્-દાદિસ્તાનીહ્.**

૧૧-૧૧. **પદીરિશ્ન પએતાગીનીહ્.** ૧૨. **લા-પાતખ્શાએ-ઇહ્**, "ગેરવાજબીપણું."

૧૩-૧૩. **બએન્ પત્કાર્ રાએ.**

કાતંના સબબ વિષે; અને જે ભલો શેઠ હોય તેનાં[1] શરીરની આસપાસ[1] અહુરમજદની મદદ વિષે. (૧૩૦) નક્કી હોય તેવા પાંચ ચોકકસ કાયદાના ચુકાદાઓ વિષે; આ ચુકાદાઓ નક્કી ગણવા જોઇએ, એટલે કસોટી પસાર કીધા વગર સજા કરવી જોઇએ. (૧૩૧) તેણે એકરાર કીધા પછી તોહ-મતદારની બારીક તપાસ વિષે. (૧૩૨) જેને[2] એક મીલકત જાળવી રાખવાની સત્તા હોય,[2] તેની તે મીલકતના[3] એક ભાગનો નાશ કરવાની ઈચ્છા[3] વિષે. (૧૩૩) અશકિત યા ગરીબાઇને લીધે કાયદાની તપાસ આગળ નહીં ચાલવા વિષે, અને તે[4] નહીં માંગવા[4] વિષે; અને એવી અશકિત[5] કેટલીક તરાંહની છે. (૧૩૪) એક સ્ત્રી વિષે, જેણીનાં કુટું-બનો વડો[6] નહીં હોય,[6] અને જેણી એક યાર[7] ને પસંદ કરી લે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૧૩૫) ધર્મનાં સિધ્ધાંતો ફેલાવતી[8] વખતે લેખીત[9] પુરાવાઓ[9] રજુ કરવા વિષે; અને તેજ બાબતપર વધુ જેબી હોય તે. (૧૩૬) કોઇને તેની જગ્યાપરથી બીવડાવીને નસાડી મુકવાના ગુનાહ વિષે; અને તે બીકથી જયારે તે નાસી જાય, ત્યારે તેની નાસી જવાની તથા તેને લીધે તેને થતાં નુકસાનની હદ. (૧૩૭) અને કોઇનાં હાથ અથવા કબજામાંથી કાંઇ લૂંટી લીધું હોય[10] તે પાછું આપવા વિષે, એટલે તે આપેલું કેવી રીતે ગણવું જોઇએ.

(૧૩૮) અને એક કાયદાનો ચુકાદો જે મોટો હોય તેનાથી ન્હાનાની જાહેરાત વિષે. (૧૩૯) અને વળી આ ગેતીની દુન્યામાં[11] પણ સ્ત્રી અને

૧-૧. વેસ્ટનું વાંચણઃ **મદમ્ તંગ્ તનૂ ઇ ઓલા,** "તેનાં શરીરની હદમાં."

૨-૨. **મૂનશ્ દસ્તોબર્ ઈ દારિશ્ન.**

૩-૩. વાંચણઃ **નક-જ્ન્** ઇ **ખ્વાસ્તગ્**, સરખાવો અવ૦ **નક**, ધાતુ **નક્** યા **નસ્**, "નાશ કરવો," અને ફાર્સી જ્રૂન્, "હિંસ્સો," "ભાગ." અહીં કર્તા એક ત્રસ્ટી વિષે એશારો કરે છે, જે પોતાને જાળવણી સારૂં સોંપેલી મીલકત ખોટી રીતે પચાવી પાડે છે. વેસ્ટઃ **નિકિજ્ન્દ**, "ગુમાવતો." ઘલ્ **ખ્વહિશ્ન** નો અર્થ "નક્કી ઇચ્છા," "ઠરાવ" એમ થાય.

૪-૪. **હુઇત્ ....લા બવીહૂનેદ્**. ૫. **અ-તૂબાનીગીહ્**.

૬-૬. **અ-સર્દાર્**, શબ્દાર્થઃ "વડા અથવા કુટુંબના વડા વગર;" એટલે કે, વાલીની ગેરહાજરીમાં.

૭. **સરીતુન્તાર્**-ઇ. ૮. **બએન્ રાયીનિશ્ન**. ૯. **સખુન્ નામગ્**, "એશારાના પુસ્તકો."

૧૦. વાંચણઃ **હજ્લીહેદ**, સરખાવો અવ૦ **હજંધ્**. વેસ્ટઃ **આવોરી-અઇતો** "જુલમથી કઢાવ્યા હોય." ૧૧. **સ્તિહીહા-ઈચ્**.

બચ્ચાંઓથી ભલાઇ તથા સંપના વધારા વિષે, અને મ્હોટાઇ[1] તથા સત્તા;[2] વળી તેથી મળતાં ઉંચાં[3] ફળ[3] અને દોલત; અને હૈયાત[4] કંકાસનું બંધ પડવું.[4] (૧૪૦) અને ભલી શકિતઓની યાદ જાળવવા સારૂં[5] આપેલી મીલકત ઉડાવી દેવાના જબરા ગુનાહ વિષે. (૧૪૧) અને એક કાયદાના ચુકાદા વિષે, જેમાં ત્રણ શખ્સો સારૂં ત્રણ જાતના ચુકાદાઓ હોય. (૧૪૨) અને એક ઝાડ વિષે, જે જયારે પડી જાય[6] ત્યારે સો સારાં પક્ષીઓનું મોત નીપજાવે, કે જે પક્ષીઓમાંથી એક હઝાર પક્ષીઓ નીકળ્યાં હતે.

(૧૪૩) અને આગળી લાંબા વખતની ઠગાઇમાંથી નીકળતા ગુનાહના વધારા[7] વિષે; અને સર્વથી[10] ગંભીર ગુનાહ સારૂં[10] સર્વથી[8] ન્હાના આંગળાં જેટલી લંબાઇ સુધી[8] એક દાતરડાંને[9] મોઢાંમાં રાખવા વિષે.[9] (૧૪૪) ચોપગી માદાઓને અપવિત્ર કરવાના ગુનાહ વિષે. (૧૪૫) અને એક લડનારને બીજાં માણસને મારતાં અટકાવવા વિષે; અને તેજ બાબતપર જેબી વધુ

---

૧. વાંચણઃ **વ–આવાન્** DM. મુજબ, સરખાવો ફારસી **આબ્**, "આબાદી," "મ્હોટાઇ." વેસ્ટ મુજબ એ **નફ્રાન્** બી વંચાય અને તરજુમો "નબીરાં," "વંશજો" થાય. સરખાવો અવ૦ **નાફ્**, "નજદીકનું સગું."

૨. વાંચણઃ **પશતિન**, સરખાવો અવ૦ **પઇતી**, "સાહેબ." એ DM. મુજબ **પતીખૂ** વંચાય, અર્થ "સુખ." ૩–૩. **મદમ્ વર**, સરખાવો અવ૦ **બર**, "ફળ."

૪-૪. **પત્કારિશ્ન ઇ હુઇત્ બરા ય-સેગૂનાં**, શબ્દાર્થઃ કજીયો જે હૈયાત હોય તે કાઢી લેવો.

૫. વાંચણઃ **પવન્ નામ કૂનીહ્**, બેહતર **પવન્ નામ્–ધ્રનીહ્**. વેસ્ટનું વાંચણઃ **પવન્ વામ્–કૂનીહ્**, "અકુદરતી વહેવારથી"; ફારસી **બામૂન્**. તે કહે છે કેઃ "એ પૈસા ધીરવા અથવા વ્યાજે આપવા એમ હોય નહીં કેમકે તેને માટે **આવામ–કૂનીહ્** શબ્દ જોઇએ; અને તેનો તરજુમો એમ છેઃ "અકુદરતી વહેવારથી મેળવેલી દોલતના જબરા ગુનાહ વિષે, જેથી રૂહાની શક્તિઓ નાશ પામે છે."

૬. **બરા દૂજીદ્**, સરખાવો ફા૦ **દૂસિદન્**, "પડી જવું," અવ૦ ધાતુ **દુશ્**, અથવા **દુઝ્**, "બગડી જવું." "મરી જવું," વેસ્ટ; **દૂજીદ્**, "ચોરાઇ ગયલું."

૭. **ફ્રાજ્ મસ્તન**, "મોટું થવું," "જથ્થો વધારવો."

૮–૮. વાંચણઃ **દરકી–ઇચ્ વદ્ અંગુસ્ત્ ઇ કસિસ્ત્ ફ્રાજતૂમ્ બજ઼ક્ બરા ખ્વાર્દન્**. વેસ્ટનો તરજુમોઃ "અને એક ખંજરના અથવા સર્વથી નાની આંગળીની પહોળાઈના કેટલાક ઘણા ગંભીર ગુનાહને પુરેપુરા તપાસવા માટે." તેનું વાંચણઃ **દહ્કો ઈ ચન્દ્ અંગૂસ્ત્**...

૯. સરખાવો ફા૦ **દરહ્**, "દાતરડું;" અને **ખ્વાર્દન્**. ૧૦–૧૦. **ફ્રાજ્તૂમ બજ઼ક્**, ફા૦ **બજ઼હ્**, "ગુનાહ," "પાપ."

હોય તે. (૧૪૬) અને આઠ જાતના સામા હુમલાઓ[૧] વિષે; બુરી દીનવાળો[૨] ભલી દીનવાળા માણસપર જે હુમલા કરે તે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૪૭) એક બુરી દીનવાળા માણસના સામા હુમલા વિષે, જ્યારે કોઇ વધુ બુરી દીનનો માણસ માર્યો જાય.

(૧૪૮) એક **મર્ગર્જાન**ના હાથમાં કોઇ પણ મીલકત નહીં રાખવા વિષે. (૧૪૯) એક ગુનાહ કરવામાં જેઓ મદદ કરે તેઓના તે ગુનેહગારોના જેવાજ ગુનાહ વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૫૦) અને અશો[૩] લોકોનાં રોજગાર કરવા માટેની[૩] મીલકતના નાશને[૪] લગતી ફર્યાદ અને બચાવનાં કારણ[૫] વિષે, જે ફર્યાદી તે મીલકત આપનાર ધણીની રખેવાલીને[૬] વખાણનાર હોય, પણ જે[૭] રખેવાલીનાં કામ માટે લાયક હોય નહીં. (૧૫૧) એક જડજના ગુનાહ વિષે, જે કોઇને તેના[૮] જન્મ મુજબ[૮] ચુકાદો આપે. (૧૫૨) એક ઇરાની શખ્સને ઇરાની નહીં હોય તેવા ધણીને આપી દેવાના જબરા ગુનાહ વિષે, અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૧૫૩) એક અશો માણસે કીધેલી ભેટની મ્હોટાઇ, કોઇ[૯] બીજાએ કીધેલી ભેટ કરતાં વધુ સરસ છે[૯] તે વિષે, કારણ કે પહેલી ભેટ રાસ્ત **રશનુ**[૧૦] યજદ પેદાયશોમાં તેને જાહેર કરવા સારૂં કબુલ રાખે છે. (૧૫૪) આ પણ કે, જ્યારે લોકો એક અધર્મી માણસને[૧૧] મળે ત્યારે તેઓએ તેની સાથે લડવું જોઇએ; જ્યારે હાથ કે પગ ભાંગવાની, યાતો માથાં વિષે પણ બીક હોય તો તેઓએ ખરૂં[૧૨] હોય તે કહેવાથી દુર રહેવું નહીં જોઇએ.[૧૨] (૧૫૫) આ પણ કે, જે કોઇ મીલકતના

---

૧. **અવાજ્ જ્દમ**, અથવા **લખ્વાર્ જ્દમ**. ૨. અવ૦ **અક** યા **અઘ-દએન**.
૩. **ય્યજ્દ ઈ શપીરાન**. ૪. **અપારીહ્**; વેસ્ટ **આજ઼ારીહ્**, "નુકસાન".
૫. **વહાનગ્**, ફા૦ **બહાનહ્**. વેસ્ટ: **વ ખાનક્**, "અને રેહેઠાણ."
૬. **સર્દારીહ**; એટલે તે મીલકત બક્ષનારની રખેવાલી. ૭. એટલે, બક્ષનાર.
૮-૮. **ચીગૂન્ જ઼ક્ બૂન્**. એટલે ફર્યાદીનું ઉંચું કે નીચું ખાન્દાન ધ્યાનમાં રાખીને.
૯-૯. **મિન્ જ઼ક્ ઇ જ઼કાએ દહિશ્ન**.
૧૦. ઇન્સાફનો ફરેસ્તો, જે એક માણસના મરણ પછીના ઇન્સાફ વખતે, પોતાના હાથમાં ત્રાજવું લઇ તે ગુજરેલાં રવાનનાં પુણ્ય અને પાપનું વજન કરે છે.
૧૦. **યશમોંગ્**, અવ૦ **અશેમઓઘ**, ધાતુ **મુઘ**, "ભાંગવું," "કાયદો તોડવો."
૧૧-૧૧. **મિન્ જ઼ક્ ઈ રાસ્ત્ ગૂફ્તન્ લખ્વાર લા ચેગવીમૂનિશ્ન**.

લોભને લીધે, અથવા પોતાનાં સગાંઓ સાથની દુશ્મનાઈથી,[1] ખરૂં બોલતો નથી, તે પાણી તથા આતશને, અને અશો માણસને આજાબ પોંહોંચાડે છે, અને તંદરોસ્ત[2] જોરવાળા[2] **અમેશાસ્પંદોને** તેઓની રહેવાની જગ્યામાં બેકરાર[3] બનાવે છે.

(૧૫૬) અને અશો લોકો વચ્ચે તડાં પાડવાના[4] જબરા ગુનાહ વિષે. (૧૫૭) અને રાસ્ત **રશ્નુની** સામે થવા દુષ્ટ બુધ્ધિ,[5] ખોટી સાક્ષી, ઠગાઈ,[6] અને ખોટા ચુકાદાને **અહર્મને** પેદા કરવા વિષે; **રશ્નુથી** થતા ફાયદાને લગતા આદમ જાતના અસંતોષથી, તે તેઓને[7] આફત નીપજવાથી દૂર રાખવાને અશકત છે[7] એમ જાહેર કરવું, **રશ્નુની** જગ્યા ત્યાં છે કે જયાં દુઃખી લોકોને[8] ઇન્સાફ મળતો નથી, જે લોકોની પૈસાદારો[9] તરફની વળાણને લીધે[9] છે. (૧૫૮) અને તેઓની લાંચ[10] લેવાથી[10] સ્વતંત્ર લોકો તરફની વળાણ **રશ્નુએ** અખત્યાર કરવા વિષે, અને તેનું તે ફર્યાદ[11] સાથ **અહુરમજ્દ** પાસે જવું; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૫૯) અને એક સાચ્ચા જડજની નેમણુંક[12] વિષે, જે લૂટારાઓ, જુલમગારો, અને અશો લોકોના ખુનીઓનો દુશ્મન[13] અને કોમમાંનોજ[14] હોવો જોઇએ.

(૧૬૦) અને કોઇ પણ માણસ ઉદ્યોગથી સર્વથી સરસ જીંદગી[15] મેળવી શકે તેના સંભવ વિષે. (૧૬૧) એક સાચ્ચા જડજના કામની[16]

---

૧. **અ-વઈરાયિશ્ન,** શબ્દાર્થ: "સુધારો નહીં થાય તેવું," "સણગાર વિનાની હાલત," "ધિક્કાર."

૨-૨. વાંચણ: **અ-સિજ્-અઓજ્;** વેસ્ટ: ખુસ્-પાન્-ઇશ્, "આરામ કરતું."

૩. **અ-આરામેદ્,** "બેકરાર બનાવે છે;" સરખાવો ફા૰ **આરામ.**

૪. **અઊશ્કાફ્તગ્,** "તડાં પડેલા." ૫. સરખાવો ફા૰ **બદ્-ખ્વાહ્** "દુષ્ટ વિચારવાળો."

૬. **નુગીરાએ,** અવ૰ ગર્, "પકડવું," "ઝુંટવી લેવું."

૭-૭. **મિન્ ઓલા શાન્ જીયાન ચેહ્વૂન્તન્ વખ્તૂન્તન્ લા શાયીદની.**

૮. મુસ્ત-**આર્મોમન્દાન્.** ૯-૯. **આજાદ્ આહંગીહ્ રાએ.**

૧૦-૧૦. **મિન્ પારગ્ યન્સેગુનાન્,** સરખાવો ફા૰ **પારહ્,** "લાંચ."

૧૧. **પવન્ ગર્જીદન્,** અવ૰ ગરેજ્, "રડવું." "પોકાર કરવો."

૧૨. **ચેહ્બુન્તન્.** ૧૩. **હમએસ્તાર.** ૧૪. **હંજમનીગ્;** સરખાવો અવ૰ **હન્જમન,** "કોમ," "અંજુમન."

૧૫. **પાહલૂમ અહવાન્,** અવ૰ **અહુ,** "જીંદગી." ૧૬. **દાતોબરીહ્.**

બીજાં પુણ્યનાં કામો સાથ સરખાવતાં જણાતી મ્હોટાઇ વિષે; ખોટા જડજનાં કામનો જબરો ગુનાહ, જ્યારે કે તેઓ પોતાનો ચુકાદો ખરાં અને ખોટાંનો ફરક પુરેપુરો તપાસીને આપતા નથી.

(૧૬૨) **ગાથા, હાદઑખ્ત,**[1] અને **દાત**ને ભણવા[2] તથા મોઢે કરવા[3] વિષે, જેથી તેના જુદા જુદા તબકકાઓ[4] સમજી શકાય; અને તે નહીં સમજવાનો ગુનાહ; અને તેમાંથી જેબી બરપા થાય તે. (૧૬૩) બીજી પવિત્ર કેતાબો સાથ સરખાવતાં, ચુકાદાઓ અને જડજનાં કામ સારૂં **દાત**, એટલે કાયદાની મ્હોટાઇ વિષે.

(૧૬૪) સાત જાતની મીલકતો વિષે, જેને માટે એ નસ્ક કહે છે કે કોઇએ બીજી કોઇબી જાતની મીલકત જામીન તરીકે લેવી નહીં. (૧૬૫) એક બાબતપર જુદાં જુદાં મતો ધરાવતા દશ મીત્રો વિષે.

(૧૬૬) અને આ **નીકાદૂમ નસ્ક**નાં પવિત્ર લખાણના વિભાગો[5] વિષે; અને પુરેપુરા ચુકાદાઓની કેટલીક જાતોનાં કારણો વિષે;[6] અને જે[7] વળી અસલ કેતાબમાં ખાસ ભાર મૂકી જણાવવામાં આવ્યું છે,[7] તે એ પુસ્તકમાં[8] દાખલ કરવામાં આવ્યું છે; કેટલાક ચુકાદાઓ જે એકજ ચુકાદામાં સમાઇ જાય છે તે; અહેવાલો અને કામોના વિભાગોની કેટલીક જાતો વિષે, જે કામોનો બચાવ કરવામાં આવતો હોય, અને જે લેખીત પુરાવાઓ તથા હકીકતોને લગતાં હોય.[9]

(૧૬૭) "અશોઇ સર્વથી સરસ ન્યામત છે..........."

---

૧. એ નામ કદાચ હવ-**માંથ્ર** ને બદલે અહીં વપરાયું હોય.

૨. **ગપ્રહૂન્તન**, એનો સાધારણ અર્થ "ઇચ્છવું," "કાંઇ માંગવું" એમ થાય છે.

૩. **નર્મ્ કર્દન.** ૪.–**પાદીગ્**, સરખાવો અવ૦ **પાધ** ; ફા૦ **પાય** , "પાયો," "શક્તિ," "તબક્કાઓ."

૫. **વખ્તન્**, ફા૦ **બખ્તન્**, અવ૦ **બજ**, "વેંહેંચવું." ૬. વાંચણ: **વહાન–ચ.**

૭–૭. **વ બએન્ જક્–ઇચ્ મદમ્ ચેહતૂનેદ્ પતશ્ બએન્ ચેહીત્યૂનેદ્,** શબ્દાર્થ: "અને જે કાંઇ તે નસ્કમાં ખુલ્લું જણાય છે તે તેથી આ **દીનકર્દ**નાં આંઠમાં પુસ્તકમાં લાવવામાં આવ્યું છે." **મદમ્ ચેહ્તૂન્તન્** સાથ સૂરખાવો ફા૦ **બર્–આમદન,** "આગળ આવવું," "દેખાવું." ૮. એટલે **દીનકર્દ**નાં આંઠમાં પુસ્તકમાં.

૯. આ ફકરાનો વેસ્ટનો તરજુમો નીચે મુજબ છે:–"અને આ વિવેચનની વહેંચણી વિષે, જેના બીજી ઘણીક જાતના આખા ચુકાદાઓ છે, અને તેમાં પણ તે વધારો કરે છે, અને તે ઉપરથી ઘણાક ચુકાદાઓ નીકળે છે જે, દરેકમાં, ઘણીક જાતના શબ્દો અને કામોની નોંધ લે છે, અને જે ખાસ છુટાછુટા તથા હુશ્યારીથી વેંહેંચવામાં આવ્યા છે." (પા. ૭૪).

બાબ ૨૦ મો.

દુબાસ્રૂજીદ નસ્ક.

(૧) દૂબાસ્રૂજીદ[૧] નસ્કના અઢાર ભાગોમાંનો પહેલો ભાગ ચોરો વિષેનું પુસ્તક છે; તેમાં નીચલી બાબતો છેઃ ચોર સાથે તેનું, તેણે જે ચોર્યું હોય[૨] તેની મુખ્ય[૩] જુબાની[૩] સાથે,[૪] કાયદા મુજબ પકડાવું;[૪] આગમજથી રચી રાખેલો[૫] ગુનાહ, અને ગુલામગીરી,[૬] અને સખ્ત મજુરી,[૭] અને તે ગુનાહની તોજેશ સારૂં તેને થયલી સજા, અને તે સજા બજાવવી,[૮] તેને માટેના બદલાની[૯] હદ,[૯] અને દરેકને જુદો જુદો ખાસ[૧૦] બદલો આપવાની હદ,[૧૦] અને તે સજા બજાવવી તથા તેની જગ્યા; કેદખાનાંનો[૧૧] વિસ્તાર અને તે બાંધવાનો પ્લાન[૧૧] કેવો હોવો જોઇએ;

---

૧. રવાયતો મુજબનું વાંચણઃ દૂબાસ્રૂજદ્. એમાં અસલ પાંસઠ પ્રકરણો હતાં, જે વિગત બાબ ૨૦, ૨૨, ૨૪ મામાં આપેલા ભાગોના સરવાળા મુજબનીજ છે. એ વાંચણનો અર્થ: "એક જાણીતા ચોરની જીંદગી" થાય. હું દૂબાને અવ૦ દેબ્ણુ, "ઠગવું" સાથ સરખાવું છું; જેનો ધાતુ દબ્ કે દિબ્ છે; તેમજ સ્રૂને સ્રૂબ સાથ, અને જીદ્, અવ૦ જીતી, "જીંદગી" સાથ સરખાવું છું. એક હીબ્રીડ શબ્દ તરીકે એ શબ્દનું વાંચણઃ દૂબ્-આસ્રુન્-જિદ્ થાય એટલે "એક લૂંટારાની બેડી સાથની જીંદગી." સરખાવો પહલવી આસ્રૂન્તન્, "બેડી ઠોકવી." વેસ્ટનું વાંચણઃ ગન્બા-સર્-નિજદ્, અને તેનો અર્થ: "ચોરનું નીચું પડેલું માથું."

૨. પહલવી તેરફ્ત, સરખાવો પહલવી તરફ્તગીહ્, "જોર," "જુલમ," એ ઉપરથી અર્થ: "ઝુંટવી લીધેલું," "ચોરેલું," (જુઓ Pahlavi Pazend Glossary, p. 218).

૩-૩. માદગ્ ગૂબાગ્; ફા૦ ગવાહ્; અવ૦ ગુપ્ "બોલવું." વેસ્ટઃ માદગ્ ગનબા-ઇ, "ખાસ ચોર."

૪-૪. લેવતા ગેરેફ્તારીહ્; સરખાવો ફા૦ ગિરફ્તારીહ્, "ગુલામગીરી," "કેદ."

૫. ફા૦ પસીજ, "તૈયાર કીધેલું," "મુસાફરીની તૈયારી." ૬. બન્દ્.

૭. દ્રઓશ, અવ૦ દ્રુ, "સખત થવું." અવ૦ દ્રઓશનો અર્થ "વિશ્વાસઘાત" થાય છે. વેસ્ટઃ "બેડી." ૮. કાર્ વર્જિશનીહ્. ૯-૯. નવિશ્ન્-ચન્દીહ્.

૧૦-૧૦. ચન્દીહ્ ઈ નવાગ્ કતામીહ્.

૧૧-૧૧. તન્ વ આઇનીનગ્ ઇ ખપાગ્, સરખાવો ફા૦ ખપાક્, "ઢોરોનો વાડો." વેસ્ટ એ શબ્દને ફા૦ ખપક્, "ગુંગળાવવું," સાથ સરખાવે છે. તેનો તરજુમોઃ "ગુંગળાવનાર માણસ કયો અને તેની રીત; તેમાં જે ગુંગળાવતા હોય તેઓને કેવી રીતે એક પછી એક બહાર કાઢવા, અને પહેલો કોણ કામે વળગે."

જેઓ કેદખાનામાં હોય તેઓને એક પછી એક બહાર કેમ કાઢવા;[1] કેદીઓમાં આગળ કોણે જવું.[2]

(૨) અને બેડીવાળા એક માણસનાં શરીરનો ભાગ જે દુઃખતો[3] હોય તે વિષે; અને બેડી કેટલી બંધબેસ્તી જોઇએ તેની તથા સખ્તીની હદ; અને ચોરીના ગુનાહ સારૂ કેદની સજા કેટલા વખતની થવી જોઇએ. (૩) બેડીઓ અને તે ફર્યાદીઓએ પોતેજ બાંધવી[4] વિષે, અને તે માટે જરૂરની ચીજોનો[5] ખરચ; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૪) અને સખ્ત મજુરીની કેટલીક જગ્યાઓ વિષે, અને કઇ જાતના ચોરને તેઓએ છુટો રાખવો જોઇએ. (૫) અને એક ઠગારા[6] ચોરને કોઇએ કેટલા, કયારે, અને કેવી રીતે ડામ[7] દેવા જોઇએ; જેઓ ફર્યાદીઓ હોય તેઓએજ જરૂરી ચીજોનો ખરચ આપવો જોઇએ; તે જરૂરના ડામ દેવાની જગ્યા અને અગત્યનાં ઓજારો;[8] હદથી વધારે ડામવાના જુદી જુદી જાતના ગુનાહ, અને ઠરાવેલા ડામ નહિ દેવાનો ગુનાહ; ઘણું ડામવાથી થતા ખરચની[9] હદ; ચોરીના કેટલાક તબકકાઓ જે[10] ડામ દેવાની હદની બહાર જાય છે;[10] તેઓ કે જેઓ તેને લાયકના છે; અને તેમજ તે તબકકાઓ કે જે ડામ દેવાની હદની અંદર આવે છે; જેઓ તેને લાયકના હોય તેઓ.

---

૧. સરખાવો ફા૰ **નીઝ્દન્**, "ખેંચવું," "બહાર કાઢવું."

૨. **પેશ્ કર્દન્**, "આગળ જવું". ૩. **બીશિન્**; સરખાવો અવ૰ **ત્બિશ્**.

૪. વાંચણઃ **બન્દિશ્ન**, DM. મુજબનું, સરખાવો **બન્દિશ્** "બાંધવું," "બેડી ઠોકવી." વેસ્ટનું વાંચણઃ **બન્દ્ ઇ દાદન્**, અને તરજુમોઃ "કેદ જે ફર્યાદીઓએજ પુરી પાડવી જોઇએ." પહલવીમાં **ઝીન્દાન્** શબ્દ કેદ માટે વપરાય છે. એનો અર્થ એમબી થાયઃ "અને બેડીઓ જે ફર્યાદીઓએ આપવી અથવા પુરી પાડવી જોઇએ."

૫. એટલે કે, તે ગુનેહગારને બેડીમાં રાખવા માટેની જરૂરી ચીજો. એવું જણાય છે કે એ સઘળો ખરચ ફર્યાદીઓએ આપવો જોઇએ, અને બેડીઓ તથા સાંકળો તેઓએજ કેદીને પહેરાવવી જોઇએ.

૬. વાંચણઃ **દ્રૂજ**; સરખાવો અવ૰ **દ્રઓજિશ્ત**, અસલી ફારસી **દ્રઉજન્**, "જુઠો માણસ." વેસ્ટનું વાંચણઃ **ગરોવ્-દાદન્**, "બેડીઓ પુરી પાડવી."

૭. વાંચણઃ **દ્રૂશિશ્નીહ્**, કૃદંત **દ્રૂશીદન્**, "ડામ દેવો;" સરખાવો ફા૰ **દરૂશ્** બાળવાથી અથવા કાંઇ હથિયાર વડે થયલો જખમ યા પડેલો છાપ. વેસ્ટનું વાંચણઃ **ગરોવ્-દહિશ્નીહ્**, "બેડીઓ ઠોકવી." DM. નાં વાંચણમાં તેણે ફેરફાર કીધો છે.

૮. એટલે કે તે જગ્યા કે જયાં ચોરને ડામ દેવા માટે જરૂરી ચીજો પુરી પાડવી જોઇએ.

૯. **અર્જાનીગીહ્**. ૧૦-૧૦. **દ્રૂશ્-અર્જાનીગીહ્**. એવું જણાય છે કે અસલ ઇરાનમાં ચોરોની કેટલીક જાતો હતી જેને માટે ડામ દેવા કરતાં વધુ સખત સજાની જરૂર હતી, અને બીજી કેટલીક જાતો એવી હતી કે તેને માટે ડામ દેવા કરતાં વધુ નરમ સજાની જરૂર હતી.

(૬) જુદી જુદી જાતની ચોરી વિષે; એક ચોર જે એક માણસની ચામડી કાઢી[૧] તેને જખમી કરે તેનો ગંભીર[૨] ગુનાહ; અને ચોર[૩] એક હાસ્‌ જેટલો દૂર હોવાથી[૩] ચોરાયલી મતા નહીં[૪] મળવા[૪] વિષે, અને તે ચોર જે તેજ જગ્યાપર હતો અને એક[૫] કદમના અંતરમાં હતો;[૫] અને લુંટ સાથના ચોર વિષે, અને જીંદગીને નુકસાન કરવું અને ઉતરતાં માણસો તથા ઢોરોને હાનિ પોંહોંચાડવી; અને અગાઉ[૬] અથવા પછી[૬] તેજ જગોએ[૭] કીધેલા બીજા ગુનાહો વિષે. (૭) એક ચોર, જે[૮] મદદગાર વિનાનો હોય,[૮] તેનાં ચોરીનાં તરકટ[૯] વિષે; અને એક સરખા ભાગોની ચોરી; અને જુદા જુદા ભાગો[૧૦]ની ચોરી.

(૮) બીજાઓને ચોરી કરવા સુચવવાના[૧૧] ગુનાહ વિષે; અને જે તે સુચના[૧૨] અમલમાં મુકે[૧૨] તે વિષે; અને તેને છોડી દેવો,[૧૩] અને તેને છોડી દેવાનો હુકમ; અને એક ચોરને બાંધનાર[૧૪] વિષે, જે એક ચોરને કોઇ મુશ્કેલ[૧૫] ચોરીમાં મદદ આપનાર હોય; અને એક સગીર, અને બચ્ચાં

---

૧. વાંચણઃ **ગન્દન**; પહલવી **કન્દન્**, ફારસી **કન્દન્** "ચામડી ઉતારવી." "ફાડી કાઢવું." વેસ્ટઃ **ખૂદનૅા** ને બદલે **ગૂદનૅા**, "કાપવું."

૨. **અબ્ઝૂનીગ્**, "ઉમેરાયલું," યા "આગળ વધતું."

૩–૩. **પવન્ દૂજ્ ઇ પવન્ હાસ્ર**. જે જગાએ તે ચોરે માણસને જખમી કીધો હોય ત્યાંથી ચોરેલી મતા પોતાને ઘર લઇ જવાથી; જે ઘર તે જગાથી એક **હાસ્ર** દૂર હોય.

૪–૪. **અ–પએતાગીનીદન્**; શબ્દાર્થઃ "દેખાવ નહીં દેવો," "સંતાઇ રહેવું."

૫–૫. એટલે કે, તે ચોક્કસ ચોર જે ચોરી થઇ ત્યારે જખમી માણસથી એક કદમ જેટલા અંતરમાં હતો.

૬–૬. એટલે કે, માલ ચોરાયો હોય તે ધણીને જખમી કીધા અગાઉ યા પછી.

૭. પાજન્દ **હિધિહ્**.

૮–૮. **ઇ લા હમ**, શબ્દાર્થઃ "જે કોઇની સાથે જોડાયલો નહીં હોય;" સરખાવો અવ૦ **હમ**. ૯. **મીનિશ્નીહ્**, "વિચાર," "મનસુબો."

૧૦. એટલે કે, જુદાં જુદાં પ્રમાણના ભાગો અથવા હિસ્સાઓ.

૧૧. વાંચણઃ **અશારગ્**. વેસ્ટઃ **અઇય્યારક્**, "મદદ કરતું."

૧૨–૧૨. **નિગિરીગ્–ગર્**. વેસ્ટઃ "તપાસ કરતું." ૧૩. **શેદ્દૂનાન્**.

૧૪. **અસ્રૂન્તાર્**, શબ્દાર્થઃ "બાંધનાર." વેસ્ટઃ **આસ્રૂન્તાર્**, "સાંભળનાર."

૧૫. સરખાવો ફા૦ **વન્દ્** યા **વૅાન્દ્**, "મહેનત," "ભારી કામ." વેસ્ટઃ **વૂર્દગ્**, "લઇ જવામાં આવે."

વગરની સ્ત્રી,[1] અને તે કે જે હમેલદાર હોય તેણે કીધેલી ચોરી વિષેના ચુકાદાઓ; તેઓની તાજેશની સખ્તી વખતે, તથા એક હમેલદાર ચોરનાં સુવાવડનાં કષ્ટ વખતે તેઓને કોણના તાબામાં અને કેવા જામીનપર રાખવાં જોઇએ.

(૯) એક મીલકત વિષે, જે એકઠી[2] તથા હદ વગરની[3] હોય; જે[4] તેઓ ચોરોથી દૂર રખાવે;[4] અને પોતાને હાથે ચોરી કરે તે, તથા પોતાના હાથે ચોરી નહીં કરે,[5] તેવા ચોર વિષે. (૧૦) એક ચોરની સાક્ષી વિષે; એટલે કે, ચોરીમાં જે આગળ વધે તેની સાક્ષી કેમ રજુ થવી જોઇએ; તે જયારે પકડાય અને બંધાય ત્યારે કેમ; અને જયારે તેની ઉપર પુરેપુરો[6] કબજો[6] મેળવી શકાય ત્યાં સુધી તેને શાંત રાખવાની[7] તથા ઠગવાની જરૂર હોય ત્યારે કેવી રીતે તેની સાક્ષી રજુ કરવી. (૧૧) અને ચોરો સાથની સગાઇ[8] વિષે. (૧૨) ચોરી અને લૂંટ વચ્ચેના ફરક વિષે.

(૧૩) અને મીલકત જે કોઇએ લૂંટી હોય[9] તે તેના માલેકોને પાછી આપવા[10] વિષે, જેવી કે સરહદપરનાં લોકો ઇરાની નહીં હોય તેવાં લોકો પાસેથી લઇ જાય, અને તે કે જે ચોરો પાસેથી જડજ લઇ લે; અને ચોરો પાસેથી કેટલો ભાગ લે તે વિષે, જે તેને શાંત રાખવાથી થાય છે. (૧૪)

---

૧. સરખાવો ફા૦ **સતર્વન્**, "વાંઝણી સ્ત્રી."

૨. વાંચણ: **હમ-દાત**; સરખાવો અવ૦ **હંદા**, સં૦ सम्-धा, "બરાબર એકઠું કરવું," "ભેગું કરવું." વેસ્ટ: "એકઠું થયલું."

૩. **અમર્ગાન્**, "નહીં ગણાય એવું." અવ૦ **મૅર્**, "ગણવું;" સરખાવો પહલવી **અમર્ગાન્ મર્દૂમ**.

૪-૪. ઇ **મિન્ દૂજાન્ લખ્વાર્ યખ્સેનુનાન્દ**; સરખાવો ફા૦ **બાજ્ દાશતન્**, "અટકાવવું," એ ઉપરથી "જે તેઓ ચોરોના હાથોમાં જતી અટકાવે."

૫. પણ જે બીજા ચોરોની મદદથી બીજા ધણીનો માલ ચોરે.

૬-૬. ફા૦ **કામ-ગાર્** "સ્વતંત્ર;" સરખાવો ફા૦ **કામ-ગાર્ શાહ્**, "સ્વતંત્ર પાદશાહ."

૭. ફા૦ **નિવાખ્તન્**, "મહેરબાની બતાવવી," "પંપાળવું."

૮. વાંચણ: **નફ્શા-ઇ**, **ખ્વીશીહ્**ને અર્થે, ફા૦ **ખ્વીશી**, "સગપણ." વેસ્ટ: **નવિશ્ન**, "બદલાઓ."

૯. **દેખ્રૂનાન્**, **દેખ્રૂન્ત**ને અર્થે. ૧૦. **યેહમ્તૂનીનીદન્**, "પહોંચાડવું," "લાવવું."

૧૧. સરખાવો અવ૦ **અ-સ્તરેત**, "નહીં કંટાળેલી હાલત," "મનની શાંતિ."

અને એક ચોરને બચાવનાર અને રક્ષણ કરનાર[1] વિષે; અને વળી ચોરી વિષેના બીજા ઘણાક ચુકાદાઓ વિષે.

બાબ ૨૧ મો.

દુબાસ્રૂજીદ નસ્ક.

(૧) **દૂબાસૂજીદ નસ્કનો** બીજો ભાગ પરચુટણ બાબતોનો સંગ્રહ[2] છે; એક બાપના પોતાના છોકરાના ગુનાહ માટેના ગભરાટ[3] વિષે, જે છોકરો પુખ્ત ઉમરનો હોય, અને તે બાપ જયારે તેનો દીકરો તે ગુનાહ કરે ત્યારે તે વિષે અંજાણ હોય; બાપના અને પુખ્ત વયના લોકોના, એક બીજાં સાથના ગુનાહ માટે દીકરાનો ગભરાટ; અને જયારે[4] તેઓ ગુનાહમાં એકમેકને મદદ કરતા નથી;[4] અને એક સ્ત્રીના ગુનાહ સારૂં તેણીના ધણીનો ગભરાટ, જયારે તે તેણીની સાથે મળી તે ગુનાહ કરતો નથી, કે તેણીને તેમાં મદદ કરતો[5] નથી, અને તેણીને અટકાવતો નથી.[6] (૨) અને સગીરોને તેઓના વાલી પિતા તરફથી શિક્ષણ આપવાનાં વખતનાં આવી પુગવા વિષે, અને તેની શીખવવાની રીત; અને બચ્ચાંના[7] ગુનાહની શરૂઆત થાય તે ઉમર,[7] અને સગીરપણાંમાં કીધેલાં પાપોનું

---

૧. **પાસ્પાનાન**, સરખાવો ફા૦ **પાસ્બાનાન**.

૨. **હમ્દાતગ્**, અવ૦ **હમ**, અને **દા** યા **ધા**, "મુકવું;" શબ્દાર્થ: "સાથે મુકાયલું."

૩. વાંચણ: **અન-અસ્તર્દગીહ્**, **અ-સ્તર્દગીહ્**થી ઉલટો શબ્દ; સરખાવો અવ૦ **અ-સ્તરેત** "મનની શાંતિ." વેસ્ટ: **ખ્વાસ્ત-રદગીહ્**, "તપાસ કરવા માટેની સત્તા;" સરખાવો, ફા૦ **ખ્વાસ્તન્**, "શોધવું," અને અવ૦ **રતુ**, "સત્તા." એનું વાંચણ એમબી થાય: **મદમ્ હના સ્તર્દગીહ્**, અથવા **મદમ્ અન્દગ્ સ્તર્દગીહ્**, અથવા **મદમ્ હુ-અ-સ્તર્દગીહ્**.

૪-૪. **અમત્ લા વિનાસ્ અઇય્યાર્ ચેહવૂન્દ**.

૫. **હમ્-અઇય્યાર**, "સાથે મદદ કરતો." સ્ત્રીને ગુનાહ કરવામાં મદદ કરતો નથી.

૬. **અન-આવાજ્-દાર્**, શબ્દાર્થ: "તેણીને ગુનાહ કરવાથી દુર રાખતો નથી."

૭-૭. **વ ગાસ્-ઇ ઓલ્ બૂન્ ચેહવૂન્ત અપુર્નાયીગ્ વિનાસ્**. અહીં **ગાસૂ**નો અર્થ "વખત," થાય છે.

પ્રમાણ; અને સગીરપણાંમાં[૧] તેની તોજેશ, અને તેજ વળી પુખ્ત ઉમરે; એક સગીર જેને શીખવવો[૨] જોઇએ[૨] તેને નહીં શીખવવાનો ગુનાહ; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૩) નહીં મારવા વિષે; એટલે દુન્યાના નાશને અટકાવવા વિષે; અને એક બહાદુર[૩] પહેલવાન[૩] લડાઇમાં માર્યો જાય તે પછી તેની મીલકતની વહેંચણી કરવાની રીત શું છે તે વિષે. (૪) એક સ્ત્રીને, એક બચ્ચાંને, અથવા એક ઇરાની નહીં હોય તેને ખુની[૪] હથિયારો[૪] આપવાના ગુનાહ વિષે. (૫) એક સ્ત્રી વિષે, જેણી બે **મર્ગર્જાન** ગુનેહગારોમાંથી, એક[૫]ને ગર્દન મારવા માગે,[૫] અને બીજાથી એક છોકરો મેળવવાની આશા રાખે.

(૬) એક પહેલવાન વિષે, જે ખોરાક[૬] વગરનો[૬] હોય, અને જે પોતાની કુચ[૭] દરમ્યાન[૭] એક ખેતર આગળ આવી પહોંચે, જયાં એક તેનાથી[૮] અણજાણ[૮] ભરવાડનાં[૯] અનાજ તથા મેંઢાં હોય; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૭) અને એક મીલકતને ગેરવાજબી રીતે રાખવા વિષે, અને તેની ઉપરનો ચુકાદો.

(૮) એક જડજની ઢીલનાં[૧૦] પ્રમાણ વિષે, જે એમ જાણતો હોય કે ફર્યાદી ખોટી માંગણી કરે છે, અને તોહમતદાર ખોટો એકરાર કરે છે. (૯) એક જડજની ઢીલનાં પ્રમાણ વિષે, અને એક કાયદાની

---

૧. **અપુર્નાય્-ગાસ્**, એટલે કે, સગીરની હાલતમાં. ૨-૨. **આમૂજિશ્ન.**

૩-૩. **મર્દ-ગુર્દાન્ ગબ્રા**, સરખાવો ફા૦ [મર્દિ, **મર્દાન્** (**મર્દાનહ્**), અથવા **મર્દાન-ઈ મર્દ**, "મર્દાનગીહવાળા બ્હાદુર માણસો."

૪-૪. એનો અર્થ લડવાનાં હથિયારોબી થાય.

૫-૫. **અએવગ્ રોએશા બવીહ્નેદ્**. ૬-૬. **અતૂશહ્**, સરખાવો ફા૦ **તુશહ્**, "ખોરાક."

૭-૭. **પવન્ રૂબિશ્ન**, "પોતાની હીલચાલમાં."

૮-૮. **અજશ્ બીગાનગ્** ; સરખાવો ફા૦ **બીગાનહ્**, "બેગાનો શખ્સ."

૯. વાંચણ: **પસીગ્**. વેસ્ટ મુજબ **પસ્**નો અર્થ "પછી" થાય છે. એ **પાસ્**, "રખેવાલ," "દરબાન"બી વંચાય.

૧૦. ચુકાદો આપવાની ઢીલ.

કોર્ટની[૧] ઢીલ; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૦) એક જડજના ચુકાદા વિષે, જે એક શકમંદ ચુકાદાને ખાત્રી ભરેલો સમજે,[૨] ખાત્રી ભરેલાને શકમંદ સમજે, અને એક ખુલ્લા ચુકાદાને નહીં સમજી શકાય એવો ગણે. (૧૧) અને જે કાંઇ અચોક્કસ હોય તેને ચોક્કસ ઠરાવનારા ચુકાદા વિષે, અને તે ચુકાદાને અમલમાં[૩] મુકવા[૩] વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે.

(૧૨) અને નીચામાં નીચીથી ઉંચામાં ઉંચી પદવી સુધીના, એકની ઉપર એક, નેમાયલા[૪] જડજોની ફરજો વિષે. (૧૩) એક ચુકાદાપરનો ચુકાદો,[૫] જે બે જડજો સાથે મળીને આપે ત્યારે કાયદાનુસાર ગણાય; અને તે કે જે ચુકાદો આપનાર જડજને ગણતાં બે જડજો સાથે[૬] આપે ત્યારે કાયદાનુસાર ગણાય; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૪) ખુલાસાને[૭] લગતા ચુકાદાની શબ્દરચના વિષે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૧૫) અને જડજો માટે ચુકાદો આપવાના વખતની મુદત વિષે, અને તેજ મુજબ જડજો માટે જડજો આગળ સાક્ષીઓને[૮] બોલાવવાના,[૮] અને તપાસ ચલાવવાના[૯] વખતની મુદત વિષે.

---

૧. **દાતગાસ્**, શબ્દાર્થ: "ઇન્સાફની જગા."

૨. **વિજોઈર્દ વબીદ્નયેન્**, સરખાવો પહલવી **વિજારિશ્ન**, "સમજણ," "શરેહ".

૩–૩. **ફ્રનિશ્ન**. ૪. **ગૂમાર્દગ્**, સરખાવો ફા૦ **વિ** અને **ભર્**, ફા૦ **બર-ગુમાશ્તન્**, "નેમવું;" **ગુમાસ્તન**, "કામ સોંપવું," "કાંઇ ખાસ કામ કરવા મોકલવું," અથવા "એક જડજની સત્તા અને હોકમ સાથ કોઇ માણસપર ફોજદારી કામ ચલાવવું." વેસ્ટ: "નેમાયલા જડજો" (commissioned judges).

૫. એટલે નીચલી કોર્ટના ચુકાદા સામે કરેલી અપીલનો ચુકાદો.

૬. DM. મુજબ શબ્દાર્થ: "જડજ સાથે અથવા બે જડજો સાથે હોય ત્યારે." લેવતા **દાતોબર્ વ દો દાતોબર્ અગવીન્**.

૭. સરખાવો ફા૦ **પાત-ખ્વાન્**, "ખુલાસો," (સ્ટાઇન્ગાસ). ૮–૮. **ગઓકાયાન્ ખ્વહિશ્ન**.

૯. **સચિશ્ન**.

૧૬) અને એક જડજ જે દબદબાવાલો[1] હોય તે વિષે, અને તે કે જે દબદબાવાલો નહીં હોય;[1] દબદબાવાલો નહીં તેવા જડજની જે દબદબાવાલો જડજ હોય તેની સાથે સરખાવતાં ઓધાની મુદત વિષે. (૧૭) અને ચાર[2] જાતના જડજો[2] વિષે, અને તેઓ તરફના ચુકાદાની જાતો; એક જાતનો જડજ તે છે કે જે[3] ચુકાદો કેમ આપવો તે સમજે છે, અને તેને અમલમાં મુકી શકે છે;[3] એક તે છે કે જે ચુકાદો કેમ આપવો તે સમજે છે, પણ તે ચુકાદો અમલમાં મુકતો નથી. (૧૮) અને કેટલાક ચુકાદાઓમાંની જડજની ઠગાઇ[4] વિષે

૧–૧. સરખાવો **ફ્રહાંગ્ ઇ ઓઈમ અએવગ્**, પા. ૪૩, લીટી ૧૦–૧૨: **વયો-જાુશ્તો: દાતોબર્ દેના વિજારેદ્, અએધ્ ખ્વાસ્તારૂઈ વરાઓમન્દ વ ન્યોશીદાર ઇ અએવરીહ્ હઇત્ ચાગૂન્ ચેમલેલૂનેદ્ દરેંગીહ્.** અહીં દીનકર્દમાં પાજન્દ **વયો-જાુશ્ત્**, યા **વયો જાુશ્તો**, અવસ્તા **વયો-જાુશ્તો**, યા **દ્વયો-જાુશ્તો**ની બરાબર છે. પહેલો શબ્દ **વયો-જાુશ્તો**, વંદીદાદ, ફ્ર. ૧૩, ફ. ૮ માં આવતા **વયો-તુત** શબ્દ સાથ સરખાવાય, જયાં **વયો** શબ્દને **વી**, "બીવું" પરથી ઉપજાવી શકાય; એ ઉપરથી એનો અર્થ: "બીક ઉત્પન્ન કરનાર મીત્ર" થઇ શકે, અથવા એમબી થાય કે: "એક બીક ઉત્પન્ન કરનાર ઇન્સાફનો દોસ્ત;" અથવા "એક ભયંકર દોસ્ત." વેસ્ટનું વાંચણ: **દ્વયો-જાુશ્તો**, "જે કોઇ બેવડો સંતોષ પામેલો હોય તે."

વયો-જાુશ્તોના અર્થ માટે ઉપલી **ફ્રહાંગ**ના એક ફકરામાં આપેલી હાઉગની અગત્યની શરેહ નીચે મુજબ છેઃ—"હું નીચે મુજબ તરજુમો કરૂં છું: 'જડજે આ વાદી અને પ્રતિવાદીનો કજીયો ચુકવવો જોઇએ; તેઓ દરેક જે કાંઇ કહે તેનું બરાબર તોલ કરી તે મુજબ ચુકાદો આપવો જોઈએ.' પહલવી તરજુમો કરનાર એની આગળ આવતા શરેહના (જન્દ) શબ્દો **વયો-જાુશ્તો** કેમ સમજયો છે તે કહેવું મુશ્કેલ છે, એ શબ્દો કોઇ બીજાં લખાણમાંના ઉતારાની શરૂઆત હોય એમ જણાય છે, પણ તે ઉતારો આખો આપવામાં આવ્યો નથી, **જાુશ્તો**નો અર્થ "ખુશ થયલો," "સંતોષ પામેલો" થાય છે, **વયો**નો અર્થ મેળવવો એટલો સહેલો નથી કારણકે તેના એકથી વધુ અર્થ થઇ શકે છે. એ ફકરો કાયદાની તપાસ વિષેનો હોવાને લીધે, ઘણુ કરીને એ શબ્દનો અર્થ તકરાર, વાંધો એમ હોય, અને તે શબ્દયોગી (અને ક્રિયા-વિષેશણ અવ્યય) **વિ**, 'છુટું,' 'સામે,' 'જીદું' ઉપરથી ઉપજાવી શકાય; એવી રીતે **વયો-જાુશ્તો** નો અર્થ, "એક માંડવાલ થયલો કજીઓ" એમ થાય. પહલવી શરેહ ખુલ્લી રીતે તે વિષે એશારો કરે છે." (જુઓ પાનું ૭૯). **ફ્રહાંગ**ના ઉપલા ફકરાનો વેસ્ટનો તરજુમો નીચે મુજબ છે; **વયો-જાુશ્તો**, જે એક જડજ છે, તે આ સમજાવે છે, જેથી અરજ કરનાર જે શકમંદ હોય તે ખાત્રી ભરેલું સાંભળે છે; કોઇ કહે તેમ, તેનું જાણીબુજીને તોલ થાય છે."

૨–૨. વેસ્ટ: "ચાર રીતવાળા એક જડજ વિષે."

૩–૩. મૂળ **વિચીર ખવીતુનેદ્ કર્દન્ વખ્દૂનયેન.** સરખાવો ફા૦ **ગિરિફ્તન્**, "સ્વીકારવું." ફારસીમાં **ગિરિફ્ત કર્દન્** નો અર્થ: "કોઇ જગાથી દૂર જવું" થાય છે, પણ તે અહીં લાગુ પાડી શકાતો નથી.

૪. સરખાવો અવ૦ **હજંઘ્**, "લૂંટ." વેસ્ટનું વાંચણ: **અવરીહ્**, "ચઢિયાતાપણું."

જે તેના ખોટા હુકમનામાંઓને લીધે થાય છે, અને એક **હાસ્ત્ર**માં હોય ત્યારે એ કેમ થાય, અને તેજ જગાએ હોય ત્યારે તે કેમ થાય; જયારે તે **હાસ્ત્ર**ની અંદર થાય છે ત્યારે તે તેથી ઠગારો બને છે, જયારે તે **હાસ્ત્ર** પુરો થવા અગાઉ થાય છે ત્યારે તે સચ્ચાઇપર પાછો ફરે છે.[1] (૧૯) અને એક બીજા જડજ વિષે, જેનું ખોટું શિક્ષણ જાહેર થયેલું હોય,[2] તેનાં ખોટાં શિક્ષણ, અને ખોટો હેતુ,[3] અને ખોટી તપાસ, અને જુઠી સાક્ષી માટે તેની તોજેશ, જયારે ફર્યાદી[4] તેનો પોતાનો થઇ જાય;[4] અને એ બાબતમાં[5] ફર્યાદી સારૂ જુદી તોજેશ છે; પણ જડજને માટેની તોજેશ કોઇબી પુણ્યનું કામ કરવાથી મળી[6] શકતી નથી.[6] (૨૦) અને મોબદોને ચુકાદા આપવાની મહેનત વિષે. (૨૧) એક પુખ્ત ઉમરનો માણસ જે કાયદાથી અંજાણ હોય તેના કરતાં, એક સ્ત્રી અથવા એક સગીર જે કાયદા[7] જાણતાં[7] હોય, તેઓની જડજની જગા માટેની લાયકાતની પિછાણ[8] વિષે.

(૨૨) દીનના ચુકાદાઓ મોઢેથી[9] ભણતાં શીખવવા[9] માટે કોઈના પોતાના ચેલાને એક ધર્મગુરૂ તરફનાં કરજમાં મદદ કરવા વિષે; ગરીબ અને કંગાળ લોકોનો એક દોસ્ત હોય તેની માફક તેને મદદ નહીં કરવાનો ગુનાહ; ઇરાની નહીં હોય તેવા લોકોમાંથી એક મદદગાર બોલાવવો[10]

---

૧. આ આખો ફકરો દ્વિઅર્થી અને નહીં સમજ પડે એવો છે. વેસ્ટનો તરજુમો નીચે મુજબ છેઃ–"જ્યાં સુધી તેમાં ખોટો ચુકાદો હોય ત્યાં સુધીની એક જડજની તેનાં હુકમનામાં માટેની સરસાઈ વિષે; જ્યારે તે દૂર હોય ત્યારે તે કેમ થાય છે, અને તેજ જગાએ હોય ત્યારે કેમ થાય છે; જે દૂર હોય તે જ્યારે ઈન્સાફની અદાલતમાં એક **હાસ્ત્ર** પુરો થવા અગાઉ આવે ત્યારે ત્યાં સરસ ગણાય."

૨. અથવા, "તેનાથી જણાયું હોય." ૩. **ખ્વહીશ્નીહ**. ૪–૪. **મૂસ્ત્-આઓ મન્દ્ નફ્શા ચેહુન્તની**.

૫. **પવત્ મન્દવમ્**. ૬–૬. **અન–આફ્રત્ લા ચેહુન્ત**. વેસ્ટનું વાંચણઃ **ખ્વફ્રત**, "ઓછું થયલું."

૭–૭. **આકાસ**–દાત્. ૮. વાંચણઃ **શ્નાગીહ્**, DM.માં **દાનાકીહ્** ને બદલે. સરખાવો અવ૦ **જ્ના** અથવા **ખ્શ્ના**, "જાણવું." વેસ્ટનું વાંચણઃ **દાનાકીહ્** "ખબરદારી."

૯–૯. દ્રેન્જીનીદન્, સરખાવો અવ૦ **દ્રેન્જ્**, "મોઢે કરવું," "ગાવું." ૧૦. **અવીહુનસ્તન્**.

વાજબી છે; તે, ઇરાની નહીં હોય તે શખ્સને, મદદ માટે તેની મરજી મુજબ બોલાવી લાવવો વાજબી છે; અને તેજ બાબતપર જેબી વધુ હોય તે. (૨૩) રાસ્ત રશ્નુની યજ્દી શ્રેષ્ટતા[1] વિષે.

(૨૪) કેટલાંક માણસો વિષે, જેઓને લગતો ચુકાદો[2] આપવાનો હોય;[2] એક મીલકત જે તેઓની પોતાની નહીં હોય તે રાખવા અને આપી[3] નહીં દેવા[3] વિષે; અને કોઇ માણસ જે પોતાનો નહીં હોય એવો માલ રાખે[4] તેને લગતા ચુકાદા વિષે. (૨૫) કજીયાઓ જે વાંધા ભરેલા અને નહીં વાંધા ભરેલા[5] હોય તે વિષે. (૨૬) એક જડજના ચુકાદા વિષે, જેનું કામ ભાઇબંધીની લાગણી[6] સાથનું હોય.

(૨૭) ચુકાદાપર[7] ચુકાદા માગવામાં[7] ફર્યાદીઓ જે ગુનાહ કરે તે વિષે; કોઇનો બીજાનો માલ તેઓએ પોતાના હાથો લેવો વાજબી નથી, અને તેથી જયારે કબજા વિષે ખાત્રી હોય ત્યારે મુકરદમો ઉભો થાય છે તે વિષે.

---

૧. **બરીન્-આઓમ-દીહ્**, "યજ્દી શ્રેષ્ટતા."

૨-૨. શબ્દાર્થ: "જેઓ ચુકાદા સારૂં ખોટી થતાં હોય." વેસ્ટ: "જેઓ કાયદાની તપાસમાં મશ્ગુલ હોય."

૩-૩. **લા** બૂજિશ્નીહ્, અવ૦ **બુજ્**, "આપી દેવું" વેસ્ટ: **લા વન્જિશ્નીહ્**, "નહીં વહેંચાયલું તે."

૪. **પવનૂ દારિશ્ન યખ્સેતુનેદ્**, શબ્દાર્થ: "કોઇ પોતાના કબજામાં રાખે."

૫. **અન-અન-બસાન**, "જુદા નહીં તે." વેસ્ટ: **અન-હુન-બેશિન**, "ઉલટું નહીં તે."

૬. **હુન્જમનીગ્ ફ્રૂનિશ્નીહ્**. વેસ્ટ: "મંડળીના કામોનું." સરખાવો અવ૦ **હન્જમન**, "કોમ."

૭-૭. **મદમ દાદિસ્તાન દાદિસ્તાન રાએ;** વેસ્ટ: "કાયદાનાં સાધણ સાથના કાયદા વિષે."

Glossary of Select Words contained in the Dînkard, Book VIII.

(*aûzun-khratû*) Chap. XIII, § 8, p. 30, l. 9; *n.*, 'developed wisdom,' 'ખીલેલું ડહાપણ.' Cf. Arabic اوزون 'stronger,' 'more vigorous,' 'જોરાવર,' 'ઘણું મજબુત.'

(*ana-spûrîgîh*) Chap. XVII, § 7, p. 44, l. 7; *n.*, 'imperfection', 'અપુર્ણતા'. Cf. Pers. سپری and سپریدن 'to complete,' 'પુરૂં કરવું.'

(*âchârîh*) Chap. XVI, § 8, p. 41, l. 4; *n.*, 'piety,' 'અશોઈ'. Cf. Skr. आचार, 'fidelity towards religion.' 'દીન તરફ વફાદારી,' West: *âjârîh*, 'afflication', 'દુ:ખ.'

(*ana-basânîh*) Chap. XVIII, § 48, p. 52, l. 11; *n.*, 'difference' (of opinion), 'dispute,' 'conflict,' 'મતફેર,' 'તકરાર,' 'વાંધો.' Cf. Pers. بسان 'like,' 'resambling,' 'એક સરખું,' 'મળતું.' Hence *ana' basân*, 'differing', 'જુદું.'

(*âsip*) Chap. XVIII, § 56, p. 54, l. 13; *n.*, 'molesting,' 'હેરાન કરવું'.' Cf. Pers. آسیب

(*aûzdehîgîh*) Chap. XIX, § 44, p. 67, l. 2; *n.*, 'foreign province,' 'પરદેશ'. Cf. Av. 'beyond one's native country,' 'કોઈના પોતાના દેશની બહાર,'

(*apârîh*) Chap. XIX, § 53, p. 68, l. 10; *n.*, 'delay,' 'ઢીલ.' Cf. Av. , Skr. अपर, 'later on,' 'પાછળથી'. West: *âzârîh*, 'hardship,' 'affliction,' 'સંકટ,' 'દુખ'.

(*agrî*) Chap. XIX, § 99; p. 76, l. 11, *adj.*, 'longest,' 'લાંબામાં લાંબો.' Cf. Av. 'first-sized,' 'of the first quality,' 'પહેલી જાતનું.'

(*âvâkhîh*) Chap. XIX, § 117, p. 79, l. 9; *n.*, 'rectitude,' 'પ્રમાણીકપણું'. Cf. Pers. راخ It can also be read *khvîshîh*, 'relatives.' 'સગાં.'

(*a-vimônd*) Chap. XIV, § 4, p. 33, l. 8; *adj.*, 'unlimited,' 'બેહદ.' Cf. Pahl. (*vimônd*) 'limit,' 'હદ,' Av. , 'boundary,' 'limit,' 'સરહદ,' 'હદ' [Pahlavi sign] and ; otherwise read *nimônd*, Av. 'direction,' 'બાજુ,' 'દિશા.'

(*apavarâvarshtih*) Chap. XVII, § 5, p. 43, l. 12; *n.*, 'unnecessary smiting,' 'બેકાટનો માર.' Cf. Av. 'not', 'નહીં,' 'desirable,' 'ઇચ્છવાલાયક', and , 'assault,' 'હુમલો,'

from Av. rt, [Pahlavi], Skr. वृश्च्, 'to smite down,' 'મારવું.'

[Pahlavi] (*ârûnîh*) Chap. VIII, § 8, p. 19, l. 11; *n.*, 'amiability,' 'મળતાવડાપણું.' Cf. Pers. آرون or ارون 'amiable,' 'attractive,' 'મળતાવડુ' 'એ-ચાળુકારક.' It may mean 'duty,' 'glory,' 'ફરજ,' 'કીર્તિ.' Cf. Av. [Pahlavi]

[Pahlavi] (*âmâr or hamâr*) Chap. XIII, § 8, p. 31, l. 2; *n.*, 'reckoning,' 'ગણત્રી,' Cf. Pers. شمار, Av. rt. [Pahlavi] 'to count,' 'ગણવું.'

[Pahlavi] (*âshârag*) Chap. XIX, § 122, p. 80, l. 8; *n.*, 'insinuation,' 'આલ-ચ.' Cf. Arabic-Pers. اشارة West's reading *aîyyârak*, 'assisting,' 'મદદ કરવું.'

[Pahlavi] (*khûshînîtan*) Chap. XVII, § 1, p. 42, l. 3; *infinitive*, 'withering,' 'સુકાઈ જવું.' Cf. Av. [Pahlavi], rt. [Pahlavi], 'to dry,' 'સુકાવીનાખવું,' Pers. خشک 'withered,' 'કરમાયલું;' خشکانیدن, 'to cause to dry up,' 'સુકાઈ જવું.' Vide footnote 17 on p. 45 of the English translation.

[Pahlavi] (*khasâîg*) Chap. XVIII, § 8, p. 46, l. 9; *n.*, 'rustic,' 'ગામડીઓ.' Cf. Pers. خسی or خسا 'a rustic,' 'a' mean person,' 'a miser,' 'ગામડીઓ,' 'નીચ માણસ,' 'બખીલ.'

[Pahlavi] (*khûshgûnîn*) Intro., § 22, p. 7, l. 5; *adj.*, 'excellent,' 'ઉત્તમ.' Cf. Pers. خوشگون

[Pahlavi] (*khush-radag-ich*) Chap. II, § 3, p. 9, l. 1; *n.*, 'excellent series,' 'ઉત્તમ હારમાળા.' Cf. Pers. رده 'a line,' 'a series' (of thoughts), 'હાર,' '(વીચારની) હારમાળા.'

[Pahlavi] (*hû-âfrîtân*) Chap. XII, § 17, p. 27, l. 9; *n.*, 'fully-blessed,' 'સંપૂર્ણ આશીર્વાદ પામેલા.' Cf. Av. [Pahlavi], 'greatly beloved,' 'ઘણું વ્હાલું,' [Pahlavi] 'to love,' 'to admire,' 'ચહાવું,' 'વખાણવું.'

[Pahlavi] (*hû-khrû-gaŏnatûm*) Chap. XV, § 4, p. 34, l. 9; *adj.*, 'hardest,' 'સખતમાં સખત,' Av. [Pahlavi] 'to be' hard', 'સખત થવું;' another reading *avârun-gaŏnatûm*' 'most immoral,' 'unfair,' 'most brutal,' 'ઘણો પાપી,' 'ગેરવાજબી,' 'ઘણોજ ઘાતકી' (સજા.)

[Pahlavi] (*handâma*) Chap. XVII, § 3, p. 42, l. 6; *n.*, 'limb,' 'શરીરનો ભાગ.' Cf. Av. [Pahlavi], Pers. اندام.

[Pahlavi] (*hazal*) Chap. XVIII, § 1, p. 45, l. 1; *n.*, 'pillage,' 'લૂંટ.' Cf. Av. [Pahlavi], 'plunder,' 'લૂંટ,' rt. [Pahlavi] 'to seize', 'to snatch away,' 'પકડવું,' 'ઝુંટવી લેવું.'

[Pahlavi] (*khûstûgîh*) Chap. XVIII, § 48, p. 52, l. 12; *n.*, 'confession,' 'એકરાર.' Cf. Pers. خستو 'confessing,' 'એકરાર કરવો.'

[Pahlavi] (*haênîn-patân*) Chap. XVIII, § 61, p. 55, l. 10; *n.*, 'heads of armies,' 'લશ્કરના સરદારો.' Cf. Av. [Pahlavi] 'an army', 'લશ્કર,' and [Pahlavi] 'a lord,' 'સાહેબ.'

(*handeshîh*) Chap. XIX, § 11, p. 60, l. 6; *n.*, 'reflections,' 'વિચારો.' Av. and 'to see,' 'to conceive,' 'જોવું,' 'ધારવું,' Pers. اندیشیدن. West reads the word *khvêshîh*, 'peculiarities,' 'ખાસ્યતો,'

(*ham-bâjân*) Chap. XIX, § 31, p. 64, l. 11; *n.*, 'partners,' 'ભાગ્યાઓ.' Cf. Pers. انباز 'a partner,' 'ભાગ્યો.'

(*hachîdagîh*) Chap. XIX, § 34, p. 65, l. 5; *n.*, 'pursuit,' 'પુઠ પકડવી.' Cf. Av. 'to follow,' 'પુઠે જવું', Pers. 'to seize,' 'to carry off,' 'પકડવું,' 'ઉચકી જવું.' West, 'sequestration,' 'અલાહિદું રાખવું તે.'

(*ham-dâtag*) Chap. XX. § 9, p. 90, l. 8; *adj.*, 'collective,' 'ભેગું.' Cf. Av., Skr. सम्-धा.

(*khîg-raftan*) Chap. XIX, § 58, p. 69, l. 7; *v.*, 'walking on a waterskin,' 'પખાલપર ચાલવું.' Cf. Pers. خیک 'a waterskin,' 'પખાલ.'

(*garang*) Chap. IV, § 2, p. 10, l. 8; *verb*, 'break down,' 'ભાંગી નાખવું.' Cf. Mod. Pers. گرنگ *garang*, which means 'the rendezvous of an army,' 'a field of battle,' 'લશ્કરની એકઠાં થવાની જગો,' 'રણક્ષેત્ર.'

(*drûshtag-î*) Intro., § 22, p. 7, l. 5; *n.*, 'difficulty,' 'મુશ્કેલી.' Cf. Pers. درشت 'difficult,' 'hard;' 'મુશ્કેલ,' 'ભારી.'

(*gerd*) Intro., § 22, p. 7, l. 5; *n.*, 'compilation,' 'સંગ્રહ.' Cf. Pers. گرد 'a collection,' 'જથ્થો'; and گرد کردن 'to make public,' 'જાહેર કરવું.'

(*dâhmân*) Chap. III. § 2, p. 10, l. 1; *n.*, '*dâhmas*,' 'દહ્મ'. Cf. Av. 'pious people,' 'અશો લોકો' West: 'the community,' 'કોમ,'

(*garûb*) Chap. XVIII, § 23, p. 48, l. 5; *n.*, 'security,' 'જામીન,' Pers. گرو (*girû*) 'a pledge,' 'a security,' 'ગીરો મૂકેલી ચીજ;' 'જામીનગીરી.'

(*kûrîh zîgâ*) Chap. XVIII, § 37, p. 50, l. 5; *n.*, 'blast furnace,' 'ધમણવાલી ભઠ્ઠી.' Cf. Pers. کوره 'a furnace,' 'ભઠ્ઠી,' and Chaldæ *zîgâ* 'wind,' 'પવન.'

(*gaîbun*) Chap. XVIII, § 42, p. 51, l. 8; *n.*, 'spearhead,' 'ભાલાની ટોચ,' a corruption of the original *darbun* or *druban*. Cf. Av. (in) 'a spear,' 'ભાલો;' Pers. گیبر *gaîbur*, a kind of spearhead (Steingass).

(*dahrag*) Chap. XIX, § 143, p. 83, l. 10; *n.*, 'scythe,' 'દાતરડું.' Cf. Pers. دره

(*drûshishnîh*) Chap. XX, § 5, p. 89, l. 3; *n.*, 'brand,' 'ડામની નિશાની;' *inf.* (*drûshidan*), 'to brand.' Cf. Pers. دروش West's reading, *garôv-daheshnîh*, 'putting on of fetters,' 'બેડી ઠોકવી.'

(*naôshîhêd*) Intro. § 15, p. 5, l. 6; *adj.*, 'immortal,' lit. 'what is immortalized,' 'અમર,' 'જે અમર થયલું હોય તે.'

(*nishîvî*) Chap. XII, § 4, p. 24, l. 9, *n.*, 'descent,' 'નીચે ઉતરવું.' Cf. Pers. نشیب (*nishîb*,), 'descent,' 'ઉતરવું,' Av. and or , rt. , 'to hasten downward,' 'ઝડપથી નીચે ઉતવું.'

(*vishûftârân*) Chap. XIII, § 12, p. 32, l. 2; *n.*, 'destro ers', 'નાશ કરનારાઓ,' Av. rt.

(*namluntan*) Chap. XV. § 8, p. 35, l. 11; *inf.*, 'burning,' 'blistering,' 'બાળવું,' 'છાગલો ઉઠાડવો.' Cf. Chaldæ-Arabic *naml*, 'blistering by burning,' 'બાળીને છાગલો ઉઠાડવો,' or 'to defame,' 'નાલેસી કરવી.'

(*nizârîh*) Chap. XVII. § 4, p. 43, l. 2; *n.*, 'maceration,' 'નબળાઈ.' Cf. Pers. نزاری, 'leanness,' 'નબળાઈ.

(*nîshyishna*) Chap. XVI, § 1, p. 38, l. 3; *n.*, 'acute pain,' 'જબરૂં દુ:ખ.' Cf. Pers. نیش (*nêsh*) 'sting,' 'prick,' 'ડંખ'.

(*vara-âômand*) Chap. XVIII. §. 64, p. 56, l. 7; *adj.*, 'believable,' 'માનવા લાયક.' Av. 'to believe' 'માનવું' Otherwise 'deserving to undergo an ordeal,' 'કસોટીમાંથી પસાર થવા લાયક;' Av. 'an ordeal,' 'કસોટી;' hence 'doubtful,' 'શક ભરેલું.' West adopts the latter meaning.

(*vâham-dâr*) Chap. XIX, § 45, p. 67, l. 4, *n.*, 'same manner,' 'તેવીજ રીતે'. Cf. Pers. بهم It also means, 'together,' 'સાથે'. West adopts the latter meaning.

(*navishna*) Chap. XIX, § 118, p. 79, l. 12; *n.*, 'ransom,' 'કોઈ માણસને છોડવવા માટે ભરવો પડતો દંડ.' Cf. Pers. نوش 'a present,' 'recompense,' 'ભેટ,' 'બદલો.' Or *nipishna*, 'a writing,' 'a treaty,' 'લખાણ,' 'સુલેહના કોલકરાર.'

(*naka-zunî*) Chap. XIX, § 132, p. 82, l. 2; *n*; 'destruction of a part,' 'એક ભાગનો નાશ.' Cf. Av. , rt. or 'to destroy,' 'નાશ કરવો', and Pers. وزن, 'a share,' 'a part,' 'હિસ્સો,' 'ભાગ.' West: *nikizend*, 'squandering.'

(*kâmâg*) Chap. XVIII, § 2, p. 45, l. 9; *n.*, 'flour,' 'આટો.' Cf. Chaldæ, *kâmâ*.

(*kafch*) Chap. XVIII, § 40, p. 51, l. 2; *n.*, 'a trap,' 'છટકું.' Cf. Arabic قفص 'tying by the feet,' 'confining in a cage,' 'પગ બાંધવા,' 'પીંજરાંમાં બંધ કરવું;' also a 'network', 'જાળી." Pers. کفش means 'a shoe', 'જોડો.'

(*kastâr*) Chap. XVI, § 4, p. 39, l. 8; *adj.*, 'pounding,' 'છુંદી નાંખે એવો.' Cf. Pers. کسن 'to pound,' 'to seize,' 'છુંદવું,' 'પકડવું,' or کست 'base,' 'shameful,' 'નીચ,' 'શરમ ભરેલો.'

(*tâshid*) Chap. XVII, § 6, p. 44, l. 2; *verb*, 'mutilated,' 'શરીરનો કોઈ ભાગ કાપી કાઢી બદસુરત બનાવેલું;' Av. 'to scrape,' 'to chisel,' 'ઘવડી કાઢવું,' 'ફરસીથી કાપવું', or, 'an axe', 'કુહાડી.'

(*tagil-î*) Chap. XIX, § 119,

p. 80, l. 2; *n.*, 'a handsome youth,' 'ખુબસુરત જવાન.' Cf Pers. [illegible]

[illegible] (*teraft*) Chap. XX, § 1, p. 88, l. 2; *verb*, 'seized,' 'પકડયું.' Cf. Pahl. [illegible] (*teraftagîh*), 'force,' 'violence,' 'જોર,' 'જુલમ.' (See Pahlavi Pazand Glossary, p. 218).

[illegible] (*pâdram*) Intro., § 2, p. 2, l. 1; *n.*, lit. "a protector of ease and comfort," 'what facilitates;' 'સુખ અને સગવડનું રક્ષણ કરનાર,' 'જે કાંઈ સ્હેલું કરે તે,' 'Av. [illegible] and [illegible]; hence "a helping hand," "an authority," 'મદદગાર માણસ,' "સત્તા". *Pâdram* elesewhere means 'a reward,' 'બદલો.' Cf. Mod. Pers. پادرم (*Vide* Bk. VI. chap. CCCIII., § 1.)

[illegible] (*pati-sârag*) Intro., § 11, p. 4, l. 1; *n.*, 'in a complete order,' lit., 'something up to the end,' or 'successively', or 'something first,' 'સંપુર્ણ ક્રમમાં,' શબ્દાર્થઃ 'છેવટ સુધી,' 'એક પછી એક,' યા 'કાંઇ પહેલું.' Av. [illegible] and [illegible]

[illegible] (*patûdan*) Chap. IV. § 2, p. 10, l. 7; *v.*, 'descending,' 'નીચે ઉતરવું,' Av. [illegible] 'to descend,' 'નીચે આવવું.'

[illegible] (*pâtakhshâê*) Chap. VI. § 20, p. 16, l. 2; *adj.*, 'a privileged' (wife) 'શાહજન,' 'પરણેલી હકદાર સ્ત્રી.' Cf. زن پادشاه of the *Ravâyats.*

[illegible] (*pûsh.*) Chap. VIII, § 2, p. 18, l. 9; *n.*, 'niggardliness,' 'બખીલાઈ.' Cf. Pers. پوش 'a trifle,' 'નજીવી ચીજ,' or پوس 'mean-spirited', 'servile,' 'હલકા ખવાસનું,' 'નીચ.'

[illegible] (*padmishna*) Chap. XVII, § 6, p. 43, l. 12; *n.*, 'dimension,' 'વિસ્તાર,' Av. [illegible] and [illegible] 'to measure,' 'માપવું.' Cf. Pers. پیمودن Better *padmâishna.*

[illegible] (*pasâjishna*) Chap. XIII, § 8, p. 31, l. 3; *n.*, 'consummation,' 'સંપુર્ણતા.' Cf. Pahl.—Pers. پساختن originally [illegible] 'to accomplish,' 'to adapt,' 'to adjust,' 'પુરૂં, કરવું,' 'બંધબેસ્તુ કરવું.'

[illegible] (*frâj-rûdag*) Chap. XVII. § 1, p. 42, l. 2; *n.*, 'disembowelling,' 'આતરડાં બહાર કાઢવાં.' Cf. Pers. روده (*rudah*), 'bowels,' 'આતરડાં,' Av. [illegible].

[illegible] (*pâe*) Chap. XVIII, § 35, p. 49 l. 11; *n.*, 'opposition,' 'વિરૂદ્ધતા.' Cf. Pers. پا.

[illegible] (*pashkhâdan*) Chap. XVIII, § 1, p. 45, l. 6; *inf.*, 'squeezing,' 'નીચવવું.' Cf. Pers. پشخودن 'to compress,' 'to squeeze,' 'દાબવું,' 'નીચવવું'.'

[illegible] (*pâdîrânînîdan*) Chap. XIX, § 11, p. 60, l. 8; *n.*, 'exhaustion,' 'ખપી જવું;' lit. 'to cause to be dried up,' 'સુકાવી નાંખવું.' Cf. Pahl. [illegible] which is the rendering of Av. [illegible] 'a man whose seminal fluid is dried up,' 'એક માણસ જેની મની સુકાઈ ગઈ હોય.'

(*pâûrû-khûran*) Chap. XIX, § 33, p. 65, l. 2; *n.*, 'gluttons,' 'ખાધરાઓ,' 'ઘણું ખાનારા.' Cf. Av. or 'full,' 'પુરતું,' and 'to eat,' 'ખાવું.'

(*pashna kardan*) Chap. XIX, § 43, p. 66, l. 12; *verb*, 'to free,' 'છોડી મૂકવું'. Lit. 'to make a passage,' 'to escape,' 'રસ્તો બનાવવો,' 'છુટી જવું.' Cf. Pers. پشنان 'passage,' 'રસ્તો.' Or پشن 'like' 'સરખું,' hence *pashna kardan* may mean 'doing the like or similar,' 'એવાજ ગુનાહો કરવા.'

(*pazd*) Chap. XIX, § 117, p. 79, l. 10; *n.*, 'blood-shedding,' 'લોહી રેડવું.' Cf. Pers. پزد

(*banjishna*) Intro., § 3., p. 2, l. 4; *n.*, 'a classification,' 'ભાગો.' Cf. Skr. भञ्ज्. Av. 'to break,' 'to divide', 'ભાગ કરવા.'

(*bâkhtan*) Chap. VI., § 6-7, p. 13, l. 8; *inf.*, 'distribution,' 'વહેંચણી.' Cf. Av. 'to divide'," 'વહેંચવું,' Pers. بخشن 'to give,' 'આપવું.'

(*mêd*) Chap. III, § 1, p. 9, l. 8; *n.*, 'thoughts,'' 'વિચારો.' Cf. Av. Skr. मनस्, Paz. (*mit*) 'a thought' 'વિચાર,' Av. rt. 'to think,' 'વિચારવું.'

(*manîtunishna*) Intro., § 4, p. 2, l. 7; *n.*, 'thinking,' 'opinions,' 'precept'; 'વિચારવું,' 'મત,' 'ફરમાન.' Chaldæ *manit.*

(*mîyânjîgîh*) Chap. VIII, § 5, p. 19, l. 6; *n.*, 'mediatorship,' 'લવાદી.' Cf. Pers. میانجی 'a mediator,' 'લવાદ,' میانجی کردن 'to arbitrate,' 'લવાદી કરવી.'

(*mizda*) Chap. XVIII, § 1, p. 45, l. 5; *n.*, 'wages,' 'મજુરીના પૈસા.' Cf. Av. Pers. مزد (*muzd.*)

(*mûst-gurazîh*) Chap. XIX, § 33, p. 65, l. 2; *adv.*, 'helping in distress,' 'દુઃખમાં મદદ કરવી.' Cf. Pers. مست (*must*) 'trouble,' 'distress,' 'મુશ્કેલી,' 'દુઃખ,' and گرزیدن (*gurazîdan*) 'to help,' 'to cure,' 'મદદ કરવી.' 'સાજું કરવું.'

(*rûnîh*), Chap. VIII, § 15, p. 20, l. 7; *n.*, 'cause,' 'reason, 'કારણ,' 'સબબ.' Cf. Pers. رون

(*lâvak kardan*) Chap. XVIII, § 18, p. 47, l. 10; *n.*, 'supplication,' 'અરજ કરવી,' Cf. Pers. لاوکردن 'to supplicate,' 'કાલાવાલા કરવા.'

(*sûda*) Chap. VIII, § 13, p. 20, l. 5; *n.*, 'hunger,' 'ભૂખ;' Av. Skr. क्षुध्. In DP. *sûka*, a corruption of *sûda*.

(*sij*) Chap, XV, § 2, p. 34, l. 2; *n.*, 'destruction,' 'નાશ.' Cf. Av. rt. Skr. त्यज्, 'to abandon,' 'to decay,' 'છોડી દેવું,' 'કોહી જવું.'

(*sekûnishna*) Chap. XVII, § 1, p. 42, l. 2; *gerund*, 'severing with a knife,' 'છરીએ કાપવું.' Cf. Chaldæ *sekinâ*, 'a knife,' 'છરી.'

(*sûmbishna*) Chap. XVII, § 1, p. 42, l. 2; *n.*, 'piercing,' 'વોપવું.' Cf. Pers. سنب 'perforation,' 'piercing,' 'કાણું પાડવું,' 'ચોપવું.'

(*stavrîh*) Chap. XVII, § 4, p. 43, l. 2; *n.*, 'swelling,' 'સુજી આવવું.' Av. Skr. स्थविर, 'largeness,' 'thickness,' 'મોટાપણું.' 'જાડઈ.'

(*spar*) Chap. XVII, § 4, p. 43, l. 7; *n.*, 'spleen,' 'તલ્લી.' Cf. Av. Pers. سپرز

(*sashtan*) Chap. XIX, § 6, p. 59, l. 2; *inf.* 'to inflict' (a wound), 'જખમ કરવો.' Cf. Skr. शस्, 'a wound,' 'જખમ.' West reads it *sîkhtan*, 'to dissipate,' 'ખરાબ જીંદગી ગુજારવી.'

(*sis*) Chap. XIX, § 14, p. 61, l. 6; *adj.*, 'by jumping,' 'કુદીને.' Cf. Pers. سس (sis), 'leaping,' 'કુદવું.' West. *gâs*, 'place,' 'જગો.'

(*shâd-aûrvân*) Introduction, § 2, p. 1, l. 5, *n.*, 'a large tapestry suspended before the gate of a royal palace,' 'a halo round the moon,' 'an area,' 'પડદો,' 'વિસ્તાર.' Cf. Mod. Pers. شادُربان or شادُروان

UNIVERSITY OF CALIFORNIA LIBRARY
Los Angeles
This book is DUE on the last date stamped below.

REC'D LD-URL
QL APR 19 1993
MAR 24 1993

QL OCT 18 1993

REC'D LD-URL
MAY 18 1999
4 WK JUN 3 2000

REC'D YRL MAY 22 '00

Form L9–Series 4939

PK6197. D616 1874 15

University of California, Los Angeles
L 006 846 834 7